કુમાર

આદ્યતંત્રી · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક

વર્ષ ૨૦ · અંક ૧ · જાન્યુ. '૪૩

સંપાદક · બચુભાઈ રાવત

સળંગ અંક
૨૨૯



હરપ્રતિમા

(શિલ્પી · શકુન્તલા દીવાન



કુમાર
જાન્યુઆરી ૧૯૪૩
અંક ૨૨૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા


લેખો

વિભાગો


મુદ્રક-બચુભાઈ રાવત પ્રકાશક-રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬ા, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના. મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ; આર. આર. શેઠની કં. અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં: નૂતન ફોટો સ્ટુડિયો, રાવપુરા.



'અપોરા' ચિત્રકાર · રસિકલાલ પરીખ (મૂળ ચિત્રનું કદ ૨૦॥"×૧૫")



સંથાલ ગામડું
ચિત્રકાર • ભાનુ સ્માર્ત



'માધુર્ય છે કરૂણ ગાન મહીં જ શ્રેષ્ઠ.'
ચિત્રકાર • ઈશ્વરદાસ

આ જાન્યુઆરીમાં મુંબાઈમાં ભરાએલા 'બૉમ્બે આર્ટ સોસાએટી'ના વાર્ષિક પ્રદર્શનમાંનાં બે ચિત્રો
(બ્લૉકો • સોસાએટીના સૌજન્યથી)

વર્ષ ૨૦ **કુમાર** અંક

જાન્યુઆરી • ૧૯૪૩

મહાભારત કારજ કરવા

ગોકુળમાંથી સંચર્યા ગિરધારી,
મધુવનનો મારગ નિરધારી;
ગોકુળમાંથી સંચર્યા ગિરધારી.

ધમકે ઘોડીલાની ઘુઘરમાળા,
ફરકે ધ્વજપટ ગગને વિશાળા,
ગીત ગાતી વિલપે વ્રજબાળા;
ગોકુળમાંથી સંચર્યા ગિરધારી.

જસોદામાનાં નેણલાં ઝરતાં,
નન્દજી નીર પાંપણમાં ભરતા,
ગોકુળ ગામનું ગૌરવ સરતાં;
ગોકુળમાંથી સંચર્યા ગિરધારી.

હરિને વ્રજની વેલડીઓ નમતી,
શીંગ ઢાળી ગાવડીઓ પ્રણમતી,
રમતી વાયુલહરો અનુગમતી;
ગોકુળમાંથી સંચર્યા ગિરધારી.

સુનાંસૂનાં ગોકુળ ગોપીવાટ,
વિરહે વિધુરી વૃન્દાવનની વાટ,
ન્હાનો પડશે હરિને આ વિરાટ;
ગોકુળમાંથી સંચર્યા ગિરધારી.

જગજૂનો જમનાજીનો આરો,
ભણે ભુવનભુવન ભણકારો,
પૃથ્વી બોલે પધારો' પધારો';
ગોકુળમાંથી સંચર્યા ગિરધારી.

સાધુજનને રક્ષાછત્ર ધરવા,
ભરી ધરતીનો ભાર ઊતરવા,
મહાભારત કારજ કરવા;
ગોકુળમાંથી સંચર્યા ગિરધારી;
માનવવંશમાં પુણ્ય પાથરવા;
ગોકુળમાંથી સંચર્યા ગિરધારી.

Zinabhai Ratanji Desai

આંખે મોતીઓ ઉતરાવવાથી લખવા વાંચવાની છેલ્લા ચાર માસ સુધી દાકતરી મના હતી તે દરમ્યાન રચાએલાં ચાલીસેક કાવ્યો, જે 'પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ'ના નામથી ટૂંક વખતમાં પ્રકટ થનાર છે તેમાંનું એક. ગોકુળ છોડી મથુરા જતા કૃષ્ણનાં કાવ્યોમાં વ્રજવાસીના વિરહનું જ વર્ણન મોટે ભાગ અપાય છે. કુમારવય પૂરી કરીને યુવાના કર્તવ્યક્ષેત્રનો સાદ સાંભળી નીકળતા શ્રી કૃષ્ણના જીવનકાર્યનું સૂચન એ આ ગીતનો નવો વિચારભાગ છે.

(ઢાળ • ગરુડે ચડી આવજો ગિરિધારી)

દિલનો મર્મ

• ઝૂલણા •

આ મહાંભોધિ! માભોમની આ ધરા!
આજ પામું પુનર્યોગ પાછો,
હૃદયની સર્વ ક્લાન્તિ ટળે આજ ને
આંખનો ઓગળે સૌ અજંપો.

જિન્દગી માંહ્ય ઝિંદાદિલી જે મળી,
આર્દ્રતા અંકુરી જે ઉમંગે,
દૃષ્ટિનો ફેલાવ, કર્તવ્યદીક્ષા મળી
સ્વપ્નયે સર્વ પામ્યો હું અંકે.

પામવાને પુનઃ શરણ એ અંકનું
ખંડકાસારની ઉત્પલા, ઓ!
આવતો એ જ મહદાશસંમોહથી
સ્ફૂર્ત શાતદા થવા વત્સલા ઓ!

રમ્ય નિર્ઘોષ પ્રતિઘોષ પાડી રહી
ફરફરે હૃદય દે હલાવી,
નજરથી જરકસી રજનીની ના ખસે
મધુભરી રમ્ય રે રૌપ્ય પ્યાલી.

ગર્વથી ગેંદ ઉછાળતી ભાનુની
દોડતાં થાકથી લાલ થાતી,
એ ઉષા ને રમતિયાળ સંધ્યા ય શી
બેન બે ગૂઢ સંગીત ગાતી.

જોઈ ઉન્મત્તતા મત્ત હું યે બનું
ધારતો અધૃતિ ના ધરાઉં
દૃશ્યસંમૂઢ થાતાં જ જાદૂગરી
જતી સર્વ એ: હું જ હારું.

થનગને હૈયું ચતુરંતની સોડમે
ભવ્ય શી પ્રકૃતિની ઉજાણી
ખગગણો સર્વ ભરતા દિશા ગૌરવે
હું ય અમ્મર કરું આજ વાણી.

ગાજતા ઓ સખા! મૂક ઓ માવડી!
આજ દિલનો બધો મર્મ કે'તો;
જીવનાન્તે જ આરામ હો જ્યાં થતો
વ્યોમ-અબ્ધિ-ધરિત્રી ત્રિભેટો.

અશોક હર્ષ

ન જાણે!

• મિશ્રોપજાતિ •

માણે મઝા જે મરજીવ આદમી
અતાગ અંભોધિ તલેથી શોધતાં
અમોલ મોતી; કદિ તે ન જાણે
રાચન્ત જેઓ તટછીપલાંથી.

જશભાઈ કા. પટેલ

ઉદાર નમ્ર

વૈતાલીય •

ઉતરે પયવાદળી નીચે, ફલફૂલે તરુવેલડી લચે;
વિજયે શિર વીરનાં ઝુકે ઉદયે ઉચ્ચ ન નમ્રતા મુકે.

'ભાનુ'

★ 'કુમાર' ચાલુ રહે છે ★

'કુમાર' પ્રેમી જનતાને જાહેર કરતાં મને આનંદ થાય છે કે મારા ડિસેમ્બરના નિવૃત્તિનિવેદન પછી અમે જે મિત્રોએ મળી 'કુમાર' ચાલુ રાખવાની અપીલ બહાર પાડી હતી તેને સફળતા પ્રાપ્ત થાય એવો પ્રતિધ્વનિ બધી દિશાએથી મળ્યો છે. પરિણામે અમે આ નીચેની યોજના તૈયાર કરી જનતા આગળ રજૂ કરીએ છીએ, અને તેને પૂરેપૂરી વધાવી લેવામાં આવશે એવી આશાથી જ 'કુમાર'નો આ અંક આગળ ધપાવ્યો છે.

એમાં પંચાણું ટકા તો સફળતા મળશે જ એવી ખાતરી સાથે આ કામનો આરંભ કર્યો છે; છતાં ભારે મુશ્કેલીઓ કે કોઈ અણધારી આફતને લઈ તે યોજના મુલતવી રાખવી પડશે તો બહાર પડેલા અંકોનું લવાજમ બાદ કરી બાકીનું ગ્રાહકોને પાછું મોકલી દેવામાં આવશે. એવું કંઈ ન બને તેનો આધાર ઝડપથી આ યોજનામાં જોઈતી મૂડીનો જમાવ થવા પર છે. તેથી આશા છે કે પ્રત્યેક 'કુમાર'-શુભેચ્છક પોતાથી બનતો નાણાંકીય ફાળો આ સાથેના ફૉર્મમાં ભરી મોકલી અમને ઉપકૃત કરશે.

'કુમાર કાર્યાલય લિમિટેડ' સ્થપાયા પછી તેના વહીવટ અને આર્થિક જવાબદારીનો સર્વ ભાર તો કંપની ઉઠાવી લેશે; છતાં કુમાર અને કુમાર કાર્યાલયનાં હિતોમાં હું મારી શક્તિ અનુસાર પૂર્ણ રસ લઇ તેની ઉન્નતિ અને ઉત્કર્ષમાં સાથ આપતો જ રહીશ અને તેની પ્રત્યેક સફળતામાં આનંદ માનીશ.

ર. મ. રાવળ

કુમાર કાર્યાલયની પુનઃરચનાની યોજનાની રૂપરેખા

[આ પ્રૉસ્પેક્ટસ નથી]

(૧) 'કુમાર કાર્યાલય લિમિટેડ' એ નામની એક જૉઇન્ટ સ્ટૉક કંપની કાયદા મુજબ રજિસ્ટર કરાવી ઊભી કરવી.

(૨) મજકુર કંપનીની સત્તાવાર થાપણ રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ)ની, દરેક રૂ. ૨૦ (વીસ)ની દાર્શનિક કિંમતના ૫,૦૦૦ (પાંચ હજાર) શેરોમાં રાખવી; અને તે પૈકી હાલ રૂ. ૬૦,૦૦૦ (સાઠ હજાર)ની દાર્શનિક કિંમતના ૩૦૦૦ શેરો કાઢવા.

(૩) આ કંપની હાલના કુમાર કાર્યાલયની તમામ અસ્કયામત—કુમાર પ્રોસેસ સ્ટુડિયો નામનું બ્લૉકો બનાવનારૂં ખાતું તથા કુમાર પ્રિન્ટરી નામનું છાપખાનું તે બંનેની સર્વ મશીનરી, ઍપૅરેટસ, સાધન-સરંજામ, ફર્નિચર વગેરે સાથે, તેમજ 'કુમાર' માસિક તેના બધા બ્લૉકો, લાયબ્રેરી, પાછલી ફાઇલો, અંકો, તેમાંનાં ચિત્રો ને લખાણો તથા તેના કૉપીરાઇટો અને/અથવા તે છાપવા-છપાવવાના નિર્ણિત થએલા હક્કો વગેરે સાથે, તથા કુમાર કાર્યાલયનાં બધાં પ્રકાશનો, આલ્બમો વગેરે તેના કૉપીરાઇટો સાથે, તેમજ કાગળો, શાહી, કેમિકલ્સ તથા બીજી સામગ્રીનો સ્ટૉક સ્ટોર્સ વગેરે જે કંઇ હશે તે તમામ સાહિત્ય—તેના હાલના માલિક શ્રી રવિશંકર મહાશંકર રાવળ પાસેથી ખરીદી લેશે.

(૪) ઉપર મુજબની કુમાર કાર્યાલયની હાલની અસ્કયામતની કિંમત, હાલની બજારભાવને અનુસરી, નિષ્ણાતો નક્કી કરશે; અને જે કિંમત ઠરાવવામાં આવશે તે કિંમતે નવી કંપની તે ખરીદશે.

(૫) એ પ્રમાણે જે ખરીદ કિંમત શ્રી રવિશંકર રાવળને આપવાની નક્કી થાય તે પેટે, શ્રી રવિશંકર રાવળને, કાઢવામાં આવેલી થાપણના ½ ભાગના શેરો આપવામાં આવશે, અને બાકીનો અવેજ તેમને રોકડેથી, યોગ્ય વાર્ષિક હપતાથી, ભરપાઈ કરી આપવામાં આવશે; અને તેની બાકીની રકમ માટે શ્રી રવિશંકર રાવળ કંપનીના પ્રથમ હકના લેણદાર ગણાશે.

(૬) શ્રી રવિશંકર રાવળ, તેમનો 'કુમાર' અને કુમાર કાર્યાલય સાથેનો જેવો સંબંધ હતો તેવો જ સંબંધ નવી કંપની સાથે તેમજ તેની તમામ પ્રવૃત્તિઓ સાથે પણ ચાલુ રાખશે. કાર્યાલયનાં હિત તથા ઉત્કર્ષમાં તથા તેની તમામ પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ સાથ ને સહકાર આપવાની તેમણે ખાતરી આપી છે. ઉપરાંત, ભવિષ્યમાં કાર્યાલયની પ્રવૃત્તિ સાથે હરીફાઇ કરે તેવી બીજી કોઇ પ્રવૃત્તિમાં કોઈ રીતે નહિ જોડાવાની તેમણે કબૂલત આપી છે. એ વગેરેના બદલમાં નવી કંપની તરફથી શ્રી રવિશંકર રાવળને યોગ્ય માસિક પુરસ્કાર આપવામાં આવશે; અને આ પુરસ્કાર શ્રી રવિશંકર રાવળની હયાતીની મુદત, અથવા તો કુમાર કાર્યાલય લિમિટેડની નવી પ્રવૃત્તિ શરૂ થાય ત્યારથી દસ વર્ષ સુધી, એ બંનેમાં જે વધારે મુદત હોય તે મુદત સુધી આપવામાં આવશે.

● હું નિવૃત્ત જીવન ગુજારું છું, છતાં વેપારી મિત્રો વચ્ચે શેરો વેચવા માટે બનતી મહેનત કરીશ. (ડુંગરશી ધરમશી સંપત–કરાંચી)

● જો લિમિટેડ કરવા ઠરાવ્યું હોય તો બની શકશે એટલી જરૂર મદદ કરીશ. (સરોજબેન શાહ–મુંબઇ)

● લિમિટેડની યોજના જરૂર ખોટી નથી. I am wholly with you. (ડૉ. કાન્તિલાલ છ. પંડ્યા–આણંદ)

‘કુમાર’ની મોકૂફી જાહેર થતાં ગુજરાતના સમસ્ત વાચક જગતમાં એક અણધાર્યો વિક્ષોભ ઉત્પન્ન થયો હતો, અને શુભેચ્છક સામયિક પત્રો ઉપરાંત સંખ્યાબંધ કાગળો દ્વારા સમભાવનો જે ધોધ વહ્યો હતો તેણે ‘કુમાર’ને સંજીવન આપવાના વિચારોમાં સમર્થ પ્રેરણા આપી છે. તે સર્વનો ઋણસ્વીકાર કરી તેમાંના કેટલાક ઉદ્ગાર અહીં આપીએ છીએ.

● ‘કુમાર’નું પ્રકાશન મુલતવી રાખવા વિષેનું નિવેદન વાંચતાં અત્રેના યુવાનોમાં ભારે દુઃખ થયું છે. અમારી લાગણી દર્શાવતો તાર કર્યો છે . . . . ફરીફરી વિનતિ છે કે ‘કુમાર’નું પ્રકાશન બંધ કરવાના નિર્ણયમાં ફેરફાર કરી, રત્નોને છાને ખૂણેથી બહાર લાવવાનો પોતાનો વ્યવસાય તે ચાલુ રાખે તેમ કરો. તે માટે જરૂરી સાથ–શક્ય તેટલો બધો–અમો મોકલવા ખાત્રી આપીએ છીએ. (શ્રી ભારત નવયુવક મંડળ-મોંબાસા)

● I do trust that 'Kumar' which has done such good work will not cease publication and that it will be possible to divise a reasonable scheme to continue its publication.

(Ambalal Sarabhai)

● I can not tell with what pain I read your editorial in the December 'Kumar'. It is a heavy burden and not only is your strength not robust but you also carry many other responsibilities on your shoulders in addition to the editing of 'Kumar'.

I do hope that some of Ahmedabad's millionairs will realise that the loss of 'Kumar' will be a grave blow to culture and education and many others will feel the same.

(Rev. George Wilson)

શેર વગેરેની માહિતી આપશો જેથી હું મારાથી બનતી મદદ કરી શકું.
(અમૃતલાલ કાલિદાસ, શેરબ્રોકર–મુંબાઇ)

---

(૭) કુમાર કાર્યાલય લિમિટેડનો વહીવટ ડાયરેક્ટરોની બોર્ડની સામાન્ય દેખરેખ નીચે શ્રી બચુભાઇ રાવત મૅનૅજિંગ ડાયરેક્ટર તરીકે કરશે; અને તેમનો મૅનૅજિંગ ડાયરેક્ટર તરીકેનો કંપની સાથેનો કરાર યોગ્ય શરતોથી કંપનીના ડાયરેક્ટરો કરી આપશે.

(૮) કુમાર કાર્યાલય લિમિટેડના પાંચ અથવા તેથી વધારે સંખ્યાના શેરો ભરનારને ચાલુ (૧૯૪૩ની) સાલ માટે ‘કુમાર’ માસિક કાંઇ પણ લવાજમ લીધા વિના આપવામાં આવશે.

આ યોજનામાં કોઇ કાંઇ સૂચના કરવા માગતા હોય તો તેમના તરફથી તેવી સૂચના, આ અંક મળ્યા પછી આઠ દિવસની અંદર લખી મોકલવામાં આવશે તો તેના પર યોગ્ય વિચાર કરવામાં આવશે.

અમને આશા છે કે ‘કુમાર’ તરફ આજ સુધી જનતાએ જે સહાનુભૂતિ દર્શાવી છે તે અખંડ રાખી આ પુનઃરચનાને તે સાથ આપશે અને ભવિષ્યમાં તે અવિરતપણે ચાલુ રાખશે.

ચૈતન્યપ્રસાદ મો. દીવાનજી હરિનારાયણ ગિ. આચાર્ય બાબુરાવ કે. મહેતા
રવિશંકર મ. રાવળ બચુભાઇ પો. રાવત

[અહીંથી કાપીને ભરી મોકલવું]

[ખાનગી]

શ્રી ચૈતન્યપ્રસાદ મો. દીવાનજી તથા **શ્રી રવિશંકર મ. રાવળ**
કુમાર કાર્યાલય, રાયપુર, અમદાવાદ.

વિ. આપ હાલના કુમાર કાર્યાલયને જૉઇન્ટ સ્ટૉક કંપનીના રૂપમાં ફેરવી નાખી, તેના, દર રૂ. ૨૦) વીસનો એક એવા લિમિટેડ લાયેબિલિટીના શેરો કાઢવાના છો, એમ સમજીને લખવાનું કે આપ જે કંપની ઊભી કરવાના છો તેમાં અમો શેર નંગ .... અંકે .... રાખવા માગીએ છીએ. તો કંપની રજિસ્ટર થયેથી અમારી માગણી મુજબના શેરો અમારા તરફથી લેવા માટે જરૂરી વ્યવસ્થા કરવા આપને વિનતિ છે.

અરજી સાથે આપવાના દર શેર દીઠ રૂ. ૧૦ (દસ) લેખે રૂ. .... અંકે રૂપિયા .... આ સાથે મોકલ્યા છે.

પૂરૂં નામઃ ....

સરનામુંઃ ....

....

ધંધોઃ ....

લિ.

(સહી)

● ગમે તેમ, ‘કુમાર’ ચાલુ રહે એ જ મારે તો જોઈતું હતું. મારી સહાય, ઇનશાલ્લાહ, આપીશ. (યુસુફ એ. કે. દૈબુલ્લાભાઈ–સૂરત)

● અમારાથી બનતો બધો સાથ અમો સહર્ષ આપીશું.
(છો. લ. માકડ–વિદ્યાધિકારી પોરબંદર)

● ‘કુમાર’ બંધ થવા વિષેનો વિચાર જ અમને અસહ્ય લાગેલો. હવે અમે અમારાથી બનતું કરીશું. (સુમનભાઇ શેઠ–કરજણ)

મને મારી કિશોર અને કુમાર અવસ્થામાં, અને છેક હજી સુધી બત્રીસ વર્ષની ઉમરે પણ જે લાભ મળ્યો એ 'કુમાર'ની આજ સુધી સાચવેલી ફાઇલોને લીધે. કુમારજીવનની એ ગીતા ઘણું જીવો. (પ્રાણલાલ શેઠ–પારલા)

કુમાર કાર્યાલય ચાલુ રહે એવી ઇચ્છા છે. એમાં થોડો ફાળો આપવા મારા બાપાજી કબૂલ થયા છે. (જગદીશ ચંદુલાલ ગરચંટ)

અમે કોઇ શ્રીમંત માણસો નથી કે હજારો રૂપિયા કોઇને આપી શકીએ. પરંતુ 'કુમાર' અને એની સાંસ્કારિક સેવાના ધ્યેય પ્રત્યે અમારો સંપૂર્ણ સમભાવ છે. તે દર્શાવવાનો આજે સમય આવ્યો છે ત્યારે અમે નાપાસ થવાના નથી. તેને લિમિટેડ સંસ્થાના રૂપમાં મૂકવાની યોજના અમને ગમશે એટલે યથાશક્તિ તેના શેરો અમે પણ લઇશું.

(વીરસુત મહેતા–બાલમંદિર, માંગરોલ)

કોઇપણ યોજના મૂર્ત સ્વરૂપ લેતાં એને ટેકો આપવા હું તૈયાર રહીશ, કારણ 'કુમાર' એક માસિકપત્ર નથી, પરંતુ આદર્શો ઘડનારી એક પ્રજાકીય સંસ્થા છે. (બાલકૃષ્ણ પાઠક–પ્રિન્સિપાલ આયુર્વેદિક કૉલેજ બનારસ હિંદુ યુનિવર્સિટી–બનારસ)

આપે 'કુમાર'ને ચાલુ રાખવાને જે યોજના કરી છે તેને હું આવકારું છું ને તંત્રીમંડળે જે ઉત્સાહ દાખવ્યો છે તે બદલ અનેકાનેક ધન્યવાદ છે. (મુનિશ્રી પુણ્યવિજયજી–પાટણ)

નાણાં વિષયક બાબતમાં આપે કલ્પેલી વિગતસર યોજના જણાવી મને ઉપકૃત કરશો. હું મારાથી બનતી મદદ આપીશ. (કે. કે. ઠાકોર જ્યૂડિશિયલ સેક્રેટરી, જામનગર)

હું મારાથી બનતી મદદ કરીશ.

(શ્રી હંસાબેન મહેતા–મુંબઈ)

ગુજરાત માટે કુમારોમાં પ્રેરણા પ્રકટાવી તેમના જીવનરાહમાં આવતી અનેક મુશ્કેલીઓનો ઉકેલ આપતું કામ 'કુમાર' કરી રહેલ છે. એ બંધ થવાનું વાંચતાં ઘણાને આઘાત થયો જ હશે. નવી યોજના તૈયાર કરીને પણ 'કુમાર' ચાલુ રાખવાનો પ્રયત્ન અત્યાનંદ સાથે ધન્યવાદને પાત્ર છે...મારા તરફથી એ યોજનામાં રૂ. ૨૫નો સાથ આપી શકાશે.

(ત્રંબકલાલ બા. રાવળ–રનાળા)

'કુમાર'થી જો અનેકનું સારું ન થયું હોય તોપણ એકનું તો સારું થયું જ છે એનો હું પ્રત્યક્ષ પુરાવો છું. જે કંઈ બનશે તે કરીશ, તે હૃદયપૂર્વક હશે. (કુસુમા બી. જાડેજા)

હિંદુસ્તાનની ઔદ્યોગિક ઉન્નતિનો

ગઈ તા. ૨૩મી નવેમ્બર ૧૯૪૨ના રોજ કોઈ પણ પ્રકારની ધામધુમ વગર મુંબાઈમાં ઉજવાએલો શેઠ વાલચંદ હીરાચંદનો હીરક મહોત્સવ* એ એક વ્યક્તિનો જ નહિ પણ આપણા દેશમાંની આર્થિક અને ઔદ્યોગિક ઉન્નતિનો જાણે હીરક મહોત્સવ હતો. સાઠ વર્ષ પહેલાં ઉદ્યોગધંધાનાં ક્ષેત્રો મર્યાદિત હતાં અને તેના માલિક ઘણે ભાગે ગોરા લોકો જ હતા. ઇંગ્લંડમાં સ્થપાએલી પરદેશી કંપનીઓને હિંદમાં જોઇતી સગવડો આપવામાં સરકાર કર્ણ જેવી ઉદારતા બતાવતી; પણ એ ક્ષેત્રમાં સ્હેજ પગ મૂકનારા મહત્ત્વાકાંક્ષી હિંદીઓના માર્ગમાં કાયદેસર અડચણો નાખવામાં બાકી રહેતી નહિ. આજ પણ એવા કાયદા થોડા નથી; તોપણ વ્યાજબી હક્કો માટે સરકાર સાથે ઝગડીને પણ પોતાની પ્રગતિ કરી શકે એવા સમર્થ હિંદી વેપારીઓ ને કારખાનદારોનો સંઘ આપણા દેશમાં નિર્માણ થયો છે.

આજે હિંદુસ્તાનનાં મુખ્ય સ્થાનોમાં ઉદ્યોગધંધાનાં મહત્ત્વનાં કેંદ્રો સ્થપાયાં છે. દેશી કાચા માલમાંથી પાકો માલ તૈયાર કરવાનાં અનેક કારખાનાં શરૂ થયાં છે. વધતા ઉદ્યોગની જરૂરિયાત પ્રમાણે સમુદ્ર હઠાવવામાં આવે છે, ડુંગરો ખોદવામાં આવે છે, ખાણો ખોદાય છે ને પૂલો તથા બંધો તૈયાર થાય છે. આ ક્રાંતિકારક ફરક જેમણે પોતાની જહેમત ને જનતાની સહાયથી ઉપજાવ્યો છે તેવાઓમાં શેઠ વાલચંદ હીરાચંદનો હિસ્સો પ્રમુખ ગણાવો જોઇએ.

હિંદુસ્તાનનો એકે ભાગ એવો નહિ હોય જ્યાં એમનો કાર્યભાગ જોવામાં ન આવે. ત્રિચિનાપલ્લી આગળ તેટલાં જ અફઘાન સરહદ પર તેમનાં કૉન્ટ્રાક્ટનાં કામો જોવામાં આવે છે. કલકત્તા-જમશેદપુરના ઉદ્યોગધંધામાં તેમનો જેટલો હાથ છે તેટલો જ સક્કરના જળબંધમાં લાગેલો છે. તેમના કાર્યનો વિસ્તાર દેશભરમાં વ્યાપક છે. હિંદી રાષ્ટ્ર-ઔદ્યોગિક ક્ષેત્રમાં મોખરે આવે તે માટે તેમણે પ્રયત્નોની પરાકાષ્ઠા કરી બતાવી છે અને હજુ કરી રહ્યા છે, ને તેથી જ તેમનો હીરક મહોત્સવ રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે.

---

* જગતભરના યુદ્ધ અને રાષ્ટ્રની રાજકીય કટોકટીની પરિસ્થિતિને કારણે એ પ્રસંગે કોઈ પણ પ્રકારના સમારંભ કે વિશાળ કાર્યક્રમ ન થવા દેવાની ઈચ્છા શેઠે જણાવેલી હોઇ હીરક મહોત્સવ કમિટીએ માત્ર એમના જીવનકાર્યેનું ગૌરવ કરનારો એક સ્મૃતિગ્રંથ જ તે પ્રસંગે પ્રસિદ્ધ કરી એમને અર્પણ કરેલો.

અમારી ઇચ્છા છે કે 'કુમાર' ચાલુ રહે અને ગુજરાતને તેનો અવિચ્છિન્નપણે લાભ મળતો રહે. 'કુમાર' ચિરંજીવ હો. (રામપ્રસાદ બક્ષી પ્રિન્સિપાલ, પોદાર હાઈસ્કૂલ –સાન્ટાક્રૂઝ)

ગુજરાત જાન્યુઆરીથી પ્રથમ પંક્તિના માસિકને ગુમાવતું હતું, પણ ગુજરાતના સદ્‌ભાગ્યે તેના કોઈ સુપુત્રને માસિક ચાલુ રાખવાની યોજના સૂઝી. હું મારાથી બનતી આર્થિક મદદ અવશ્ય 'કુમાર'ને આપીશ. જો લિમિટેડ સંસ્થા કરશો તો હું તથા મારા કેટલાક મિત્રો શેરહોલ્ડર થશું જ.

(ધીરેન્દ્રકુમાર મનસુખલાલની કં. મુંબઇ)

અમો એક જણા શેર લઇશું. બધા ઘરાકો તરફથી એક એક શેર લેવામાં આવે તો સંસ્થાને ચાલુ રાખવાનું સહેલ થઇ પડે.

(મંગળદાસ મોતીલાલ ઝવેરી–મુંબઇ)

'કુમાર' ચાલુ રહેવું જોઇએ. મારાથી બનતી મદદ હું આપીશ.

(પુષ્પાવતી કાન્તિલાલ શેઠ–અમદાવાદ)

રૂા. ૫૦૦ સુધીના શેરો લેવા મારી ઇચ્છા છે. (વ્રજલાલ ગાંધી–મુલુન્ડ)

હું રૂપિયા અઢીસોના શેર લઈશ.

(મહીપતરામ રાવળ, રાવળ ટાઈલ્સ, મુંબાઇ)

હું એ કન્સર્નના રૂા. ૨૫૦ ના શેર લેવા તૈયાર છું. (મધુસૂદન પઢિયાર)

હું એકસો રૂપિયાના શેરો મારા નામથી ખરીદવા તૈયાર છું.

(શેઠ બીખાજી કામખાન–વળા સ્ટેટ)

'કુમાર'ને ચાલુ રાખવાની યોજના ઘણી ગમી છે. હું રૂ. ૧૦૦ની મદદ કરી શકું છું.

(જેઠાલાલ મેઘજી વાવડી–નાગપુર)

'કુમાર' માસિક બંધ ન પડે તે માટે પૂરો પ્રબંધ થવો જ જોઇએ. હું વધારેમાં વધારે રૂા. ૧૦૦નો શેર રાખી શકું.

(લાલબાવા હરિકિશનલાલજી–પોરબંદર)

'કુમાર' ચાલુ રહે તેમાં મારો સહકાર પૂર્ણ હૃદયથી છે. (છો. અં. દોષી–ધોળકા)

ઉષ:કાળ નજીક આણનાર સમર્થ ભારતશ્રેષ્ઠી.



શેઠ વાલચંદ હીરાચંદ

મુંબાઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાંથી બી.એ.નો અભ્યાસક્રમ પૂરો કર્યા વિના જ યુવાન વાલચંદ પોતાને ઘેર સોલાપુર આવ્યા, કારણ કે તે જ વર્ષે તેમના બે ભાઇ મૃત્યુ પામવાથી વડીલોને મદદ કરવાની તેમને જરૂર લાગી. હીરાચંદ શેઠને સુતરાઉ માલની દુકાન હતી અને તેમનો વેપાર પણ ઠીક ચાલતો હતો. એ જ દુકાનમાં વાલચંદ બેસવા લાગ્યા. થોડા સમય બાદ તાલીકોટામાં પોતાના આડતિયા શેઠ લાડાજી મુંદ્રાજીની પાસે કેટલાક દિવસ જઇને રહ્યા અને ત્યાં હિસાબકિતાબ, માલની પરીક્ષા તથા વેપારી ઉથલપાથલ ઇત્યાદિ બાબતોમાં અનુભવ તથા માહિતી સંપાદન કર્યાં. પણ વડીલના ધંધામાં વાલચંદનું મન જોઇએ તેટલું ખૂંચ્યું નહિ. કંઈ નવીન સ્વરૂપની કામગીરી કરી બતાવવાની તેને મહત્ત્વાકાંક્ષા હતી, પણ શું કરવું તે સૂઝતું નહોતું.

એવામાં સોલાપુરની મિલના એક મૅનેજરે હજરતખાન નામના એક ફાયરમૅનને વાલચંદની ઓળખાણ કરાવી. હેતુ એ હતો કે હજરતખાનને વાલચંદ કંઈક રકમ ધીરે અને તે મદદ લઈ હજરતખાન મિલને બાળવાનાં લાકડાં પૂરાં પાડવાનો કૉન્ટ્રૅક્ટ કરે. સમય વીત્યે તે યોગ્ય હપ્તાથી રકમ પાછી ભરી આપે. જોકે રકમનો આંકડો મોટો નહોતો, તેમ એ વ્યવહારમાં જોખમ પણ બહુ નહોતું; છતાં વાલચંદનો આ વ્યવહાર વડીલો અને લાગતાવળગતાને ગમ્યો નહિ. તેમને મન ઉધડ કે કૉન્ટ્રૅક્ટનું કામ પ્રતિષ્ઠિત નહોતું અને તે વખતના હિસાબે તેમની માન્યતા ખોટી પણ નહોતી. તોપણ કંઇક નવીન–કંઇક વિશેષ કરી બતાવવાને ઉત્સુક થએલા વાલચંદે વડીલોનો વિરોધ અયોગ્ય છે એમ કહી આગ્રહથી હજરતખાનને મદદ કરી. ખાનસાહેબે થોડા જ વખતમાં સર્વ રકમ સવ્યાજ પાછી આપી. (આ જ ખાનસાહેબ પાછળથી મોટા કૉન્ટ્રૅક્ટર થયા, મક્કાની હજ કરી આવ્યા અને સરકાર પાસેથી ખાનબહાદુરનો ખિતાબ પામ્યા. સર અબ્દુલ લતીફ તેમના જ પુત્ર થાય.)

પણ હજરતખાન મારફત થએલી લાકડાની એ ઈજારદારીમાં વાલચંદની કામગીરી કોઇ પ્રત્યક્ષ સ્વરૂપે નહોતી. એથી માત્ર પોતાની દુકાનના વ્યાપારી વર્તુલ બહાર તેને નજર કરવાની તક મળી એટલું જ. કૉન્ટ્રૅક્ટનું કામ પ્રત્યક્ષ જવાબદારીથી કરવાનો યોગ તો તે પછી થોડા દિવસે મળ્યો. સોલાપુરના રેલ્વે એન્જીનીઅરની ઑફિસમાંના માજી કારકૂન શ્રી ફાટક સાથે વાલચંદને પરિચય થઇ ગયો. બાર્શી લાઇટ રેલ્વેની મેડશીથી તળવળની સાત માઇલની રેલ સડક તૈયાર કરવાનો કૉન્ટ્રૅક્ટ ફાટકે મેળવ્યો હતો. તેને વાલચંદ પાસેથી આર્થિક મદદ લેવાની જરૂર પડી. આ વખતે પણ વડીલોએ કચકચ કરી, પણ વાલચંદે તો આત્મવિશ્વાસથી આ નવીન ઉદ્યોગમાં ભૂસકો માર્યો. નવાઇની વાત તો એ હતી કે ફાટક કે વાલચંદ એમાંથી કોઇ એન્જીનીઅરિંગ લાઈનના જ્ઞાતા નહોતા; છતાં કેવળ હિંમતથી જ એ કામગીરી તેમણે યશસ્વીરીતે પાર પાડી.

બંનેને ધાર્યા કરતાં વધુ નફો મળ્યો. ૧૯૦૫ની સાલથી ફાટક અને વાલચંદ ભાગીદારીથી કામ કરતા થયા અને ૧૯૧૫માં ભાગીદારી મૂડીથી ફાટક ઍન્ડ વાલચંદ લિમિટેડ નામની કંપની તેમણે સ્થાપી. બાર્શી લાઇનના પહેલા કામ પછી નવાંનવાં મોટાંમોટાં કામો વાલચંદને મળવા લાગ્યાં. દોષ વગરના અને ટકાઉ કામ કરનારા તરીકે તેમણે લોકમત મેળવ્યો અને સરકારી–બીનસરકારી તેમજ ઇતર સંસ્થાઓ રચનાત્મક કૌશલ (કન્સ્ટ્રક્શનલ એન્જીનીઅરિંગ)નાં કામો વિશ્વાસથી તેમને સોંપવા લાગ્યાં અને ધંધો વધી ગયો.

મોટાંમોટાં કામો સફળતાથી પાર ઉતારવામાં વાલચંદ શેઠની પાસે પોતાની વિશિષ્ટ રીત છે. સરકાર–દરબારનું કામ હોય ત્યાં પત્રવ્યવહાર લંબાય, મંજૂરી માટે સત્તર કારકૂન અને અઢાર ફાઈલ ફંફોળાય, તે પછી સાહેબની સહી થાય.–એ બધામાં ખૂબ કાળવ્યય થાય છે. તે ઉપરાંત કામ અને તેની રકમની મંજૂરી માટે જે કષ્ટ અને સંયમ ભોગવવાં પડે તેની કલ્પના જ કરી લેવી. તે બધા પર કાળવ્યય કરવાની પદ્ધતિ તેમને બિલકુલ પસંદ નથી. જાતે હાજર થઇ બધી વાતના ખુલાસા જલદી કરી ઝડપથી કામ આટોપવામાં જ તેઓ માને છે. બીજા આસ્તેકદમ કામ કરનારા કૉન્ટ્રૅક્ટરો તેમની સાહસિક વૃત્તિને તો શુદ્ધ મૂર્ખતા કહ્યા વિના રહે નહિ. મુંબાઈની હાર્બર બ્રૅન્ચ લાઇનનું કામ તેમણે લીધું ત્યારે કઈક કૉન્ટ્રૅક્ટરો બોલ્યા કે 'આ શેઠ પોતાનો જરીનો ફેંટો વેચીને જવાના!' પણ એ આગંગળ ભવિષ્ય તદ્દન ખોટું ઠર્યું. તેમના કામમાં ઝડપ આશ્ચર્યકારક હોય છે. એકવાર તેમણે એક રેલ્વેનો મોટો કૉન્ટ્રૅક્ટ રાખ્યો હતો. રેલ્વેના ઇજનેર તપાસ કરવા આવ્યા ત્યારે અર્ધ ઉપર કામ પૂર્ણ થઈ ગએલું! એ કામ પર એક બે મહિના લાગશે એવો રેલ્વે ખાતાનો અંદાજ હતો, પણ આપેલી મુદત કરતાં બે દિવસ વહેલું ને પાકું કામ થઇ ગયું

ગયા મહાયુદ્ધ વખતે એક ઠેકાણે બરાક બાંધવાનું કામ તેમણે હાથ પર લીધું. કૉન્ટ્રૅક્ટ મંજૂર થવાનો કાગળ હાથમાં આવતાં જ તે પોતાનાં અંગનાં માણસોને લઈ બાંધકામની જગ્યા પર રેલ્વેમાં ગયા. ત્યાં એક દુકાનમાંથી થોડી બિસ્કિટ લેવા એક ટાંગામાં બેસી નીકળ્યા. ટાંગાવાળા સાથે સહજ વાતચીતમાં ટાંગો અને ઘોડો વેચાતા લઈ લીધા અને ટાંગાવાળાને નોકર રાખી લીધો! બિસ્કિટ લઇને આવ્યા એટલે એ જ ટાંગામાં ફરીને ગામમાંનાં ખાલી ઘર ભાડે રાખી લીધાં

અને મુંબાઈ તાર કરી માણસોને તૈયાર થઈ આવવા જણાવ્યું. અહમદનગરથી તાર કરી વધારે ટાંગા મંગાવ્યા. ઠરાવેલે સમયે એન્જીનીઅર, મજૂર, સામાન અને માલ આવી લાગ્યાં ને કામ ચાલુ થઈ ગયું.

ભોરઘાટમાંથી આપણે ઘણાએ પ્રવાસ કર્યો હશે અને તેનો પ્રચંડ બોગદો જોઈ આશ્ચર્ય થયું હશે, પણ એ કામ વાલચંદ શેઠનું છે એ હકીકતની જાણ આપણામાંના ઘણાને નહિ હોય. પહેલાં ત્યાં રીવર્સિંગ સ્ટેશન હતું; એટલેકે ગાડીને ચક્કર મારી જવું પડતું. તેમાં ગાડીને ચડવા ઊતરવાની બહુ મુશ્કેલીઓ હતી અને વખતને અપવ્યય થતો. તેથી એક સીધો બોગદો (છિદ્ર) પર્વતમાં પાડવાની યોજના રેલવેએ કરી. તે વિષે વાલચંદ સાથે વાત કરતાં જી.આઈ.પી.ના ચીફ એન્જીનીઅર બોલ્યા: ‘આ કામ ઉપાડનાર કુશળ કારીગર હિંદુસ્તાનમાં નથી; પણ ઈંગ્લંડમાં પ્રસિદ્ધ થતા એન્જીનીઅર્સ એસોસીએશન જર્નલમાં એ કામના એક નિષ્ણાતે લખેલો લેખ મેં જોયો છે. એ માણસને હિંદુસ્તાનના બોગદાનાં કામની આવડત છે. અત્યારે મને તેનું નામ યાદ નથી.’ આટલું જાણતાં જ વાલચંદે ઇંગ્લંડમાં તે પત્રના સંચાલકને તાર કરી તે નિષ્ણાતનું નામ, ઠેકાણું અને હોદ્દો વગેરે મેળવ્યાં અને તે ગૃહસ્થ આફ્રિકાના નૈરોબી શહેરમાં કામ કરતા હતા ત્યાં તાર કરી પુછાવ્યું કે આ કામગરી માટે તે હિંદુસ્તાન આવવા ખુશી છે કે નહિ! જવાબ મળ્યો કે તે એન્જીનીઅરની પત્ની રજામાં ઇંગ્લંડ જવા ઇચ્છે છે તેથી તે હિંદમાં આવવા ખુશી નથી.

તે પર વાલચંદ શેઠે ક્ષણ પણ વિલંબ ન કરતાં તારથી પૈસા મોકલી તેને સકુટુંબ હિંદુસ્તાન આવવાની સર્વ તજવીજ કરી આપી; ઉપરાંત તેના પગારની રકમ વગેરે માટે મોટી રકમ તેના નામથી બૅંકમાં જમા કરી આપી. આ પ્રમાણે લાયક માણસની ઊણપ દૂર કરી તેમણે આવશ્યક યંત્રસામગ્રી ભેગી કરવા માંડી. તેમાં યે અડચણો ઘણી પડી, છતાં પૈસા કરતાં કામની કિંમત વધારે છે એમ માની કસર કર્યા વિના સર્વ સામાન એકઠો કર્યો. આમ, સર્વ તૈયારી અલ્પાવધિમાં થએલી જોઇ રેલવે એન્જીનીઅર ચકિત થઇ ગયો, પણ તેણે એક નવો ભય બતાવ્યો કે રેલવે ખાતા મારફત જ આ કામ થવું જોઇએ એવું જો સરકારી ફરમાન થાય તો તેમાં જરૂરી સર્વ સાધન તમારી માલિકીનાં હોવાથી ખાતાની સ્થિતિ વિચિત્ર થાય. પરંતુ આ આકસ્મિકતાથી પણ વાલચંદ ડગ્યા નહિ. તેણે સર્વ સાધન મૂળ કિંમતે રેલવે ખાતાને સ્વાધીન કરી એ અડચણ દૂર કરવાની તત્પરતા બતાવી! પછી સરકારી તંત્ર તરફથી કાંઈ વાંધો ન લેવાયો ને તે કામ વાલચંદ શેઠને જ મળ્યું અને પૂર્ણપણે પાર ઊતર્યું. બાંધકામના એક અનન્ય–સાધારણ નમૂના જેવો ભોરઘાટનો એ બોગદો જગત્‌ભરમાં અમર થયો અને તે સાથે વાલચંદ હીરાચંદનું નામ પણ સર્વતોમુખી બન્યું.

૧૯૧૮માં મુંબાઈના સંવર્ધન માટે નિરનિરાળી યોજનાઓ ગવર્નર જ્યૉર્જ લૉઇડે કાઢી. તેમાં મુંબાઈ શહેરની ગલીઓનો નાશ કરવો, રસ્તા મોટા કરવા, પાણીનાં સાધન સુધારવાં, બૅક્બેનો દરિયો પૂરી ત્યાં ઉચ્ચ વર્ગ માટે ઈમારતો કરવી, એવી અનેક પ્રકારની પુનઃરચના તે યોજનામાં હતી. ગોરા લોકોના હાથમાં આ યોજના સોંપવી એવો પ્રાંતીય સરકારનો હેતુ સરકારી પત્રોમાં સ્પષ્ટપણે દેખાતો હતો. પણ એની સામે વાલચંદ શેઠે સવિસ્તર ચર્ચાપૂર્વક આંકડા સાથે એક પરિણામકારક પત્રક મુંબાઈના ‘બૉમ્બે ક્રૉનિકલ’પત્રમાં પ્રકટ કર્યું.

તે પત્રે ખુદ ગવર્નરનું ધ્યાન ખેંચ્યું અને મુંબાઈમાં એક મોટી કન્સ્ટ્રક્શન એન્જીનીઅરિંગ ફર્મ કાઢવાની જરૂર સર દોરાબ તાતાની આગળ જણાવી. તાતાએ એ કામ ખુશીથી સ્વીકાર્યું અને તેમાં સહભાગી થવા વાલચંદ હીરાચંદને આમંત્રણ આપ્યું. તેમણે આ સંધિ આનંદથી વધાવી અને ‘ટાટા કન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ’ના મૅનેજિંગ ડાયરેક્ટર થયા. મુંબાઈ શહેરનાં ઘણાં પ્રચંડ કામો આ કંપની મારફત વાલચંદ શેઠના સંચાલન નીચે પાર પડ્યાં.

તાનસાતળાવનું પાણી શહેરમાં આણવાનું કામ કાળા લોકોને હાથે પાર પડવાનું જ નહિ, ગોરા લોકોનું જ એ કામ, એવું ઘણા બોલતા; પણ વાલચંદ શેઠે એ કામગીરી સરસરીતે પાર પાડી. પછી એ કંપનીમાંથી તાતા છૂટા થયા એટલે પ્રીમીઅર કન્સ્ટ્રક્શન કંપનીના નામથી વાલચંદ શેઠે મોટાંમોટાં કામ કર્યાં. નર્મદા નદી પરનો જી.આઇ.પીનો પૂલ, ઈરાવદી પર માંડલે નજીકનો પૂલ વગેરે તેની સિદ્ધિઓ છે

‘પ્રીમીઅર’નું એક પ્રશંસનીય કામ તે હિંદી હ્યુમપાઈપનાં કારખાનાં છે. વાલચંદ શેઠ ઈંગ્લંડમાં હતા ત્યારે એ પાઇપના જનક હ્યુમ સાહેબ સાથે તેમણે સંબંધ બાંધ્યો ને તેના હાથ નીચે શિક્ષણ લેવા પોતાના એન્જીનીઅરોને મોકલ્યા, એટલું જ નહિ પણ ખુદ હ્યુમ સાહેબને હિંદુસ્તાનમાં તેડાવીને મૃતપ્રાયઃ થએલો એ ધંધો સજીવન કર્યો. આજે તો હિંદમાં બનેલી હ્યુમ પાઇપો એક લાઈનમાં સાંધો તો ગંગોત્રીનાં પાણી રામેશ્વર સુધી સહજમાં લઈ જવાય!

પૂલો બોગદા, પાઇપો, ઈમારતો વગેરેનાં બાંધકામોથી વાલચંદ શેઠનાં કાર્યક્ષેત્રો મર્યાદિત નથી. ખેતીનો ધંધો પણ તેમને રાષ્ટ્રીય મહત્ત્વનો લાગ્યો છે અને નાસિક જિલ્લામાં માલેગાંવ પાસે રાવળ ગામમાં મોટા પ્રમાણ પર ને આધુનિક સાધનોથી તેમણે ખેતી કરાવી છે. શેરડી, કપાસ, તમાકુ, મરચાં, કેળાં ઈત્યાદિનો ઉછેર ત્યાં થાય છે અને તેમનું મોટું સાકરનું કારખાનું પણ ત્યાં જ છે. ખેતીના કામમાં તેમની પૂર્ણ માહિતી હોવાથી, આજના વાઇસરૉય લૉર્ડ લિનલિથગોના પ્રમુખપદ નીચે ૧૯૨૬ની સાલમાં આવેલા બાદશાહી કમિશન આગળ ખેતીસુધારણા ઉપર તેમણે મહત્ત્વની સાક્ષી આપી હતી. હિંદી સાકરને સરકારી સંરક્ષણ અપાવવાના કામમાં વાલચંદ શેઠનો પરિશ્રમ મુખ્ય કારણભૂત થયો છે. રાવળ ગામ પ્રમાણે જ પૂના જિલ્લામાં કલંબ આગળ તેમનું સાકરનું કારખાનું છે ને તે અતિ વિસ્તારમાં હોઇ ત્યાં આધુનિક પદ્ધતિએ તેમણે ‘વાલચંદ નગર’ વસાવ્યું છે.


બારામતીની પાસે આવેલી આ વસાહતમાં દર વર્ષે લાખો મણ સાકર તૈયાર થાય છે. ત્યાંની વ્યવસ્થા તેમના નાના બંધુ શેઠ ગુલાબચંદ સંભાળી રહ્યા છે અને વડીલ બંધુને સંતોષ થાય એટલો વિસ્તાર અને વ્યવસ્થા કરવાની શક્તિ તેમણે બતાવી છે.

યોજનાચાતુર્ય ધનવિપુલતા, સ્થાપત્યની નવી કલ્પના, ઉચ્ચ પ્રકારની રસિકતા, શુદ્ધ સહાનુભૂતિ, દરેક પ્રકારની બારીક નોંધણી, વધતી આકાંક્ષા અને વિશાળ વિસ્તારનો એક હાથે વહીવટ, વગેરે બાબતોથી અધિકાધિક ખીલી ઊઠેલી ગોઠવણવાળી એ વસાહત મુલાકાતયોગ્ય બની છે.

પ્રત્યેક ઠેકાણે પાણીનાં ખળખળાટ વહેણો અને શેરડીનાં લીલાંછમ વાઢોવાળી આ ભૂમિ આજની છેલ્લી પદ્ધતિ મુજબ ગ્રામીણ મુલકમાં નગરસંસ્કૃતિનું ઉત્થાન પામી રહી છે. કારખાનાના અધિકારીઓ અને કામદારોનાં ઘર જોતાં, સોઈ હવા અને નીરોગિતાનો એવો સંગમ વિરલ જ જણાય. વસાહતમાં સ્પૃશ્ય–અસ્પૃશ્યના ભેદો નથી, ઠેરઠેર ઉપવન બાગીચા બનાવ્યા છે, કુંડો બનાવ્યા છે અને એટલા લોકોની જરૂરિયાત પ્રમાણે એક બજાર પણ બાંધ્યું છે.

કારખાનાનું ક્ષેત્રફળ ૪૦ ચોરસ માઈલ અથવા ૨૭ હજાર એકરનું છે. એટલા વિસ્તાર પર વિવિધ પ્રકારનાં કામો ચાલતાં હોવાથી જુદી-

સક્કર બૅરેજઃ સિંધની સૂકી ધરતીને પરિપ્લાવિત કરતી માનવીએ સરજેલી મોટામાં મોટી યોજના



સિંધમાં સક્કર શહેર પાસે આવેલા અને એ પ્રાંતની એંશી લાખ એકર કરતાં યે વધુ જમીનને પાણી પૂરૂં પાડતા 'લૉઈડ બૅરેજ' (જે સામાન્યરીતે સક્કરબૅરેજના નામથી ઓળખાય છે) ના જંગી બંધની યોજના માનવીએ સરજેલી મોટામાં મોટી ઈરીગેશન યોજના ગણાય છે. દૂરદૂરથી વહી આવતી સિંધુ નદીનું પાણી એ બંધ વડે રોકીને તેને કેવી રીતે ઉપયોગમાં લેવામાં આવે છે તે બાજુના કાલ્પનિક ચિત્રમાં બતાવવામાં આવ્યું છે. બંધમાં ૬૬ કમાનો છે, ને તે દરેકમાં એક એક દરવાજો છે, જે, નદીમાં પૂર આવે ત્યારે વધારાના પાણીને વહી જવા દેવા માટે જરૂર પડે તેમ ખોલી નાખવામાં આવે છે. આમ, એ બંધથી રોકાઈને બનેલા એ વિરાટ જલાગારમાંનું પાણી, બે પડખે સામસામે કિનારે બાંધેલા બે નાના બંધના દરવાજાઓ પાસે, મોં ફાડીને પડેલી ત્રણ ત્રણ મોટી નહેરો વાટે અસંખ્ય નાની નાની નહેરોમાં વહેવડાવી દૂરદૂરની ધરતીને પરિપ્લાવિત કરવા ખેંચી જવામાં આવે છે; અને એ રીતે ૬૫,૦૦૦ માઇલની નહેરો વાટે સિંધની તૃપ્ત થએલી ધરતી દર વરસે ૨૫ લાખ ટન વધુ અનાજ ઉગાડતી થઇ છે. (Courtesy: The World of Wonder)

જુદી વસતિ ત્યાં બંધાઇ છે. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ પણ ત્યાં છે ને શિક્ષણ તદ્દન મફત છે. અંગ્રેજી ને દેશી પદ્ધતિનાં દવાખાનાં પણ છે અને કામદારવર્ગમાત્રને તેમજ આસપાસનાં ગામડાંના રહીશોને ઔષધ મફત મળે એવી સગવડ કરી છે. પ્રસૂતિગૃહની સ્વતંત્ર વ્યવસ્થા કરી તે માટે નિષ્ણાત નર્સો નીમવામાં આવી છે. ત્યાં ગરીબ ઘરની સ્ત્રીની સુવાવડ પાંચ રૂપિયામાં થાય છે અને અધિકારીવર્ગને ૧૫ રૂપિયા પડે છે. સંધ્યાકાળે નગરના બધા લોકોને રમતગમત માટે એક પટાંગણ અને ક્રીડામંદિર, તેમજ જિમખાના, વાચનાલય વગેરે બાંધવામાં આવ્યાં છે નજીકમાં અતિથિગૃહ પણ બંધાયું છે. દિક્સલ સ્ટેશનથી વાલચંદ નગર સુધી જવાને શેઠની મોટર સર્વિસ છે અને એ ૪૦ માઇલના ક્ષેત્રમાં બધી તરફહરફર સરળ બનાવવા ૬૮ માઇલનો રેલવે રસ્તો પણ પાડવામાં આવ્યો છે. નીરા નદીની બંને બાજુએ શેરડીનાં ખેતરો હોવાથી નદીની ડાબી જમણી બંને બાજુથી નહેરોનાં પાણીનો ભરપૂર લાભ મળે છે.

ગંજના ગંજ શેરડી પીલાય ત્યારે ત્યાં અમાપ ચારો તૈયાર થાય. તેનો ઉપયોગ કરી લેવા દુગ્ધાલયની કલ્પના શેઠને સ્ફૂરી ને પરિણામે આધુનિક ઉપકરણોથી સજ્જ એક ડેરી કાઢી. ત્યાં ૪૫૦ જેટલી ભેંસો રાખી છે ને ત્યાંથી ૧૦ મણ દૂધ રોજ રાતે મુંબાઈ રવાના થાય છે.

અહીંનું સાકરનું કારખાનું તો એક પ્રચંડ યોજના છે. રેલવેના ડબામાંથી કારખાનાના મોંમાં શેરડી પડયા પછી તેની સાકર બનતાં સુધી જે વિવિધ પ્રકારના સંસ્કાર થાય છે તેની વિગત તો પ્રત્યક્ષ જોનારને જ સમજાય. આ કારખાનામાં દર સાલ ૫૦ લાખ મણ શેરડી પીલાય છે અને પાંચ લાખ મણ સાકર તૈયાર થાય છે.

ત્યાંનાં સ્ટોર હાઉસ (સર્વ સંગ્રહ મંદિર)માં એક સ્ક્રૂથી માંડી લોખંડના પાટડા સુધી કારખાનામાં જે કંઈ જોઇએ તે મળે એવી વ્યવસ્થા છે. ત્યાંના અધિકારીમાં સ્મરણશક્તિ અને વ્યવસ્થા અવશ્ય જોઇએ અને એવા માણસો ત્યાં મળી રહ્યાં છે.

ગુલાબચંદ શેઠની હિંદુત્વનિષ્ઠા મશહૂર છે. પહેરેગીરોના પોશાક સુદ્ધાં માવળી ઢબના જ રાખ્યા છે. જ્યાંત્યાં આર્ય સંસ્કૃતિનું દૃષ્ટિબિંદુ સાચવવા પ્રયત્ન દેખાય છે. તેમના હાથ નીચે ૧૮ ખેતીવાડીના પદવીધરો, ૧૦ મિકૅનિકલ એન્જીનીઅરો, ૧૨ રસાયન પદવીધરો, ૧૦ સાદા પદવીધરો, ૩ કાયદાબાજો, ૨ મેડિકલ ગ્રૅજ્યુએટ, ૨ વૈદ્ય, ૨ સિવિલ એન્જિનીઅરો, ૧ વેટરનરી સર્જન (પશુ ચિકિત્સક), ૨૨ શિક્ષક અને મિલના કામદારવર્ગના કંઈ નહિ તો

૯ હજાર માણસો—એટલી માનવવ્યવસ્થા છે, જે એકલા હાથે સાચવવી મુશ્કેલ છતાં ગુલાબચંદ શેઠ સરળતાથી નિભાવે છે.

હિંદુસ્તાનમાં વિમાનનું કારખાનું કાઢવાની બાબતમાં પણ સરકારી ધોરણના ખીલા આડા આવતા. પરંતુ લશ્કરી દૃષ્ટિએ આ દેશમાં વિમાન તૈયાર કરવાની જરૂરિયાત જણાવાથી વાલચંદશેઠને વિમાનનું કારખાનું શરૂ કરવાની સરકારે પરવાનગી આપી. તે વખતે સાનફ્રાન્સિસ્કોથી વાલચંદશેઠ વિમાનમાં આવવાના હતા. ચીની સરકારને વિમાન પુરવઠો કરનાર અમેરિકન વેપારી મિ. પૉવેલ એ જ વિમાનમાં ચીન જવાના હતા એવા ખબર એમણે વર્તમાનપત્રમાં વાંચ્યા, એટલે વિમાન ઉપર જ મિ. પૉવેલ જોડે તેમણે નાતો બાંધ્યો અને પ્રવાસના પાંચમા દિવસે મનિલાથી હિંદુસ્તાનના સર સેનાપતિ પર તાર કર્યો કે મારી સાથે મિ. પૉવેલ આવે છે, એટલે હિંદુસ્તાનમાં વિમાનનું કારખાનું શરૂ કરવા બાબત અમને મુલાકાત આપો. પણ નકટીના લગ્નમાં હોય એટલાં વિઘ્ન સરકારી કામમાં હોય છે. તે તાર પહોંચ્યો કે નહિ તેના ખબર પણ સરકાર તરફથી તેમને મળ્યા નહિ. ૧૯૩૯થી ૧૯૪૦ સુધીમાં સરકારી બરફ પીગળ્યો, ત્યારે પૉવેલ સાહેબને મુલાકાત માટે લાવવાની મંજૂરી મળી. વિમાન અને કારખાનાની મંજૂરી મળતાં જ વાલચંદ શેઠને તેની સર્વ સિદ્ધતા અત્યંત ત્વરાથી કરાવવી પડી અને તે પણ વીજળીક ઝડપે.

સિંધિયા સ્ટીમ નૅવીગેશન કંપનીની તેમણે કરેલી ઉત્પત્તિ પણ એવી જ આકસ્મિકરીતે થઈ. ૧૯૧૯ના જાન્યુઆરીમાં વાલચંદ શેઠ દિલ્હીથી આવતા હતા. ગ્વાલિયર સ્ટેશને તેમને ઇલેક્ટ્રિકલ એન્જિનીઅરિંગ સાથે સંબંધ ધરાવતા વૉટસન નામના એક ગૃહસ્થ ભેટી ગયા. તેની સાથે વાત કરતાં શેઠ સમજ્યા કે સિંધિયા સરકારે ખરીદેલું 'એસ.એસ. લૉયલ્ટી' નામનું જહાજ વેચવાનું છે. બોરીબંદર સ્ટેશને ઊતરતાં જ શેઠજીની સવારી સીધી ગોદીમાં પહોંચી. ત્યાં જહાજની તપાસ કરી અને કિંમત વિષે ચોકસી કરી, સર લલ્લુભાઈ સામળદાસ, હીરાચંદ દેવચંદ, નરોતમ મોરારજી વગેરે મિત્રો સાથે વાતચીત કરી જહાજનું ખરીદીખત તે જ દિવસે કરી નાખ્યું અને તે પછી ૨૭મી માર્ચ ૧૯૧૯ને રોજ સિંધિયા સ્ટીમ નૅવીગેશન કંપનીની સ્થાપના થઈ. ૫ મી એપ્રિલે લૉયલ્ટી જહાજનો વાલચંદ સાથે પ્રથમ પ્રવાસ થયો. તે પછી ઇંગ્લંડની રૅલેસ શિપિંગ કં. પાસેથી છ વધારે જહાજો લીધાં. ગોરા લોકોની વારસની માલિકી કાળા આદમીના હાથમાં જાય તે ઇંગ્લંડના શિપિંગ કૉન્ટ્રોલરને રુચ્યું નહિ. તેણે શક્તિ પ્રમાણે અડચણો નાખવા ખૂબ પ્રયત્નો કર્યા, પણ તેમાં ફળીભૂત થયો નહિ.

હિંદી જહાજોનો વ્યવહાર વાલચંદશેઠની દેખરેખ નીચે શરૂ થયા પછી પી. ઍન્ડ ઓ. કંપનીના પ્રમુખ લૉર્ડ ઇંચકેપે તેનાં બધાં જહાજો ખરીદી લેવા ઇચ્છા બતાવી, પણ અમારી 'માતૃભૂમિના કિનારા પર અમારાં જહાજો હંકારવાનો અમારો હક છે' એમ કહી શેઠ સાહેબની માગણી તેમણે નકારી. લૉર્ડ ઇંચકેપ તે પર ચીડાઈ પડ્યા ને બોલ્યા: 'માતૃભૂમિ? કોની માતૃભૂમિ? અમે બ્રિટિશ સામ્રાજ્યના પુત્રો. તમારા જેટલો જ હિંદી કિનારા પર આવવાનો અમારો હક્ક છે. પણ સિંધિયા કંપનીએ તેને દાદ દીધી નહિ. પછી જહાજોનાં ભાડાં કમી કરીને પણ પી. ઍન્ડ ઓ. કંપનીએ સ્પર્ધા કરી જોઈ, પરંતુ એ પ્રત્યેક અડચણ ટાળીને વાલચંદ શેઠે કંપનીને સધ્ધર કરી અને ઈ. ૧૯૩૯માં સરદાર વલ્લભભાઈ પટેલને હાથે કંપની સંસિદ્ધિના કળશરૂપ તેની ભવ્ય ઈમારત 'સિંધિયા હાઉસ'નું ઉદ્ઘાટન થયું.

વહાણવટાની સાથે વહાણનું બાંધકામ પણ વાલચંદ શેઠે અંગીકાર કર્યું અને ૧૯૪૧ની ૨૧મી જૂને વિઝગાપટ્ટમમાં બાબુ રાજેન્દ્રપ્રસાદને હાથે જહાજની ગોદીનું ખાતમુહૂર્ત મોટા ઠાઠથી કર્યું.

વાલચંદ હીરાચંદનાં કાર્યોની આ તો કેવળ સાદી રૂપરેખા થઈ. પ્રભાવી વ્યક્તિમત્તા, સંઘટનાચાતુર્ય અને નિમંત્રણકૌશલ્ય એવા ગુણોના બળે તેમણે પ્રચંડ કામગીરીઓ કરી બતાવી છે. ૧૯૧૭ના માર્ચ માસમાં તેમણે ૨૧ દિવસો તો એકસરખા ગાડીમાં જ કાઢ્યા હતા. કામ નિમિત્તે જગતભરમાં તેમણે પ્રવાસ કર્યો છે ને સૃષ્ટિસૌંદર્ય જોવાને હિંદુસ્તાન આખો જોઈ નાખ્યો છે. યુરોપમાં પ્રવાસ કરતાં ફીલ્ડ માર્શલ ગોઅરિંગને તે મળવા ગયા હતા અને હિટલર સાથે ચાહ પણ લીધા છે. હિંદમાં કામને અંગે ઘણીવાર પગપાળા ચાલી નાખ્યું છે. કામને અંગે ગમે તે મુશ્કેલી તેમણે સહન કરી લીધી છે.

પોતાના ધંધાના અનુભવોનું વર્ણન વાલચંદ શેઠ બહુ રંગથી કરે છે અને ગમ્મતના પ્રસંગો પર એક નાના વિદ્યાર્થી જેટલા આનંદથી ખડખડાટ હસે છે. સોલાપુરનાં ગધેડાંની વાત કહેતાં તે હજુ પણ મજા આણે છે. મુંબાઈના એક બાંધકામ માટે ઈંટો વહેવા સારૂ વાલચંદ શેઠે સોલાપુરનાં ગધેડાં મંગાવ્યાં. સોલાપુર હતાં ત્યારે એ ગધેડાં ત્યાંના ઉકરડા પર આનંદથી તબિયત ભોગવતાં, પણ મુંબાઈમાં તેમની કપરી દશા થવા લાગી અને તેમનાં પેટ પૂરવાની તેના માલિકોને તકલિફ થવા લાગી, એટલે ઠરાવેલી રીતે કામ નહિ કરવાનું ધોરણ તેમણે ગ્રહણ કર્યું. આ પરથી વાલચંદ શેઠને કોર્ટમાં જવું પડ્યું. કોર્ટે માલિકોની માલમત્તા જપ્ત કરવાનો હુકમ આપ્યો. પ્રતિવાદી પાસે ગધેડાં સિવાય કંઇ જ સ્થાવર જંગમ મત્તા નહોતી, એટલે બેલીફને ગધેડાં જપ્ત કરી તેની પાછળપાછળ મુંબાઈના રસ્તા પર ચાલતા જવું પડ્યું! આ વાત કરતાં તેમનો હાસ્યરસ પૂર બહારમાં વહે છે.

વાલચંદ શેઠ મૂળ ગુજરાતી હોવા છતાં તેમનો જન્મ અને પરંપરાગત નિવાસ મહારાષ્ટ્રમાં હોવાથી મહારાષ્ટ્રના સાહિત્યમાં પણ તેમની ખૂબ અભિરુચિ છે. પરંતુ તેઓની ભારતવ્યાપી કામગીરીએ આજે તો આખા દેશને એટલાં ગૌરવ અને પ્રગતિ અર્પ્યાં છે કે તે સમસ્ત ભારતના બની ગયા છે અને હિંદની ઔદ્યોગિક ઉન્નતિનો ઉષઃકાળ નજીક છે એવું એમણે સિદ્ધ કર્યું છે. **ર. મ. રા.**

('કિર્લોસ્કર'માંના શ્રી બા. કૃ. ગલગલી તથા 'સહ્યાદ્રિ'માંના શ્રી શ્રીપાદ મહાદેવ માટેના લેખો ઉપરથી)

ગણિતગમ્મત

ત્રણ મિત્રો એક શહેરની હૉટેલમાં એક માસ માટે એક ઓરડી ભાડે લેવા ગયા. તેમની પાસે કાંઇ સામાન નહોવાથી નોકરે તેમની પાસેથી ત્રીસ રૂપિયા આગોતરૂં ભાડું લીધું અને એક ઓરડી આપી. પણ મૅનેજર પાસે તે ભાડું જમા કરાવવા ગયો ત્યારે મૅનેજરે કહ્યું કે એ ઓરડીનું ભાડું તો પચીસ રૂપિયા છે, માટે પાંચ રૂપિયા પાછા આપી આવ. નોકરે વિચાર્યું કે નવા ભાડુતોને ઓરડીના ખરા ભાડાની ખબર નથી, એટલે તેણે એ પાંચમાંથી બે રૂપિયા પોતાના ગજવામાં મૂક્યા અને પેલા ત્રણ મિત્રોને એક એક રૂપિયો પાછો આપ્યો. એ રીતે પ્રત્યેક મિત્રને ૯ રૂપિયા ભાડું આપવું પડ્યું. એ ત્રણના નવ નવ મળીને ૨૭ અને નોકરે ગડપ કરેલા ૨ મળીને કુલ ૨૯ રૂપિયા થયા. પણ પેલાઓએ શરૂમાં તો ૩૦ રૂપિયા આપેલા! ત્યારે બાકીનો ૧ ક્યાં ગયો? તમે શોધી કાઢશો?

('બાલક'માં ભોલેશ્વર શુક્લ)

વિજય —એક સામાન્ય શત્રુ પરનો . . .

. . . પણ તે મેળવવા નનીને અસામાન્ય પ્રયત્ન કરવો પડ્યો

નનીગોપાલના આન્તરજીવનનો ગુપ્ત ઇતિહાસ પ્રગટ કરતાં ભય એ લાગે છે કે એના બાહ્ય ને આન્તરજીવનની આ વિષમતા લોકો માનશે ખરા? પ્રશાન્ત સરોવરને તળિયે જ જીવલેણ જન્તુઓ ફરતા હોય છે એની કિનારે ઊભેલાઓને શી ખબર? એનું સુંદર, સુગઠિત અને કિશોર મોં જોઇ કોઇને શંકા સરખી યે ન આવે કે કોઈ દુર્જેય નિર્બળતા સાથે એ નિરંતર યુદ્ધ કરી રહ્યો હશે.

જે ચીજ નનીના દેહ-મનમાં અચળ આસન જમાવીને બેઠી હતી, એનું નામ હતું 'ભય'. આહાર, નિદ્રા, ભય વગેરે કેટલીક વસ્તુઓ જીવ માત્ર માટે સ્વાભાવિક ગણાય છે. કોઇએ એમાંથી મુક્તિ મેળવી હોય એવું સાંભળ્યું નથી. પણ આમાંની 'ભય' નામક વસ્તુએ નનીને તો નાનપણથી જ જરા વધુ દબાવી રાખ્યો હતો.

કેમ કરીને અને ક્યારે આ ભય પહેલવહેલો દેખાયો એ કહેવું મુશ્કેલ છે. બિલાડીને જોઇને કે અંધારાથી ડરીને બાળક પહેલવહેલું ક્યારે ભયભીત બને છે એ તો એના વિશેષજ્ઞો જ કહી શકે.

નની જ્યારે સાત વર્ષનો હતો ત્યારે એ રહેતો હતો તે શહેરમાં એક સરકસ આવેલું. એના જાની દોસ્ત વિશુએ આવીને એના કાનમાં કહ્યું: 'નની, વાઘ જોવા જવું છે? સરકસમાં ઘણા વાઘ આવ્યા છે. એક પૈસો આપીએ તો જોવા દે છે. જા, તારી બા આગળથી બે પૈસા લઈ આવ. આપણે બે ય જઇએ.' નની ઉત્સાહથી હડપ દઇને ઊભો થઈ ગયો ને બોલ્યો 'ત્યારે તો હમણાં લઈ આવું છું.'

વિશુએ એને ચેતાવી દીધો: વાઘ-બાઘનું નામ ન લેતો હો; નહિ તો નહિ જવા દે. કહેજે કે બરફનો ગોળો ખાવો છે.

પૈસા લઈ બંને મિત્રો રવાના થયા. ને પછી થોડીવારે નની એકલો રોતોરોતો ઘેર પાછો આવ્યો! એનાં કપડાંની દશા જોઈ એની બાએ છતાં પહેલાં તો એને ખૂબ ઠમઠોર્યો. પણ પછી સાંજ પડી ગઇ હોવા નવરાવીને હળવો ફૂલ જેવો કરી દીધો. રોવાનું કારણ પૂછતાં ખબર પડી કે નનીને જોઈ એક વાઘ ઘુરક્યો હતો ને એથી ડરીને નીચે પડી જતાં એનાં કપડાં બગડ્યાં હતાં એ રડ્યો પણ હતો એ કારણે જ.

નનીના જીવનમાં જાહેર રીતે ડર્યાનો આ છેલ્લો પ્રસંગ હતો. એ પછી એ પોતાની બીકને છુપાવી રાખતો શીખ્યો હતો.

આમ છતાં એનાં હૃદયમાં સુખ નહોતું. જેમજેમ એ મોટો થતો ગયો તેમતેમ એને ડરાવતી વસ્તુઓની સંખ્યા પણ વધવા લાગી અને ધીરેધીરે એ એવો થઈ ગયો કે મોટેરાંઓ પાસે જતાં પણ એના પગ ધ્રૂજવા લાગતા. હેડમાસ્તરના મોં સામે જોતાં એના મોતિયા મરી જતા. જ્યાંજ્યાં એ નજર નાખે ત્યાંત્યાં એને જાણે ભય જ હાઉ કરતો ઊભેલો દેખાતો.

જ્યારે એ દસેક વર્ષનો હતો ત્યારે એક દિવસ એ નિશાળેથી એકલો ઘેર પાછો ફરતો હતો. ત્યાં રસ્તામાં કોઇકે એને સાદ પાડ્યો. એણે પાછા ફરીને જોયું તો રતન દેખાયો. રતન નની કરતાં ઉપલા વર્ગમાં ભણતો, પણ સળેકડા જેવો દુબળો ને અત્યંત તોફાની છોકરો હતો. નની સાથે એને બહુ બનતું નહિ. એને આવતો જોઈ નનીની છાતી ધડકવા લાગી. એક વાર એણે વિચાર્યું કે અહીંથી નાસી છૂટું! પણ ભયનો બાહ્ય દેખાવ એણે ઠીકઠીક છુપાવ્યો. એ ભાગ્યો તો નહિ પણ જડની જેમ ઊભો રહ્યો.

બીજી કંઈજ વાતચીત કર્યા વિના રતન બોલ્યો: 'તારું વિમાન દે'.

નનીએ ખૂબ મહેનત કરીને, બુદ્ધિ વાપરીને જાડા પૂઠાનું એક વિમાન બનાવ્યું હતું, હવામાં ઘા કરતાં એ ફરતુંફરતું ઉપર ચઢતું ને પછી ધીમેધીમે નીચે આવતું. આજે એને પૂરેપૂરું તૈયાર કરી એ નિશાળમાં લાવ્યો હતો અને એનું એ અદ્ભુત રમકડું તથા તેની આવી આશ્ચર્યજનક ક્રિયા જોઇને નવાઈ પામતા સૌ મિત્રોમાં એ દબ્યાં અને પ્રસંશાનું પાત્ર બન્યો હતો.

એને મૂંગોમૂંગો ઊભેલો જોઇને રતન દાંત પીસીને બોલ્યો: 'નથી દેવું? જલદી આપી દે નહિ તો. . . . . .'

મહામહેનતે રોવું અટકાવી નની બોલ્યો: 'મેં બનાવ્યું છે, તને શા માટે આપી દઉં?'

'નથી આપવું? ઠીક ત્યારે ઊભો રહે' ને આટલું બોલી રસ્તા પરથી મુઠ્ઠી ધૂળ ઉપાડી રતન બોલ્યો: 'હમણાં આંખમાં ધૂળ ઉડાડીશ–કાણિયો બની જઈશ. સીધી રીતે આપી દે, કહું છું!'

અને રસ્તા પર વિમાનનો ઘા કરતાં નની બોલ્યો: 'લઇ લે! લઇ લે!! બહુ મોટી ચીજ છે ને! હું બીજું બનાવી લઈશ.'


ને એ ઉપાડી હસતો હસતો રતન બોલ્યો: 'ખબરદાર, કહું છું; જો બીજું બનાવીશ તો હાથ ભાંગી નાખીશ. હું એકલો જ વિમાન ઉડાડીશ, બીજા કોઇને નહિ ઉડાડવા દઉં.' ને આટલું બોલી હાથ, પગ ને આખું યે અંગ ઉછાળતો સીટી વગાડતો રતન ચાલ્યો ગયો.

નની ઘેર આવી ચોપડીઓ ફેંકી દઇ બિછાનામાં મોં ઘાલી સૂઈ રહ્યો. માત્ર વિમાનના શોકમાં જ એ આમ ઉદાસ બની પડી રહેલો એમ નહોતું. પણ ખરાબ માણસના હાથથી પોતાની સંપત્તિનું રક્ષણ કરવાની બીજા બાળકોના જેવી લડવાની પણ એનામાં તાકાત–હિંમત નહોતી એની શરમ જ એને સૌથી વધુ પીડતી હતી.

આવા નાનામોટા પ્રસંગો બાદ કરતાં એને સૌથી વધુ ભયાનક બનીને સતાવતો 'સાહેબ'-'ગોરો'. આ ભય કઈ રીતે જન્મ્યો એ તો કોણ જાણે; પણ લાલ મોઢું ને સફેદ ચામડી જોતાં જ એના હોશકોશ ઊડી જતા ને વિના કારણે એની છાતીમાં ફાળ પડતી. એ ખુદ પોતાને સમજાવવા યત્ન કરતો કે 'ડરવા જેવું કંઇ નથી; સાહેબ મને ખાઇ જવાનો નથી.' પણ તેમ છતાં એ ડરતો તો બંધ ન જ થયો. ગળીનાં વાવેતરવાળા જુલ્મી ગોરાઓના કાળના એનાં કોક ત્રાસિત વડવાઓનું લોહી હજુ યે એનાં લોહીમાં વહેતું હતું કે જેમાં એની નિર્બળતાની બધી યે દલીલો તણાઈ જતી હતી?

નિશાળના હેડમાસ્તરે જ્યારે એના બાપુને લખ્યું કે 'નનીના જેવો શાન્ત, શિષ્ટ ને નિરુપદ્રવી બીજો કોઇ છોકરો અમારી શાળામાં નથી; સારી ચાલચલગત માટેનું ઈનામ આ વર્ષે હું એને આપવાનો છું' ત્યારે શરમ અને આત્મગ્લાનિએ નનીને મરવા જેવું થયું. એની આન્તરિક શિષ્ટતા માટે અપાતું આ ઇનામ પોતાને ખરી રીતે તો પોતાની ભીરુતા માટે અને ખરાબ આચરણ ન કરી શકવાની અશક્તિ માટે અપાતું ઈનામ લાગ્યું. જોકે આવી સીધી સમજણ એનામાં નહોતી, છતાં એની અતિ વેધક શરમ એનું હૈયું વીંધી નાખતી હતી.

પોતાની જે નિર્બળતાને એણે આજ સુધી મહામહેનતે લોકોની નજરથી દૂર રાખી હતી તે આ ઈનામ મળતાંની સાથે જ સૌની નજરે ચડી જશે, કોઇ પણ એ વાતથી અજાણ નહી રહે, આમ વિચારી એને પોતાનું માથું દીવાલમાં અફાળવાનું મન થયું. ઈર્ષાભાવે એક વાત



એના મગજમાં ઘૂંટાવા લાગી કે આ કરતાં તો મિશન સ્કુલના રતના જેવા છોકરાને મારવા બદલ સોટીની સજા થઇ હોત તો કેવું સારૂં થાત?

અને આમ ભયભીત અને આનંદ વિનાના દિવસો નનીનાં જવા લાગ્યા.

એ સોળ વરસનો થયો ત્યારે એક એવો બનાવ બન્યો કે જેથી એને જીવન ઉપર ધિક્કાર છૂટ્યો. ફરીને શહેરમાં એક સરકસ આવ્યું. આ વખતે વાઘ જોવાનો નહોતો, પણ નિશાળના છોકરાઓ ભેગા મળીને ખરેખરૂં સરકસ જ જોવા ગયા હતા. એ દિવસે બપોરના ખેલમાં સ્કુલના છોકરાઓ માટે ખાસ ઓછા ભાવ હતા ને એથી નની પણ આઠ આનાની ટિકિટ લઇ એક રૂપિયાવાળી ખુરશીમાં બેઠો હતો. એને એક સરસ જગ્યા મળી આવી એટલે મિત્રોથી જરા દૂર હોવા છતાં તે જગ્યાએ જ એ બેઠો.

સરકસ શરૂ થવામાં બહુ વાર નહોતી. લગભગ આખો તંબૂ ભરાઇ ગયો હતો. એ વખતે પાટલૂનના ખિસામાં હાથ ઘાલી એક ગોરો છોકરો ફરતોફરતો એની પાસે આવ્યો ને બોલ્યો: 'એઇ, ઊઠ, ઉભો થા; આ મારી જગ્યા છે.'

નની ધ્રુજતો કંપતો એના મોં સામે તાકી રહ્યો. ગોરો છોકરો ખુરશીના હાથા પર હાથ મૂકી એને હલાવતાં બોલ્યો: 'સાંભળે છે કે? આ મારી ખુરશી છે, ઊઠ.'

છતાં નની કંઈ જ ન બોલ્યો. એનું ગળું જાણે સુકાઈ ગયું હતું.

ને ત્યારે પેલો ગોરો છોકરો ગળેથી એનું પહેરણ પકડી, એને ઊભો કરી ખુરશી પર બેસી ગયો!

નનીને ત્યારે પોતાની ચારે બાજુ અંધારૂં જ દેખાયું. થોડી વાર કંગાળની જેમ સૂનમૂન ઊભો રહી, દાઢી પર હાથ ફેરવતો એ બહાર જવા નીકળ્યો. સરકસ જોવા આવેલા સૌની આંખ આ દૃશ્ય નિહાળી રહી હતી. એનું ખમીસ પકડી વિશુએ એને પોતા તરફ ખેંચી ધીરેથી કહ્યું: 'મૂકી દીધો. કંઈ જ બોલ્યો નહિ? હું હોત તો...'

પોતાની ખુરશીમાં સંકોચાઇને એક બાજુ બેસતાં વિમલ બોલ્યો: 'આવ નની, આવ; અહીં બેસ.' પણ ખૂબ મહેનતે મોંમાંથી અવાજ કાઢીને નની માત્ર આટલું જ બોલી શક્યો: 'ના, ના, હું ઘેર જાઉં છું.'

એ રાત્રે તે ઊંઘી ન શક્યો. ગાઢ રાત્રે એકવાર એને ઇચ્છા થઈ કે ચીસ પાડીને મોટેથી રડી લઉં; પણ ઓશીકું છાતીએ દાબી મહા મહેનતે એણે એ ઈચ્છા રોકી. ઓચિન્તો એકવાર પથારીમાંથી ઊઠી ઘરના ખૂણામાંથી એક હૉકી-સ્ટીક ઉપાડી બંને હાથે જોર કરી એણે એ ભાંગી નાંખી અને પાગલની જેમ મનમાં ને મનમાં એ બોલ્યો: 'હું શા માટે આવો છું? શા માટે હું આવો છું? ડરપોક! બીકણ!! અરે બધાએ મને જોઈ ગયા! બધાએ હસ્યા! કાલે નિશાળે કેમ કરીને જઇશ?

આ બનાવ પછી, કોણ જાણે કેમ, નની એવો બની ગયો કે કાચબાની જેમ એ પોતામાં જ સમાએલો રહેતો. મિત્રો સાથે વાતચીત કે હસવું રમવું એણે લગભગ બંધ કર્યું હતું. હમેશાં એ એકલોએકલો જ ફરતો ને મનમાં ને મનમાં કંઈક ગણગણ્યા કરતો!

એક દિવસ આ જોઇને વિમલ બોલ્યો: 'વિશુ, જો તો, નની કેવો થઈ ગયો છે? કોઈ સાથે વાત પણ નથી કરતો.' વિશુએ જાણકારની અદાથી જવાબ આપ્યો: 'એ તો પરીક્ષા માટે વાંચે છે. તારી જેમ ફાંકેબાજ નથી. એના બાપુએ એને કહ્યું છે કે આ વખતે પહેલો નંબર આવીશ તો સોનાનું કાંડાઘડિયાળ અપાવીશ.'

પણ વિશુનું અનુમાન તદ્દન ખોટું હતું. કાંડાઘડિયાળના લોભે નની પાઠ ગોખતો હતો એમ નહોતું. એ બડ બડ કરી માત્ર બકતો જ હતો કે હું ડરપોક નથી; મારામાં હિંમત છે; હું કોઈથી ડરતો નથી; હવે જે કોઈ મારી સાથે ચાલાકી કરશે એને હું જોઈ લઈશ; વગેરે. જાણે સતત વ્યાકુળ રહેતું પિંજરનું પંખી ખુલ્લી હવાનો મુક્તિ-મંત્ર જપતું હતું.

મહિનાઓ પછી એક દિવસ વિશુએ આવીને કહ્યું: 'નની, ચાલ મેદાને. આજે મિશન સ્કુલ સાથે આપણી ફુટ બૉલની મૅચ છે.'

લોકોના ટોળામાં કે જ્યાં અનેક માણસો ભેગા મળવાના હોય એવે ઠેકાણે જતાં નની ડરતો. તેથી એ આંતરિક ભયનો સામનો કરી મનમાંથી જરા એ જોર કરીને બોલ્યો: ચાલ.

મેદાનમાં ભીડ જામી હતી. બીજા જોનારાઓ ઉપરાંત બંને નિશાળના છોકરાઓ ટોળેટોળાં આવીને ઊભા હતા. વધુ સારૂં રમે છે એનો આખરી નિર્ણય હજુ નહોતો થયો. અને એ ક્યારે થશે એ પણ નહોતું કહેવાતું.

રમત શરૂ થઇ. બંને પક્ષના જોનારાઓ પોતાપોતાના પક્ષને જોર ચડાવવા લાગ્યા. એ લોકો ક્યારેક તિરસ્કાર કરીને રોષભર્યા અવાજે, તો ક્યારે વિનતિભર્યા કરૂણ સ્વરે રમનારાને ઉત્સાહિત કરવા લાગ્યા. પણ જીતવું બંને પક્ષ માટે સમાન આકરૂં હતું. બેમાંનું કોઇ જ ગોલ આપી શકતું નહોતું. જોનારાઓ રમત જોતાં જોતાં ગજબ રીતે ઉશ્કેરાઈ ગયા; પરસેવે રેબઝેબ થઈ ગયા.

આખરે રમત પૂરી થવામાં જ્યારે પાંચેક મિનીટની વાર હતી ત્યારે નનીની નિશાળવાળાઓએ એક ગોલ દીધો. અને 'ગો... લ' 'ગો અ... લ' 'ગો અ... લ' શબ્દે આકાશ ગજાવતાં, છત્રી, જૂતાં વગેરે ઉછાળીને આ વિજયનો આનંદ પ્રગટ થયો.

જ્યાં ઊભો રહી નની આ રમત જોઈ રહ્યો હતો, ત્યાં, એની પાસે જ એક આઠેક વર્ષનો છોકરો કૂદતો—નાચતો બૂમો પાડી આ વિજયનાદ કરતો હતો: 'ગો... લ.'! ગો... લ.!!' 'ગો... લ!!! હુર્રે! મોટાભાઇએ ગોલ દીધો; હુર્રે! ગો... લ! ગો... લ!!'

રમત ફરી શરૂ થઈ ગઈ, તોપણ છોકરાઓનો ગોકીરો તો ચાલુ જ હતો.

ત્યાં પાસે જ ઊભો રહીને મિશન સ્કુલનો એક ખ્રિસ્તી છોકરો પણ રમત જોઇ રહ્યો હતો. મિશન સ્કુલે ગોલ ખાધા પછી એ જરા ઢીલો પડી ગયો હતો. એના ઉપર આ નાનકડા છોકરાનો આવો આનંદ એને અસહ્ય લાગ્યો. એણે એના વાળ ખચખચાવીને એને દબડાવ્યો: 'એઈ, ચૂપ રહે!'

પણ પેલા બાળકનો અદમ્ય ઉલ્લાસ આથી તો ઉલટાનો વધ્યો. એ જોરથી ચીસ પાડી ઉઠ્યો: 'ઓ.. ઓ.. મને મારે છે રે...'

પેલા ખ્રિસ્તી છોકરાએ જરા ઠીકઠીકરીતે એનો કાન ખેંચીને કહ્યું: 'ચૂપ રહે, નહિ તો એક કિક મારીશ, તો જઇને પડીશ પેલા ગ્રાઉન્ડ પર.'

પેલા બાળકની આસપાસમાં કોઇ ઓળખીતું નહોતું. એથી નનીને

જોતાં જ એ રડી પડ્યો: 'આ નનીભાઈ, જુઓને, આ મને મારે છે!'

નનીને લાગ્યું, કોઈએ જાણે પોતાનું ગળું દબાવી રાખ્યું છે. એના હૈયામાં ગભરાટ થવા લાગ્યો ને એનું મોં એકદમ પૂણી જેવું સફેદ થઈ ગયું. ધ્રૂજતા સાદે એણે પેલા ખ્રિસ્તી છોકરાને કહ્યું: 'એને છોડી દે; એવા નાના છોકરાને શા માટે મારે છે?'

ખ્રિસ્તી છોકરાએ મોં બગાડીને કહ્યું: 'નાનો છોકરો? કમબખ્ત! હરામી!! રાસ્કલ!!! આમ બોલી એણે નાના છોકરાના લમણામાં એક મુક્કો માર્યો. ને પેલો બાળક ખૂબ જોરથી રડી પડ્યો.

સૌનું ધ્યાન ત્યારે રમત તરફ જ હતું, એથી આ બાજુના આ નાટક તરફ કોઈએ ધ્યાન ન આપ્યું.

અસ્વાભાવિક એવો જરા ગુસ્સો કરીને નની બોલ્યો: 'મૂકી દે કહું છું, નહિ તો સારૂં નહિ થાય!'

અને પેલા રોતા બાળકને મૂકી ખ્રિસ્તી છોકરો નનીના મોં પાસે મોં લાવી બોલ્યો: 'લડવું છે? આવ ત્યારે!'

કેમ કરીને આ દ્વંદ્વયુદ્ધ શરૂ થયું. આ નનીને બરાબર યાદ નથી. પણ ઓચિન્તાનું એણે જોયું કે પોતે પેલા ખ્રિસ્તી છોકરા સાથે બથંબથા આવી ગયો છે!

થોડી વારમાં તો એમની ફરતું છોકરાઓનું એક ટોળું રચાઈ ગયું. ફુટબૉલ જોવા આવેલાઓમાં ઘણા આ નવો ખેલ જોવા આવી ઊભા.

ખ્રિસ્તી છોકરો થોડીક મુક્કાબાજી જાણતો હોય એમ લાગ્યું, કારણ પહેલેથી જ એણે મુક્કીઓ મારીને નનીનું નાક-મોં ભાંગી નાખવાની શરૂઆત કરેલી. છતાં નની મરણિયો થઈ એને બાઝી જ રહ્યો. બંનેની ઉમર લગભગ સામાન હતી શરીર અને બળ પણ સમાન જ લાગતાં હતાં. ને તેથી લડાઈ-કુસ્તી સારી જામી હતી.

એકવાર નની આંટી મારી, ખ્રિસ્તી છોકરાને ભોંભેગો કરી, એની છાતી પર ચડી બેઠો. તે એના મોંઢા ઉપર ને માથા પર અણકેળવાએલ હાથે ગડદાબાજી કરીને એને કાબૂમાં લેવા મથતો હતો, પણ ખ્રિસ્તી છોકરે એને ઉછાળી મૂક્યો, ને બંને હાથે મુક્કાબાજી ચલાવી નનીનાં પેટ અને મોંનો ખુરદો બોલાવવો શરૂ કર્યો. નની પડુંપડું થઇ ગયો હતો.

પણ નનીના મનમાં હવે લેશમાત્ર ભય નહોતો. યુદ્ધના ઉલ્લાસે એ મસ્ત થયો હતો. હાર-જીત તો અતિ ગૌણ વસ્તુ છે, યુદ્ધમાં જ પરમ સાર્થકતા છે, એ મહદ્ સત્યે નનીની રગેરગમાં ત્યારે નૃત્ય આરંભી દીધું હતું.

ઓચિંતાનો એક મોટો કુદકો મારી નની ખ્રિસ્તી છોકરાના શરીર પર પડ્યો. અને બંને હાથે રીંછની જેમ દબાવીને એને કચડવો શરૂ કર્યો—ધૃતરાષ્ટ્રે જેમ લોહ-ભીમને કચડ્યો હતો, લગભગ એ જ રીતે.

ખ્રિસ્તી છોકરો વધુ મુક્કાબાજી કરવા અશક્ત બનતાં હવે નનીની બાથમાંથી છૂટવા તનતોડ મહેનત કરવા લાગ્યો. પણ નનીએ એને એવી રીતે બાથ ભીડી હતી કે ધીરેધીરે એની ભીંસ વધુ ને વધુ મજબૂત બનવા લાગી.

ધીમેધીમે ખ્રિસ્તી કિશોરનું મોં લીલું પડવા લાગ્યું. એણે છેલ્લી-



વાર બંધનમુક્ત થવાનો એક પ્રયોગ કરી જોયો. ને પછી હાંફતા હાંફતા કહ્યું: 'બસ, હવે છોડી દે; Pax, હું હાર્યો.'

નનીએ એને જેવો છોડ્યો કે તુરત એ બન્ને જણા જમીન ઉપર બેસી ગયા ને હાંફવા લાગ્યા.

પહેલાં ખ્રિસ્તી છોકરાએ હાથ આગળ ધરી કહ્યું: 'તારા શરીરમાં જોર તો ખૂબ છે! બૉક્સિંગ જાણતો હોત તો ક્યારનો યે તેં મને પટકી નાખ્યો હોત.'

એની સાથે હાથ મેળવતાં નની ઉમંગપૂર્વક બંગાળી-અંગ્રેજીમાં બોલ્યો: 'અને તું બહુ સારૂં બૉક્સિંગ જાણતો લાગે છે? કેવો મુક્કો માર્યો હતો? આ જો હોઠ કપાઇ ગયો છે.'

ખ્રિસ્તી કિશોર હસીને બોલ્યો: 'તારે શીખવું છે? મને બહુ સારૂં તો નથી આવડતું, છતાં તને તો શીખવી શકીશ જ.

નનીએ ખૂબ આગ્રહ કરી કહ્યું: 'હા, શીખીશ, અને કાલથી જ શરૂ કરીએ, કેમ?'

'જરૂર; પણ તારૂં નામ શું?'

'મારૂં નામ નની, નની ગાંગુલી.'

'ને મારૂં નામ ડિક—ડિક ફ્રાન્કલીન.'

ડિકના ચાલ્યા ગયા પછી નનીનો મિત્રવર્ગ એને ઘેરી વળ્યો. ફુટબૉલ મૅચ ત્યારે પૂરી થઈ હતી.

વિશુએ ગર્વપૂર્વક એનો વાંસો થાબડતાં કહ્યું: 'શાબાશ ખલીફા! હિંમત બતાવી ખરી! હું તો પહેલેથી જ જાણતો હતો કે ભલે નની ચૂપચાપ રહે, પણ અંદરથી તો એ પાક્કો ગુંડો છે. પણ નની, તારી આ આંખ તો સૂજી ગઇ લાગે છે!'

નની એક આંખે અને ફૂલી ગએલા હોઠે વિશુ સામે જોઈ ખડખડાટ હસીને બોલ્યો: 'અરે એમાં શું? એ તો કાલે મટી જશે. પછી પણ માળો ડિક! સરસ છોકરો છે, કેમ?

એ દિવસે શોરબકોર કરતાં, ગીતો ગાતાં ગાતાં ઘેર પાછા ફરતાં નનીએ જીવનમાં પહેલવહેલો પરિપૂર્ણ મુક્તિનો સ્વાદ ચાખ્યો. આજ દિવસ સુધી જે રાક્ષસ એને મુઠ્ઠીમાં દબાવી કચરી નાંખવા મહેનત કરી રહ્યો હતો, એનો આજે પોતાના સ્વહસ્તે વધ કરી જાણે વિજયમાળ પહેરી એ ઘેર પાછો ફરતો હતો.

રમણિક મેઘાણી

(શરદેન્દુ બન્દોપાધ્યાયની બંગાળી વાર્તા ઉપરથી)

મેંદીનાં પાન

પૈસાના વારસા વિનાનાં બાળકો પુરુષાર્થી થશે અને સંકુચિતતા તથા જૂનવાણી વારસા વિનાનાં બાળકો સમર્થ થશે.

આજમાંથી જ આવતી કાલ પેદા થાય છે. આજનું દળ્યું અને રાંધ્યું માણસો આવતી કાલે ખાય છે. આજનો મહિમા અદ્ભુત છે.

મિત્ર તો મને પ્રિય છે જ; પણ હું તો દુશ્મનને ય ઉપયોગી ગણું છું. હું જે કરી 'શકું' તે મિત્ર મને બતાવે છે; અને દુશ્મન, મારે જે કરવું 'ઘટે' તે.

(શિલર)



આ લેખમાળામાં આવતાં સ્થળો દર્શાવતો લેખકે પોતે આલેખેલો કચ્છનો નકશો

કચ્છનાં કીર્તિમંદિરો

[૧] કચ્છડો

'ભલ ઘોડાં ગુણિયલ ત્રિયાં વડે કચ્છ વણાં
ઇનિં જે થોકાં અઘાયો વેનેં હિયાં'.

લાખા ફુલાણીના મુખમાંથી સરી પડેલી આ પંક્તિએ મિસાલનું કચ્છ અત્યારે છે? તો ચોમાસામાં વરસાદ પછી લીલીછમ બનતી કચ્છની ભૂમિનું પ્રાકૃતિક સૌંદર્ય માણવા આપણને કેટલો સમય મળે છે? ઉત્તમ કચ્છી ઘોડા કોણ ઉછેરે છે? અને કચ્છની ગુણિયલ સ્ત્રીઓને તેમની ગુણપરીક્ષા કરાવવાના મોકા કોણ આપી શકે તેમ છે? નહિ તો, એ ખરૂં જ હશે કે કચ્છની એ ત્રણે વસ્તુઓથી મનને ક્યારે પણ તૃપ્તિ થવાની નહિ.

વંકા કચ્છની વિશિષ્ટતા

દરિયા અને રણથી વીંટળાએલા અને કર્કવૃત્તથી ચીરાતા કચ્છના ડુંગરાળ અને સૂકા, સપાટ અને ફળદ્રુપ ભૂમિભાગોમાં હવામાનની ઘણી વિશિષ્ટતાઓ માલૂમ પડે છે ને તેવી જ વિશિષ્ટ ખાસિયતો કચ્છની વસતિ ધરાવે છે. 'વંકી કચ્છ ધરા ને વંકા વાણીય વચ્છ. કચ્છનો આકાર વાંકો; સ્વભાવે સાલસ અને મીઠા છતાંય અતડા અને અક્કડ દેખાઇ આવતા કચ્છી માડુઓ પણ વંકા; અને તેમની કડકાઈભરી કચ્છી બોલી પણ વાંકી. હિંદના નકશામાં હિંદથી સ્પષ્ટપણે આવી આડાઈથી અલગ દેખાઈ જુદો તરી આવતો 'કચ્છડો' ગુજરાતનો જ એક ભાગ હોવા છતાં ય ગુજરાતથી નિરાળો પડી રહે છે.

આપણી રાષ્ટ્રીયતાના શેષ જેવું કચ્છને પોતીકા કચ્છી સિક્કાનું ચલણ તથા તેનાં વિશિષ્ટ તોલમાપ રાખવાની ને હથિયારો વાપરવાની સ્વતંત્રતા છે; ને જેનાં બંદરો, વહાણવટીઓ તથા વેપારીઓ હજુ પણ જીવંત છે એવા કચ્છને તેના પોતાના ખાસ પ્રકારના સંસ્કાર, રીતરિવાજ, રહેણીકરણી ને લોકસાહિત્ય હોવું એ સહજ છે. આપણી સર્વસામાન્ય માન્યતા મુજબ બધા દેશો ને બધી પ્રજાઓને તેમનો ભૂતકાળ ભવ્ય દેખાય છે તેમ કચ્છને પણ સાહસ, શૌર્ય અને મહત્ત્વાકાંક્ષાભર્યો ગૌરવવંતો પ્રાચીન ઇતિહાસ હોવો જ જોઇએ.

પ્રાચીન ઇતિહાસ

કચ્છનો અતિ પુરાતન ઇતિહાસ જાણવાનાં લભ્ય એવાં ઐતિહાસિક સાધનોમાં કચ્છનો પહેલો નામોલ્લેખ રામાયણ અને મહાભારતમાં મળે છે. રામાયણના યુદ્ધકાંડમાં કચ્છ, તેના રણસાગર અને કચ્છમાં વસતી આભીર (હાલના આહીરો) પ્રજાનો ઉલ્લેખ આવે છે. રામાયણ, ભાગવત અને મત્સ્ય પુરાણમાં કચ્છનાં પ્રસિદ્ધ તીર્થો નારાયણસરોવર

આપણા પ્રાંતના એ ઓછા ઓળખાએલા અંગની પ્રાચીન ઐતિહાસિક સમૃદ્ધિ દ્વારા તેના સાંસ્કૃતિક ગૌરવનો પરિચય આપતી લેખમાળાનો પહેલો હપતો

લેખક · **રામસિંહજી રાઠોડ** ડી. ડી. આર

ને કોટેશ્વરનું માહાત્મ્ય આપ્યું છે. મહાભારતના સભાપર્વમાં કચ્છને 'ઔદુમ્બર' કહી તેને કોટેશ્વર કે કચ્છેશ્વર નામે રાજ્યધાની હોવાનું કહ્યું છે. શ્રી કૃષ્ણે હસ્તિનાપુરથી વળતાં કચ્છના રણસાગરમાં સાલ્વનો વધ કર્યો હતો.

કિનારાના પ્રદેશ તરીકે કચ્છનું જે મહત્ત્વ છે તેને કારણે તેને પરદેશોની પ્રજા જોડે જે સબંધ રહેતો આવ્યો છે તેનો, પુરાતન ગ્રીક લખાણો અને અરબી તવારીખોમાં ઠીક ઉલ્લેખ મળે છે. ઈ.સ.પૂ. ૩૨૭માં સિકંદરનું સૈન્ય કચ્છના રણસાગરમાંથી પસાર થયાની નોંધ ગ્રીક પ્રવાસપોથીઓમાંથી નીકળે છે. સિકંદરના આગમન પછી થએલી બૅક્ટ્રીઅન ધાટીનાં મંદિરો, કિલ્લા ને કૂવાઓની બાંધણીની અસર કચ્છના પુરાવશેષો પર પણ થએલી જોવામાં આવે છે. નંદ, મૌર્ય અને શુંગ વંશનાં મહારાજ્યોની અસર નીચે યે કચ્છ આવેલું.

પુરાતન તવારીખ

ઇ.સ.પૂર્વે ૧૪૨થી ૧૨૪ સુધી કચ્છ મિનાન્ડરના ગ્રીક રાજ્યનો એક ભાગ ગણાતું, પણ પછી ઈ.સ.પૂ. ૧૨૦માં શકોએ[1] કચ્છનો કબજો લીધો. ઈ.સ.પૂ. ૫૬માં વિક્રમાદિત્યે તેમને હરાવી નસાડયા. ત્રીસેક વર્ષના ગાળા પછી પાછા શકોએ યુકોદ્કીનની સરદારી તળે પોતાનું રાજ્ય સ્થાપ્યું. એ રાજ્યનો ઈ.સ.ની પહેલી સદીમાં પાર્થિયનોએ[1] નાશ કરી પોતાની સત્તા જમાવી. ઈ.સ. ૭૭માં પ્લિનીએ પોતાના લખાણમાં કચ્છીઓને ઓદામ્બરી (Odambari) તરીકે ઓળખાવ્યા છે. ઇ.સ. ૧૫૦માં ટૉલેમીએ Odambariનું વર્ણન આપેલું છે તે કચ્છનું મુખ્ય શહેર હોવાનું માનવામાં આવે છે. તેણે કાંઠી[2] અને કંથકોટનો[3] ઉલ્લેખ પણ કરેલો છે. ઈ.સ.૨૪૬માં પેરિપ્લુસનો કર્તા કચ્છના હાલના રણનું[4] (જે તે વખતે છીછરો સમુદ્ર હતો) તેને Eirinon (इरणम्–ઈરણ–ઇરિનોન–ખારવાળો પ્રદેશ) કહી વર્ણન આપે છે. પેરિપ્લુસના લેખકના સમય પછી ઈ. ૧૪૦થી ૩૮૦ સુધીમાં સૌરાષ્ટ્રના[5] શાહ રાજાઓએ કચ્છને પોતાને કબજે રાખ્યું. તે પછી કચ્છ ગુપ્ત સામ્રાજ્યની સત્તા હેઠળ આવ્યું. પાંચમી સદીના અંતે કચ્છ વલ્લભી રાજાઓની સત્તા તળે હતું અને સાતમી સદીમાં કચ્છ સિંધનો ભાગ ગણાતું. ચીના મુસાફર હ્યુયાનચ્યાંગે પણ પોતાના પ્રવાસ વર્ણનમાં (ઇ.સ. ૬૪૦ લગભગ) કચ્છનો નિર્દેશ કરેલો છે અને કોટેશ્વરને કિત્સીફેલો કહી ઓળખાવ્યું છે.

મધ્યયુગનો ઇતિહાસ

આઠમી સદીની શરૂઆતમાં (૭૧૪ લગભગ) તેલુગુના પરમાર રાજાના મૃત્યુ પછી કચ્છ ચારણોને સોંપવામાં આવ્યું. આ પછી તરતજ કાઠીઓ સિંધમાંથી કચ્છમાં ઊતર્યા. કાઠીઓએ કચ્છના દક્ષિણ અને મધ્યભાગનો કબજો મેળવી પાવરગઢમાં પોતાનું મુખ્ય મથક રાખ્યું હતું. કચ્છની પૂર્વમાં આ સમયે ચાવડાઓની સત્તા હતી. પંચાસર અને અણહિલવાડનાં રાજ્યોની મદદથી આઠમી અને નવમી સદી દરમ્યાન ચાવડાઓની સત્તા વધતી જઈ ને જામી. દસમી સદીમાં જ્યારે મૂલરાજ સોલંકી ગાદીએ આવ્યો ત્યારે ચાવડાઓને અણહિલવાડમાંથી હાંકી કાઢવામાં આવતાં તેઓ કચ્છમાં આવી ભરાયા. કલ્યાણના ચાલુક્યોએ જ્યારે મૂલરાજ સોલંકીને (લગભગ ૯૫૦માં) નસાડયો ત્યારે તે કંથકોટમાં થાણું જમાવી બેઠો હતો. આ સમય દરમ્યાન જ્યારે આરબોના આવવાની શરૂઆત થઇ ત્યારે કચ્છના થોડા પ્રદેશ પર સિંધના એક ભાગ તરીકે આરબોનું વર્ચસ્વ હતું. અલ્બેરૂની (૯૭૦–૧૦૩૯) પોતાની નોંધમાં કચ્છ વિષે વર્ણન કરે છે અને દસમી તથા અગિયારમી સદીની અરબી તવારીખોમાંથી કચ્છનાં ચાંચિયાં વહાણોને લગતી અને બીજી નોંધો નીકળે છે. અગિયારમી સદીની શરૂઆતમાં (૧૦૨૩માં) અણહિલવાડના ભીમદેવ પહેલાએ (૧૦૨૨–૧૦૭૨) મહમદ ગઝનીથી નાસીને કંથકોટમાં આવી રક્ષણ મેળવેલું. તેણે વાગડનો કબજો રાખેલો. અગિયારમી સદીના અંતે સંધાર કચ્છ પર ફરી વળ્યા, પણ તેઓ પોતાની સત્તા જાળવી શકયા નહિ. અણહિલવાડના સિદ્ધરાજ જયસિંહ[6] (૧૦૯૪–૧૧૪૩) મહારાજ્યનો કચ્છ એક ભાગ હતો. ભીમ બીજાએ (૧૧૮૦ લગભગ) કચ્છમાંથી મદદ મેળવેલી તેરમી સદીમાં સોલંકી પછી વાઘેલાઓએ[7] (૧૨૪૦–૧૩૦૪) કચ્છમાં પોતાની સત્તા પ્રસારી હતી. આ પછીનો કચ્છનો ઇતિહાસ તો ક્રમબદ્ધ જાણીતો છે. સિંધના સમા મોડમનાઈ, ફૂલ અને લાખા ફુલાણીએ કચ્છમાં પોતાની સત્તા વિસ્તારી તથા લાખા ફુલાણીએ સંપૂર્ણપણે કાઠીઓને કબજે કર્યા.

અને ત્યારથી કચ્છના વર્તમાન રાજ્યકર્તા ચંદ્રવંશી જાડેજાઓનો ઇતિહાસ શરૂ થાય છે.

કચ્છ – એક ભૌગોલિક એકમ

કચ્છની ભૌગોલિક અલગતાને લીધે કચ્છ બહારના લોકો કચ્છના રણ અને અખાતના નામોલ્લેખ સિવાય તળ કચ્છ વિષે બહુ ઓછું જાણે છે. આંતરિક અને બાહ્ય નજરે કચ્છ એક ભૌગોલિક એકમ હોઇ તેના સામાજિક અને રાજકીય ઇતિહાસની વિશિષ્ટતા નિરાળી પડી રહે છે. કચ્છનું જે ભૌગોલિક નિયુક્ત સ્થાન છે તેની અસર કચ્છની પ્રાકૃતિક અવસ્થા ઉપરાંત તેના સામાજિક અને આર્થિક જીવન ઉપર પણ ઊંડી છે. હિંદમાં બહુ ઓછે સ્થળે હશે તેવી (ટ્રેપના બનેલા અને બીજા) ડુંગરાઓની લાંબી ધારોની હારની હાર ક્ષિતિજ પર દૃષ્ટિમર્યાદામાં લંબાતી જતી આંખને આરામ આપે છે; ઊંચી ભેખડોવાળાં ઊંડાં નદીનાળાં; ટ્રેપ પ્રદેશની ખીણોમાં અને આજુબાજુમાં જ્યાં જમીનના અંતસ્તરમાં ઉપર જ મધુર પાણી મળે છે ત્યાંના ફળદ્રુપ વિસ્તારો અને ખેડવાણ મેદાનો; દરિયા કિનારાના પ્રદેશો કાંટાળાં રુક્ષ અરણ્યો અને વિસ્તૃત રણમેદાનો; આ બધું કચ્છની ભૂપૃષ્ઠરચનામાં વિવિધતા આણે છે અને કચ્છના સૃષ્ટિસૌંદર્યના દૃશ્યમાં ચિત્રમય રમ્યતા લાવી તેને આકર્ષક બનાવે છે. કચ્છનું હવામાન ઉનાળામાં ગરમ હોય છે અને ઋતુઓ ઘણુંખરું સૂકી હોઈ તંદુરસ્તી બક્ષનારી છે. વર્ષાઋતુ અનિયમિત છે અને વરસ ઘણાંખરાં કરવરાં આવે છે. કચ્છમાં કયાંકકયાંક ભૂતલનો આપકર્ષ તેની પરા-

---

૧ એમના સમયના કેટલાક સિક્કા પુંવરાના ગઢમાંથી મળી આવેલા છે તથા ઇસ્વીસનના પ્રારંભના સૈકાઓના ક્ષત્રપ કાળના શિલાલેખો કચ્છમાં આંધૌ તરફથી મળી આવેલા છે જે ભૂજના મ્યૂઝિયમમાં છે.

૨ કાંઠી–કચ્છમાં દક્ષિણે આવેલો દરિયાકિનારાનો ફળદ્રુપ પ્રદેશ.


૩ કંથકોટ–વાગડનો એક ડુંગરી કિલ્લો.

૪ જુઓ 'કચ્છનું રણ': 'કુમાર' ૨૦૦મો અંક.

૫ ગિરનારના રૂદ્રદામાના શિલાલેખમાં કચ્છને 'અશ્વકચ્છ' કહ્યો છે.

૬ ભદ્રેસરમાં સિદ્ધરાજના સમયનો શિલાલેખ છે.

૭ રવનો શિલાલેખ, ૧૨૭૧.



❙ 'મને પૂર્ણ વિશ્વાસ છે કે જગત એક દિવસ ગાંધીજીને સાચા રૂપમાં સમજશે, અને આ અંધકારમય વિશ્વમાં પ્રકાશ આણનાર તરીકે ગણીને તેમને વંદશે. દુનિયામાં અનાચાર ખૂબ વધી પડે છે ત્યારે ક્યાંક ને ક્યાંક, કોઇ ને કોઈ મહાનુભાવ પરમાત્માનો દિવ્ય પ્રકાશ લઇને અવતરે છે અને જગતની ભ્રમિત જનતાને સત્પંથે દોરે છે. ❙ ગાંધીજી એ જ કોટિની વ્યક્તિ છે. એમનાં દુઃખોમાં ભારતનું હણાએલું ગૌરવ મૂર્તિમંત થાય છે. એમના સત્યાગ્રહમાં આપણા દેશનું ગંભીર-જ્ઞાન પ્રકટ થાય છે. ❙ ગાંધીજી આજ સ્વતંત્ર નથી. એમના શરીરનો કદાચ નાશ થશે, પરંતુ એમનામાં ઈશ્વરી જ્ઞાનની જે સ્વર્ગીય જ્યોત ઝળહળે છે તે તો કદિ નથી બુઝાવાની.

સર સર્વપલ્લી રાધાકૃષ્ણન

કાઢ્યાએ છે, તેથી જમીનની ફળદ્રુપતા અને ભેજનો નાશ થાય છે. પરિણામે ખારપાટનો ફેલાવો થઇ રણવિસ્તારની અસર વધતી જ રહી છે. એવા કચ્છના કેટલાક વિસ્તારો હમણાંના જમાનાની અસરથી બિલકુલ પર હોઈ ત્યાં રગશિયાં ગાડાંમાં કે ઊંટ-ઘોડા પર મુસાફરી કરતાં મધ્યયુગી જીવનનું વાતાવરણ અનુભવતા આપણે સૈકાઓ પહેલાંના ભૂતકાળમાં વિહરતા હોઇએ એવું લાગે. અહીં વસતી આહિર, સથાર, રબારી, ચારણ, મેઘવાળ અને એવી બીજી કચ્છની આદિનિવાસી જાતિઓનાં જીવનધ્યેય, રીતરિવાજ, સામાજિક બંધારણો તથા સંસ્કૃતિમાં, ધર્મ અને લોકસાહિત્યમાં તરી આવતી તેમની પુરાતન ખાસિયતો આપણને ઇતિહાસના ઊંડાણમાં એ પ્રજાઓના ભૂતકાળ તરફ ખેંચી જાય છે. તેમની વચ્ચે વેરણછેરણ પડેલા આપણા પુરાવશેષો, પુરાતન સાહિત્ય, ઇતિહાસ, ભાષા અને એવાં અન્ય સ્મારકોનાં સંશોધન, સંપાદન અને સંરક્ષણ થવાની આવશ્યકતા છે.

કચ્છનું વિશિષ્ટ ભૂસ્તર[૯]

ઇતિહાસનો અભ્યાસ આપણને પુરાવસ્તુશાસ્ત્રનું જ્ઞાન મેળવવા જિજ્ઞાસુ બનાવે છે અને પુરાતત્ત્વનો સંપૂર્ણ અભ્યાસ કરવા ભૂસ્તરનું જ્ઞાન આવશ્યક બને છે; એટલે એ બધાં શાસ્ત્રો પરસ્પરાવલંબી રહી એવાં સંકળાએલાં છે કે એક વિષયનો અભ્યાસ કરવા આપણને એ બધા વિષયોનું જ્ઞાન અનિવાર્ય થઈ પડે છે. કચ્છનું ભૂસ્તર તદ્વિદોને અભ્યાસ અને સંશોધનની મહત્ત્વની સામગ્રી પૂરી પાડી વિશિષ્ટ વિષય બની રહે છે. ભૂસ્તરીય માપણીના સંશોધન ને અભ્યાસ માટે કચ્છ અતિ ઉત્તમ પ્રદેશ પુરવાર થએલો છે, તેમજ ત્યાંના ભૂસ્તરનાં પડો અને પથ્થરોનો અભ્યાસ નવા દૃષ્ટિબિંદુથી સમગ્ર હિંદના ભૂસ્તરને લાગતા મહત્ત્વના પ્રશ્નો પર અસાધારણ પ્રકાશ પાડે છે. ત્યાંના મુખ્યમુખ્ય ભૂસ્તરીય વિભાગો તો સ્પષ્ટ અને સાદા છે. સર નદીથી શરૂ કરી ઠેઠ કચ્છના પૂર્વ છેડા સુધી દક્ષિણમાં જળમળથી બનેલી (recent alluvium) જમીનની પટ્ટી છે. તે પછી ટર્શીયરી (tertiary)નો વિસ્તાર આવેલો છે; જેના ઉપર પડબંધ ટ્રેપ (stratified trap) અનિયમિતપણે પણ પશ્ચિમેથી શરૂ થતા ઠેઠ અંજાર સુધી સરાર આવેલા છે. તેની પછી ઉપરના ભાગે જ્યૂરાસિક (મધ્યયુગી પડો) તેની ઉપલી અને નીચલી શ્રેણીમાં આવેલા છે. વાગડમાં તો આ જ્યૂરાસિક પડોની પટએ જ જળમળથી બંધાએલી જમીન આવેલી છે. તેની ઉપર રણના ત્રણ (કહેવાતા) બેટો પચ્છમ, ખડીર અને બેલામાં દક્ષિણેથી ઉત્તરમાં જતાં જળમળની બનેલી જમીન, ટર્શીયરી અને જ્યૂરાસિક એમ અનુક્રમે ભૂસ્તરની પડરચના આવેલી છે. કચ્છના ભૂસ્તરનાં આ પડોમાં જે સમયે તે બંધાયાં તે તે સમયમાં થએલાં પ્રાણીઓ અને વનસ્પતિના અમૂલ્ય અને બીજે અલભ્ય એવા કેટલાક અશ્મીભૂત અવશેષો સમાયા છે જે તે યુગની પૃથ્વીની સ્થિતિ તથા તેના પ્રાચીન ઈતિહાસ પર સારો પ્રકાશ પાડે છે. આર્થિક નજરે પણ ભૂસ્તરનું આ જ્ઞાન અતિ ઉપયોગી પુરવાર થાય છે.

સમૃદ્ધ ભૂતકાળના અવશેષો

દરેક દેશની પ્રજાને તેના ભૂતકાળનું જ્ઞાન તેના ભાવિ ઘડતર અને વિકાસમાં માર્ગદર્શક થઇ પડે છે અને આપત્કાળમાં આ ભૂતકાલિન જ્ઞાન સહારો તથા આશ્વાસન આપી રહે છે. એટલે જ એવી પુરાતન સમૃદ્ધિનો ઉદ્ધાર થવાની અગત્ય આટલી બધી વધે છે. કચ્છના પ્રાચીનઇતિહાસના સળંગ અંકોડા મળતા નથી, તેમજ કચ્છ 'કચ્છ' તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારથી તેની પુરાતન પૂરી હકીકત પણ ઉપલબ્ધ નથી. પ્રાગૈતિહાસિક કાળના પથ્થરયુગના અને તે પછીના કાળના પુરાવશેષો કચ્છના ઊંડા જળમળથી બંધાએલા તેના રણકંધીપરના અને અન્ય ભૂમિભાગોમાં દટાએલા પડ્યા હોવાની સંભાવના છે તથાપણ તેની તપાસ હજુ હવે કરવાની છે. પુરાતત્ત્વની નજરે કચ્છના ઐતિહાસિક અવશેષોનું સંપૂર્ણ સંશોધન નથી થયું; નહિ તો સંભવ છે કે ધરતીકંપો, જ્વાળામુખી, પુરાણા વરુણસમુદ્ર કે આનર્તસાગરનું સૂકાવું, તથા હિમાલય અને તેની નદીઓની અસર નીચે થએલ કચ્છની ભૂમિ ને રણના બંધારણના સંજોગો જોતાં તેમાં ક્યાંક મોહેં-જો-ડે-રો જેવી સંસ્કૃતિના અવશેષો દટાએલા મળી આવે.

જમીનમાં ભંડારાઇ ગએલી એવી પુરાસમૃદ્ધિની વાત જવા દઇએ તોપણ અત્યારે કચ્છમાં પુરાતન ઇતિહાસની મહત્ત્વની સામગ્રી પૂરી પાડે તેવા ખુલ્લા પડેલા કેટલાક પુરાવશેષો છે અને તે રક્ષણના અભાવે વેડફાઈ જતા જોઈ દિલ દ્રવી ઊઠે છે. પુરાણકાલિન નારાયણસરોવર, કોટેશ્વર, ક્ષત્રપકાળના આંધૌ-જ્યાંથી એ સમય-

૯ આપણા પ્રસિદ્ધ ભૂસ્તરવેત્તા શ્રી ડી. એન. વાડિયાના પ્રમુખપદે આ વર્ષે વડોદરામાં ભરાએલી ઇંડિયન સાયન્સ કૉંગ્રેસના ૨૯માં અધિવેશનમાં તેના ભૂસ્તરવિભાગના અધ્યક્ષ ડૉ. રાજનાથનું પ્રવચન પણ 'કચ્છના ભૂસ્તરનાં મધ્યયુગી પડો' ઉપર હતું.

ના કીમતી શિલાલેખો[૯] મળ્યા છે, આઠમા શતકમાં પ્રચલિત એવી સૂર્યપૂજાના પ્રતીક જેવા કંથકોટ–કોટાયનાં સૂર્યમંદિરો, પદ્ધરગઢ અને કેરાકોટનાં શિવાલયો, દારાના સમયની મસ્જિદો ને એવા મહત્ત્વના અન્ય ઐતિહાસિક અવશેષો કચ્છમાં છે. આપણી કેટલીક નોંધો, પ્રબંધો, તવારીખો અને દફતરો સિવાય તત્કાલીન વિદેશી સાહિત્યમાં પણ આપણા પ્રાચીન ઇતિહાસને લગતી નોંધો મળી રહે છે; પણ એ લિખિત સામગ્રી કરતાં પણ શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ, મુદ્રાઓ, પાળિયાઓ વગેરે પ્રાચીન ઇતિહાસની સદ્ધર સાબિતિઓ પૂરી પાડે છે. પુરાતન સંસ્કૃતિના જ્ઞાનની આ પ્રકારની બહુવિધ સામગ્રી ઉપરાંત સ્થાપત્ય અને ભાસ્કર્ય જે સમયે એ ઘડાયું હોય તે કાળની સંસ્કૃતિની એ સાચી પ્રતિકૃતિ હોઈ તે વખતના રીતરિવાજ, રહેણીકરણી અને સમૃદ્ધિનો સચોટ ખ્યાલ આપે છે.

પુરાતન સંસ્કૃતિના જ્ઞાનની આ પ્રકારની વિવિધ સામગ્રી કચ્છમાં અસ્તવ્યસ્ત, અવ્યવસ્થિત અને અરક્ષિત પડી છે તેનો ઉદ્ધાર અને સંસ્કાર થવાની જરૂર છે. પણ તે થવાનો સુઅવસર આવે તે પહેલાં આજે તો એ કચ્છનાં કિર્તીમંદિરો સરખાં તેના એ ખંડેરોમાંનાં રખડપાટ કરી તેના ભૂતકાળની થોડી અવનવી ઝાંખી કરીએ. (ચાલુ)

---

૯ હિંદસરકારના ડાયરેક્ટર જનરલ ઑવ્ આર્કીઑલોજી રાવબહાદુર ડૉ. કે. એન. દીક્ષિતે મને કહેલું કે કચ્છમાંથી આજ લગીમાં મળી આવેલા બધા શિલાલેખોમાં આ શિલાલેખો અત્યંત મહત્ત્વના છે. આમાં ઉલ્લેખાએલા રાજા ચસ્તન અને તેના પૌત્ર રૂદ્રદામાના વિચક્ષણ નિર્દેશ વિષે વિવરણ કરતું પુષ્કળ સાહિત્ય છે. તેઓ ૧૯૧૫માં ભૂજ આવેલા ત્યારે ભૂજના મ્યૂઝિયમમાં તેમણે એ શિલાલેખો જોએલા અને ભૂજથી ખાવડા જતાં તેમણે પોતે ક્ષત્રપકાળનો એક વધારે શિલાલેખ શોધી કાઢેલો.

હરપ્રતિમા (પૂઠા ઉપરના ચિત્ર)ની કલયત્રી

કુમારી શકુન્તલા દીવાનનો ચિત્રલેખા તરીકેનો પરિચય તો ‘કુમાર’ના વાચકોને અગાઉ અંક ૧૩૨,૧૪૭,૧૫૩ તથા ૨૧૦માંનાં પૂર્ણરંગી ચિત્રોથી મળી ચૂકયો છે. આ ઊગતી પ્રતિભાને સુપોષણ આપવામાં તેના મામા શ્રી સર ચીનુભાઈનો પ્રધાન પુણ્યભાગ છે. તેના કલાશિક્ષણમાં શ્રી રવિશંકર રાવળ અને કનુ દેસાઇએ અનુક્રમે ફાળો આપી તેની ચિત્રકળા વિકસાવી છે.

થોડા વખત પર ભારતીય શિલ્પી શ્રી મહાપાત્રે સર ચીનુભાઈના આવાસમાં રહી કેટલીક શિલ્પકૃતિઓ તૈયાર કરી ત્યારે એ કાર્ય પ્રત્યક્ષ નિહાળવાની આ ચકોર વિદ્યાર્થિનીને જે તક મળી તેમાંથી નવી પ્રેરણા લઇ તેણે શિલ્પની દિશામાં પણ હાથ ચલાવ્યો. ત્યાર બાદ તેની તાલીમમાં કલાકાર શ્રી રસિકલાલ પરીખનો સાથ મળ્યો અને રંગરેખા જેવી જ મનોહર શૈલીમાં તેણે જે કેટલીક મૃણપ્રતિમાઓ (માટીની મૂર્તિઓ) સરજી છે તે પૈકી આ તાજેતરમાં બનેલી છે. પૂઠા ઉપર આપેલું ચિત્ર તો કેવળ તેનો એક ખંડમાત્ર છે. અસલ પ્રતિમા ૨II×૩ ફૂટનું સમૂહશિલ્પ છે જેમાં નંદી ઉપર સજોડે બિરાજેલાં હરગૌરીને આકાશમાં વિહરતાં બતાવ્યાં છે. પુરુષ અને પ્રકૃતિની જોડ જેવાં દેવદંપતીની એ મૂર્તિ એક સુંદર દર્શન બની છે. તેમાં શિવની પ્રતિમા જેવી ધીરગંભીર છે, તેવી જ ગૌરીની પ્રતિમા લાલિત્યમય સુઘટિત અને સુંદર છે. એ આખું શિલ્પ એકસાથે પ્રકટ કરતાં આ મુખછબીઓ નાની બની જાય અને તે કૃતિનું કૌશલ પૂર્ણ રૂપે ન સમજાય તેથી અમે ખંડચિત્રથી તેને એક પછી એક રજૂ કરવાનું ઉચિત ધાર્યું છે. આવતા અંકે ગૌરીનું વદન આપીશું અને તે પછી આખા યે શિલ્પનો ખ્યાલ આપતી છબી પણ આપીશું. ૨.

ટુચકા

‘કહેવાય છે કે આ ગામમાં ચોરનો ત્રાસ ઘણો છે. રાત્રે ઊંઘતા રહીશું તો આપણો આ ઘોડો ચોરાઈ જવાનો ભય છે. માટે તું સૂઇ જા અને હું ઘોડાની ચોકી કરતો જાગીશ.’ શેઠે પોતાના ભાકુત નોકરને કહ્યું. નોકર બોલ્યો, ‘અરે સાહેબ, આપ એ શું બોલ્યા? હું આપનો સેવક ઊંઘ તાણું અને આપ ઉજાગરો કરો? આપ સુખેથી ઊંઘ લો, હું કાળજીપૂર્વક ચોકી કરીશ.’

પહોર રાત વીતતાં શેઠે જાગીને પૂછયું, ‘અલ્યા શું કરે છે? ઘોડો તો સલામત છે ને? કેમ, કંઇ વિચારમાં છો?’ નોકરે જવાબ વાળ્યો, ‘ઘોડો તો સલામત છે. તે વિષે આપ બેફિકર રહો. હું તો માત્ર એ વિચાર કરતો બેઠો છું કે અસંખ્ય તારાઓથી ભરેલું આ વિશાળ આકાશ કોઇ જાતના આધાર વગર કેવીરીતે લટકી રહ્યું હશે!’ શેઠે નોકરને ચેતવતાં કહ્યું, ‘પણ તું તારી આ વિચારસૃષ્ટિમાં વિચરતો હો ત્યારે ઘોડો ઊપડી જાય નહિ.’ નોકરે ખાત્રી આપી કે ‘શેઠજી, ઘોડા બાબત આપ તદ્દન નિશ્ચિંત રહો તેની જવાબદારી મારે માથે.’

એક ઊંઘ કરી વળી જાગીને શેઠે પૂછ્યું, ‘કાં? શું વિચાર કરે છે? ઘોડો કયાં છે?’ નોકર બે લ્યો: ‘ઘોડો આ બાંધ્યો; પણ હું તો એ અચંબામાં પડી ગયો છું કે આટલી બધી વજનદાર પૃથ્વી પાણીની સપાટી ઉપર કેવી રીતે તરી શકતી હશે!’ શેઠે ખિજાઇને કહ્યું, ‘પણ તું આમ વિચારસાગરમાં ડૂબકાં મારતો હો ત્યારે મારો ઘોડો ઊપડી જશે તો હું શું કરીશ?’ નોકરે તુરત જવાબ આપ્યો, ‘શેઠ સાહેબ, આપ સુખેથી ઊંઘ લો; આ સેવક જાગતો જ બેઠો છે. ઘોડાને હું જરા યે આંચ આવવા નહિ દઉં.’

વહેલી પરોઢે જાગીને શેઠે પૂછ્યું, ‘કાં ભાઈ? શા વિચારમાં પડી ગયો છે? ઘોડાને કાંઈ વાંધો તો આવ્યો નથી ને?’ દિલગીરી દર્શાવતાં નોકર બોલ્યો, ‘સાહેબ, માત્ર એટલો જ વિચાર મને મૂંઝવે છે કે હવે આ જીન મારા માથા ઉપર મૂકવું કે આપના માથા ઉપર; કારણકે ચોર ઘોડાને ઉઠાવી ગયા, પણ જીન રહેવા દીધું છે!’

(ફારસી ઉપરથી) **હિંમતલાલ લીલાધર ગાંધી**

*

આંદામાન ટાપુઓ પર કાળાપાણીના કારાવાસની જ્યારે પહેલવહેલી સ્થાપના કરવામાં આવી ત્યારે ત્યાંના આદિવાસીઓ પોતાના ટાપુના આ નવા આવનારા વસાહતીઓ પર જે હુમલા કરતા, તેમાં તેઓ હાથકડીમાં જકડાએલા કેદીઓ તરફ તીર ફેંકતા નહિ,–એવી માન્યતાથી કે આ બંધનમાં પડેલા લોકો કાંઇ આપણી ભૂમિ આંચકી લેવા આવ્યા ન હોય; એટલે હાથકડી વિનાના નાનામોટા રખવાળ અમલદારો પર જ તેઓ આક્રમણ કરતા. આથી છેવટે, આ ત્રાસમાંથી બચવા રખવાળોએ પણ જાતે બેડીઓ પહેરીને કામ કરવાની સત્તાવાળાઓ પાસેથી મંજૂરી મેળવી. (ઇ. એસ. મૅન)

એમ? કેમ

માણસો ઘોરે છે શા માટે?

નાસિકામાર્ગમાં કંઇ કચરો, નડતર કે ખામી હોય ત્યારે માણસ ઘોરે છે અને ઊંઘમાં તેનાં નસકોરાં બોલે છે. એ અવાજ આપણો કાકડો જ્યાં લટકે છે ત્યાં તાળવાના કોમળ ભાગે આવેલા પડની હીલચાલથી થાય છે. ઊંઘમાં શરીર આરામ લેતું હોઇને સઘળા સ્નાયુઓ ઢીલા બને છે ત્યારે એ પડની હીલચાલ સરળ બને છે. સામાન્યતઃ ઘોરતી વખતે માણસનું મોં ખુલ્લું રહે છે, પણ એ નિયમ નથી.

મૃત્યુંજયી પ્રીતિ

(૧)

રમણીય સ્થળે આવેલાં બૌદ્ધમન્દિરોમાં સુરક્ષિત રહેલી કળાનો પરિચય કરવા અને પ્રખ્યાત દૃશ્યો જોઈને ઓળખવા સારુ પગે ચાલીને પ્રવાસ કરવાની જપાનમાં રીત છે. આ પ્રમાણે એક તરુણ કલાર્થી ડુંગરા ઉપર થઇને કયોતોથી યદો જવા નીકળ્યો હતો, ત્યાં એક દિવસ સાંઝે એ ભૂલો પડયો. ચાંદની હતી નહિ અને ચીડના પડછાયાથી એને ફરતું અંધારું વ્યાપી ગયું હતું. પવનના સુસવાટ ને કંસારીના કઠોર ટકોરા વિના કાંઈ શબ્દ કાને પડતો નહિ. એક ટોચે ચડીને જુએ છે તો ચારે કોર ટેકરીઓ ને ટેકરીઓ વિના કાંઇ ન મળે. આકાશના ચંદરવા નીચે રાતવાસો કરીશ એમ એ ચિંતવતો હતો ત્યાં તળેટીએ આવેલા કોઈ ઘરમાંથી દીવાનું અજવાળું આવતું એણે જોયું. ત્યાં જઈને એણે બારણું ખખડાવ્યું.

'કોણ છે?' એક સ્ત્રીના મધુર કંઠમાંથી સાદ નીકળ્યો.

'કલાર્થી છું. ડુંગરમાં ભૂલો પડયો છું. અહિં રાતવાસો કરવા મળે તો ઠીક, નહિ તો પાસેના ગામડાનો માર્ગ બતાવવા કોઈ આવે તો ય કૃપા.'

'આજ રાતે ગામડે પહોંચવું કઠણ છે; મારગ ભયંકર છે.'

થોડી વારે બારણાં ઉઘડયાં, ને એક બાઈ કાગળનું ફાનસ લઈને આવી તે એણે અભ્યાગતના મોઢા સામું ધર્યું. ધારી ધારીને એને જોયા પછી બાઈ કહે, 'ખમો, પાણી લઈ આવું.' પાણી આવ્યું એટલે કલાર્થીએ પગ ધોયા, અને ઘરમાં પ્રવેશ કર્યો. હવે એને સ્ત્રીનું મુખ જોવાની તક મળી તો તેના લાવણ્યથી એ ચકિત થઈ ગયો.

વિલક્ષણ મીઠાશવાળે સ્વરે તે બોલી: 'હું હવે એકલ છું, ને અતિથિસત્કાર કરતી નથી, પણ આજ રાતે આગે પ્રવાસ કરવામાં તમને જોખમ છે. પડોશમાં ખેડૂત છે, પણ એને ઘેર ભોમિયા વિના જવાય એમ નથી. એટલે સવાર લગી તમે અહિં રહો. સોઈ જોઇએ એવી નથી, પણ તમને ગાદલું આપીશ. અને મને લાગે છે તમે ભૂખ્યા હશો. થોડીક ખીચડી છે; બહુ સારી તો નથી પણ જેવી છે એવી તમારી આગળ ધરીશ.'

પ્રવાસી તદ્દન ભૂખ્યો હતો, એટલે એણે ખીચડી સ્વાદથી ખાધી. ખાતાં ખાતાં એણે જોયું તો ઘર નાનું પણ અત્યંત ચોકખું હતું. ઓરડામાં થોડીક વસ્તુ હતી તે સસ્તી પણ સુન્દર હતી. આરિયા ઉપર કાગળના ચાકળા હતા તેમાં વાસન્તીલતા, સાગરતરંગ, ગિરિમાળા, મેઘરાજ, ગગનવિહારી તારા, શરત્પૂનમનો ચન્દ્રમા, નદીઓનાં નીર, ગંદમંદ વાતો પવન,—આવું આવું સૂચવતા સુરેખ ચીનાઈ અક્ષરો હતા. એક પડખે નાનકડી બાજોઠડી ઉપર નાનકડું દેવાલય હતું, એનાં ઉઘાડાં બારમાંથી દેવ થએલા માનવનો સ્મારક શિલાપટ્ટ દેખાતો હતો, અને એની આગળ દીવો કરીને વનલતાનાં ફૂલ ધરેલાં હતાં. આ ઘરદેરી ઉપર દયાદેવીનું સુન્દર ચિત્ર ટાંગેલું હતું.

કલાર્થીએ વાળુ કરીને ચળૂ કર્યું એટલે તરુણી બોલી: 'ગાદલું સારું નથી, ને મચ્છરદાની કાગળની છે. ગાદલું મારું છે, પણ આજ રાતે મારે ઘણાં કામ છે, અને ઊંઘવાનું વેળું મને નહિ મળે; એટલે જોઇએ એવી સગવડ કાંઇ નથી તો ય તમે હવે આરામ કરો.'

હવે એ સમજ્યો કે બાઈ કોણ જાણે કેમ પણ તદ્દન એકલી છે, ને દયાળુ બહાનું કાઢીને એનું એક ને એક ગાદલું પોતાને સૂવા આપે છે. ભોંય ઉપર હું મોજથી સુઈશ, ને મચ્છરની મને બીક નથી એમ એણે કહ્યું, પણ મોટી બહેન પ્રમાણે બાઈએ કહ્યું કે 'હું કહું એમ તમારે કરવાનું છે.' એમ કરીને એણે ગાદલું ભોંયતળિયે પાથર્યું, મચ્છરદાની બાંધી, અને દેવસ્થાન કોર પથારી આડો મોટો પડદો ટાંગ્યો.

પ્રવાસી બહુ થાકેલો હતો, એટલે સૂતા ભેળી એને નિદ્રા આવી ગઈ. પણ થોડી વારે કાંઇક વિલક્ષણ અવાજથી એ જાગી ગયો. એ અવાજ પગરવ જ હતો, પણ ધીમે ચાલતા પગનો નહિ, પરંતુ વેગથી ઘૂમતા પગનો ધમધમાટ હતો. એને થયું કે કદાચ ચોર આવ્યા હોય. પોતા આગળ તો કાંઇ હતું નહિ પણ એનું આતિથ્ય કરનારી બાઈને કારણે એને ચિન્તા થઈ. મચ્છરદાનીની ચારે કોર વચ્ચે ભૂખરી જાળનું ચોરસ જાળિયું હતું, એમાંથી એણે જોયું, પણ પડદો એને આડો આવ્યો. એટલે ઝટઝટ લુગડાં પહેરી, મચ્છરદાની બહાર નિકળીને એ પડદાની કોરે ગયો, ડોકિયું કરીને જોયું, તથા જોઇને સ્તબ્ધ થઈ ગયો.

દીવાવાળી દેરડી આગળ સરસ વસ્ત્ર પહેરીને તે તરુણ સ્ત્રી એકલી નૃત્ય કરતી હતી. એનો અદ્ભુત નાચ જોઈને કલાર્થીને ઘડીક તો શંકા પડી કે આ તે કાળા માથાની માનવી છે કે કોઇ દેવાંગના. પોતાને ન જોવાનું પોતે જોઈ રહ્યો છે અને પોતે તરત પડદા પાછળ ચાલ્યા જવું જોઇએ એમ એને થયું, પણ નૃત્યના દેખાવથી એ મુગ્ધ બનેલો હતો. આવું નૃત્ય એણે કદાપિ જોયેલ નહોતું, ને જેમ એણે તે વધારે જોયું તેમ તેનો પ્રભાવ એના ઉપર વધારે પડયો. નર્તકીએ એકાએક નાચ બંધ કર્યો, અને અતિથિને જોઈને ચમકી.

અતિથિએ ક્ષમા માગી અને કહ્યું, કે 'મોડી રાતે ઉતાવળે ફરતા પગના ધબકારા સાંભળીને હું જાગી ગયો ને મેં જે જોયું તેથી આશ્ચર્ય થયું. તમે કોણ હશો, આવું અલૌકિક નૃત્ય કરતાં તમને ક્યાંથી આવડયું હશે એની મને જિજ્ઞાસા થઈ. નાચ તો મેં બહુ જોયા છે, પણ તમારા જેવી નર્તકી મેં કદાપિ જોઈ નહોતી, એટલે મારી આંખને હું પાછી ખેંચી ન શકયો.'

પ્રથમ તો બાઈને રીસ ચડી, પણ પછી તે બોલી, 'મને એકલી નાચતી જોઈને તમે મને ગાંડી ધારી હશો એટલો જ મને ખેદ છે. હવે તમે જે જોયું એનો અર્થ હું તમને કહું. રાજધાનીની હું મુખ્ય નર્તકી હતી, પણ મારા ઉપર અનુરક્ત એક જુવાનને સંગે લઈને ધન તથા માનથી દૂર ભાગી. ડુંગરામાં નાનકડું ઘર બાંધ્યું, ને ત્યાં એકબીજાને સારુ જ કેટલાં ય વર્ષ રહ્યાં. મારો નાચ જોવાનું એને બહુ ગમતું. નિત્ય સાંઝે એ પોતાનો પ્રિય રાગ વગાડે અને હું નાચું. પણ એક શીયાળે એ માંદો પડયો, ને મેં બહુ બહુ પરિચર્યા કરી તો યે એનો દેહાન્ત થયો. ત્યારથી એની સુપ્રિય સ્મૃતિને વરેલી હું અહિં રહું છું, એનું શ્રાદ્ધ કરું છું, એને ચરણે દિને દિને નિવેદ ધરું છું, ને રાતે પહેલાંની પેઠે એને પ્રસન્ન કરવા નૃત્ય કરું છું. તમે થાક્યા-પાક્યા ઊંઘ્યા હતા ત્યાં તમારી નિદ્રાનો ભંગ કર્યો એ અવિનય કહેવાય, પણ તમે ઘસઘસાટ ઊંઘી ગયા છો એમ જાણ્યું ત્યાં લગી હું ખમી, અને પછી હળવે પગે નાચી. આમ અજાણતાં તમારા આરામમાં વિક્ષેપ પાડયો તેની ક્ષમા કરજો.'

એમ કહીને એણે ચા કર્યો તે મહેમાને પીધો ને પછી બાઈએ એને નિદ્રા કરવા કહ્યું. એ સૂઈને ઊઠયો ત્યાં દિવસ ઠીકઠીક ચડી

ગયો હતો, ને રોટલા થઈ ગયા હતા તે બાઈને કલાર્થી નિકળ્યો. નીકળતા પહેલાં એણે કાંઇક પૈસા આપવા માંડ્યા તે બાઈએ ન લીધા ને કહ્યું, 'મેં આપ્યું એના પૈસા લેવા જેવું છે નહિ; મેં કર્યું છે તે કેવળ ભાવથી કર્યું છે, એટલે અહિં અગવડ પડી હોય તે વિસરવા પ્રયત્ન કરજો, અને જેની આગળ બીજાને આપવા જોગ કાંઇ હતું નહિ તેનો સદ્‌ભાવ જ સંભારજો.'

બાઈના સૌન્દર્ય તથા સૌજન્યથી વિસ્મિત થયેલો પ્રવાસી એનો અનુગ્રહ માનીને નિકળ્યો. બાઈએ બતાવેલી કેડીએ ચડીને એ ડુંગર ઉતર્યો, તથા પરિચિત રસ્તો એને તરત જડી ગયો.

(૨)

ઉપલી વાતને કઈક વર્ષ વીતી ગયાં. જુવાન પ્રવાસી હવે વૃદ્ધ થયો હતો, પણ વૃદ્ધ થયા પહેલાં તે પ્રખ્યાત તથા ધનવાન ચિતારો બન્યો હતો, ને રાજધાનીમાં સુન્દર ઘર ચણાવીને એમાં રહેતો હતો.

એને ઘેર એક દિવસ એક ડોશી મળવા આવી. ભીખારણ હશે એમ જાણીને ચિત્રકારના નોકરોએ એનો ભાવ પૂછ્યો નહિ, ને 'શેઠ આદકયોમાં નથી; કેદી પાછા આવશે તે કોણ જાણે,' 'શેઠ માંદા છે,' 'કામમાં છે,' એવાં ગપ્પાં મારીને એને અનેક ધક્કા ખવરાવ્યા. તો પણ બાઈ તો નિત્ય એક નાનકડી પોટલી લઈને આંટો આવી જ જાય; એટલે નોકરોએ ચિતારાને વાત કરી. ચિતારો કહે, 'મને પહેલાં કહેવું હતું ને.' એમ કહીને એ બહાર ગયો ને વૃદ્ધાને માનસહિત પૂછ્યું કે શું જોઈએ છે. બાઈ કહે, 'મારે પૈસા કે ખાવાનું ન જોઇએ, પણ મારે એક ચિત્ર ચિતરાવવું છે.' ચિત્રકાર બાઈને ઘરમાં તેડી ગયો ત્યાં તેણે પોટલી છોડીને જરી ગયેલાં ને રંગ ઉપટી ગયેલાં કાળાન્તરનાં સોનેરી ભરતકામવાળાં રેશમી કપડાં કાઢ્યાં.

ત્યાં તો બહુ દિવસ પહેલાંનો પ્રસંગ ચિત્રકારને સાંભર્યો, ને એ બોલ્યો, 'ક્ષમા કરજો કે હું ઘડીક તમારી મુખમુદ્રા ભૂલી ગયો હતો, પણ આપણો મેળાપ થયો એને ચાળીશ ચાળીશ વર્ષ થઈ ગયાં. હું તમારે ઘેર પરોણો થઈને આવ્યો હતો, તમારું એકનું એક ગાદલું તમે મને પાથરી દીધું હતું, મેં તમારું નૃત્ય જોયું અને તમે તમારો વૃત્તાન્ત મને કહ્યો. તમારું નામ હું વિસર્યો નથી.'

એમ કરીને એણે બાઈનું નામ લીધું. બાઈએ પોતાનો પાછલો ઇતિહાસ કહ્યો. નિર્ધનતાને લીધે એને ઘર વેચી નાખવું ને રાજધાનીમાં આવવું પડ્યું. એક તો સ્નેહસ્મરણવાળું ઘર ગયું, વળી અવસ્થા તથા અશક્તિને લીધે હૃદયનાથ આગળ પોતે નાચી શકતી નહિ એનું એને મન દુઃખ હતું. એટલે હવે એને નર્તકીનાં કપડાં તથા મુદ્રાવાળું પોતાનું ચિત્ર ચિતરાવીને દેરડી આગળ ટાંગવું હતું. ચિત્રકાર કહે, 'તમારું ચિત્ર હું આનંદપૂર્વક ચિતરી દઈશ. પણ આજ આઘું ઠેલાય નહિ એવું થોડુંક કામ છે તે થઈ જાય એટલે કાલ તમે અહિં આવજો, અને તમારી ઇચ્છાનુસાર હું તમારું ચિત્ર કરીશ.'

'પણ મને દુઃખદાયક એક વાત મેં તમને નથી કરી. તે એ કે ચિત્ર ચિતરામણ દાખલ દેવા સારુ આ નકામાં ચીર વિના મારી આગળ કાંઇ નથી.'

'એની કાંઇ ચિન્તા નહિ. તમારું મારી આગળ ઋણ છે તે થોડું ઘણું ચૂકવવાની આ તક મને મળી છે, એટલે કાલ તમે કહેશો તેમ ચિત્ર ચિતરી દઈશ.'

બાઈ ચિતારાને પગે લાગી ને બોલી, 'મને માફ કરજો, પણ હજી એક વાત મારે કહેવાની છે. આજ હું છું એવી નહિ, પણ જુવાન હતી અને જેવી હતી એવી છબી ચીતરવાની છે.'

'મને રૂડી રીતે સાંભરે છે. તમે બહુ સુન્દર હતાં.'

'મને એવી ચીતરજો કે જે ભવ્ય આત્માને સારુ મેં આપને આ કષ્ટ આપ્યું છે એ આત્મા ચિત્ર જોઈને તૃપ્ત થાય, અને હું નાચી શકતી નથી એની મને ક્ષમા કરે.'

'ભલે. કાલ કોઇ રાજરાજેશ્વરનું ચિત્ર ચીતરતો હોઉં એટલી સંભાળપૂર્વક હું તમારી છબી આળખીશ.'

(૩)

બીજે દિવસે સુંવાળા ધોળા રેશમ ઉપર ચિત્રકારે બાઈની તરુણ અવસ્થાનું ચિત્ર કાઢ્યું, અને સરસ કપડા ઉપર ચોડ્યું, હાથીદાંતનાં તોલાં સહિત દેવદારની લાકડીઓ લગાડી, ટાંગવા સારુ હીરની દોરી બાંધી અને ધોળા લાકડાની નાનકડી ડાબલીમાં તે મૂકીને બાઈને આપ્યું. પૈસા પણ આપવા માંડ્યા, પણ તે એણે ન લીધા.

નવલખાં મોતીસમાં આંસુ સારતી તે બોલી: 'ના, ના. મારે કાંઇ ન જોઇએ. એક ચિત્ર જ જોઇતું હતું. હવે મારે કાંઈ તૃષ્ણા રહી નથી. એક વાતનું મને દુઃખ છે કે તમને આપવા સારુ આ ચીથરાં વિના મારી આગળ કાંઇ નથી. એ તમે લઈ લ્યો. ભગવાન્ તમારું કલ્યાણ કરો.'

ચિત્રકારે સ્મિત કરીને કહ્યું, 'મેં તમને કાંઇ કરી દીધું નથી. લુગડાં હું લઉં તેથી તમને સંતોષ થાય એમ હોય તો લઈ લઈશ, ને એને જોઇને તમારા ઉપકારનું સ્મરણ કરીશ. પણ હવે કહો કે તમે ક્યાં રહો છો, એટલે ચિત્રને એને ઠેકાણે પહોંચતું કરું.'

તમારા જેવાને આવવા જેવું મારું ઘર નથી એમ કહેતીક ને બાઈ ચાલતી થઈ.

ચિત્રકારે એક શિષ્યને કહ્યું, 'આ બાઈ ન જાણે એમ એની વાંસે વાંસે જા, અને એ ક્યાં રહે છે તે જોઈ આવ.' એટલે એ જુવાન બાઈની પાછળ ચાલ્યો. બહુ વારે એ પાછો આવ્યો, ને કહે, 'જ્યાં અપરાધીને શૂળીએ ચડાવે છે એ ઠેકાણે નદીના પટ લગી હું બાઈની પાછળ પાછળ ગયો. ત્યાં એક ઝુંપડામાં એ રહે છે. જગ્યા ઉજ્જડ ને અસ્વચ્છ છે.'

'એ અસ્વચ્છ ઠેકાણે મને તું કાલ તેડી જજે,' ચિત્રકાર કહે. 'હું બેઠો છું ત્યાં લગી એ બાઈને અન્નવસ્ત્ર ને આશરાની ખોટ ન પડવી જોઇએ.' એમ કરીને એણે પોતાની જુવાનીમાં બનેલો પ્રસંગ કહી સંભળાવ્યો.

(૪)

ત્રીજે દિવસે ગુરુશિષ્ય નગર બહાર આવેલે એ ગોઝારે ઠેકાણે ગયા. જઈને બાઈનું બારણું ખખડાવ્યું. સાદ દીધા, પણ કાંઇ ઉત્તર ન મળ્યું, એટલે ચિત્રકાર એકલો માલીકોર ગયો. જઈને જુએ છે તો જાણે નિદ્રાધીન ન હોય એવી દશામાં ફાટલતૂટલ કપડાં પહેરીને પ્રેમની જોગણ પડી છે. એના મોઢા આગળ ચાળીશ વર્ષ પહેલાંની ઘરદેરી છે, ને દેરી પાસે દીવો પ્રકટાવેલો છે. દેરીની સામી ભીંતે પોતે ભેટ આપેલું ચિત્ર ટાંગેલું છે. આ વિના ભિક્ષુણીનાં વસ્ત્ર, દંડ, અને કમંડલુ હતાં. ઘરમાં બીજું કાંઇ ન મળે.

પણ આ વસ્તુ જોવા ચિત્રકાર રહ્યો નહિ; એને તો ઊંઘનારીને જગાડવી હતી, એટલે એનું નામ લઈને એને એણે બેત્રણ વાર બોલાવી.

પછી એણે જાણ્યું કે બાઈનો તો જીવ ઊડી ગયો છે, ને પોતા કરતાં વધારે બળવાન ચિત્રકારના હસ્તસ્પર્શને પ્રતાપે એના મુખ ઉપરથી શોકરેખા ભૂંસાઈ ગઈ છે, ને કોઈ અનિર્વચનીય માધુરી રેલી ઊઠી છે.

દેસાઈ વાલજી ગોવિન્દજી

[લાફકાડિઓ હર્નના અંગ્રેજી પરથી]

શિક્ષક–હું નાનો હતો ત્યારે કદિ જુઠું બોલ્યો નથી.
જયંતી–ત્યારે શરૂઆત ક્યારથી કરી, સાહેબ ?

પંઢરપુર

એક નાનો પરિચય-પ્રવાસ

પૂનાથી ઊપડયા ત્યારે તો રાયચુર થઈને મદ્રાસ જવાનો અમારો વિચાર હતો. કુર્દુવાડી પહોંચ્યા ત્યારે, ત્યાંથી પંઢરપુર જવાય છે એમ ખબર પડી. પંઢરપુર જવાનો વિચાર ઘણા વખતથી હતો ત્યાં આ તક મળી ગઈ, એટલે ઝાઝો વિચાર કર્યા વગર અમે સામાન બાંધી કુર્દુવાડી જ ઊતરી પડયા!

કુર્દુવાડીમાં અમને લગભગ પોણાત્રણ કલાક મળ્યા. આખું ગામ જોયું. વિશાળ જગ્યા સાથેની નિશાળ બહુ સરસ લાગી. એક બીજી વસ્તુએ અમારું ધ્યાન ખેંચ્યું: ગામના ચોરા પાસેના લીમડા ઉપર હિંદુ ધ્વજ ને મુસ્લિમ ધ્વજ એકસાથે ફરકી રહ્યા હતા. અમને થયું કે એ બંનેની ઉપર એક ત્રિરંગીધ્વજ હોત તો કેવું સારું થાત!

પંઢરપુર જવા માટે કુર્દુવાડીથી જુદી ગાડીમાં બેસવું પડે છે. બીજા 'પ્લાટફારમ' પર જઈ, ટિકિટ લઈ, અમે ગાડીની રાહ જોતા ઊભા. પણ ગાડી આવી એ જોઈને અમે ઠરી જ ગયા. 'બાપુની ગાડી' જેવી ગાડી અહીં પણ હશે એમ અમે ધાર્યું ન હતું!

ગિરદી ઠીક હતી. મોટામોટા ચાંલ્લા અને હાથે તથા મોઢે, અણઘડ રીતે ત્રોફાએલાં ત્રાજવાંવાળા ભોળી ને શ્રદ્ધાળુ—અતિ શ્રદ્ધાળુ સ્ત્રીઓ, બીડીનાં ઠૂંઠાં ફૂંકતા, સફેદ કે રંગબેરંગી ફેંટા વીંટાળેલા પુરુષો, ને અર્ધાં નાગાં, આગળ ચોટલી ને પાછળ મૂંડો એવાં માથાંવાળા બાળકોથી અમારો ડબ્બો ચિકાર હતો. એમનાં જ જાતિના, પણ પૂના કે સોલાપુર જઈ લેંઘો ને મફલર પહેરતાં શીખી આવેલા એકબે જુવાનો પણ હતા. બધાના ચહેરા પર એક જાતનો સાત્ત્વિક આનંદ દેખાતો હતો. અમારા 'ગુજરાતીપણા'થી અમે સૌથી જુદા તરી આવતા હતા. કલબલાટ બહુ હતો છતાં અસહ્ય ન હતો. ઘણા અમારી સામે તાકીતાકીને-કંઈક માનભરી નજરે—જોતા હતા. પાંડુરંગને મળવા જતાં તેમના દિલમાં જે આનંદ થયો હતો તે અમારા હૃદયમાં કેમ નહિ ઉદ્ભવ્યો હોય એનો અમે વિચાર કરતા હતા. એમના દિલમાં શા વિચારો ચાલતા હશે એ તો ઈશ્વર જાણે! રસ્તો કપાતો હતો. સ્ટેશનો બહુ સારાં ન હતાં. મોડનિંબ કંઇક સારું હતું. અમારી ગાડીની જાત 'ફાસ્ટ' હતી અને એ ગાડીમાં કુર્દુવાડીથી પંઢરપુરનો તેત્રીસ માઇલનો રસ્તો માત્ર બે કલાકમાં કાપી, અમે બરાબર બાર ને પાંત્રીસે પંઢરપુર પહોંચ્યા. ગાડી સમયસર ઉપડી ને સમયસર પહોંચી હતી!

પંઢરપુરના સ્ટેશનની અંદર મજૂરો અને બહાર મહારાજો ઊભા હતા. ભોજનગૃહ કે ધર્મશાળામાં ઊતરીશું તો બધી વસ્તુની સંપૂર્ણ માહિતી નહિ મળે એમ સમજી, એકાદ ગોરને ત્યાં જ ઊતરવાનું નક્કી કરી અમે બહાર નીકળ્યા. માખીઓ ગોળને ઘેરી વળે એમ ગોરમહેરાજોએ અમને ઘેરી લીધા. અમે કંઈક અમારા જેવો 'નવા જમાનાનો' લાગતો એક ગોર પસંદ કર્યો અને તેને દૂર લઈ જઈ કહ્યું:

"જુઓ, અમે કંઈ ધાર્મિક માન્યતાથી અહીં નથી આવ્યા. માત્ર બધું જોવા આવ્યા છીએ. તમારી પાસેથી દરેક વસ્તુની જાણકારી મેળવી શકાય ને વળી સામાન્ય રીતે હૉટેલ કરતાં ઘરનું ભોજન સારું એમ સમજી તમારે ત્યાં આવીએ છીએ.

'સાહેબ'નું નામ સાંભળી મહારાજ કંઈક ચમકયા. આવા યજમાન અગાઉ કોઈ મળ્યા હતા કે નહિ તેનો એ વિચાર કરવા લાગ્યા. થોડી આડીઅવળી વાત કરી આખરે કહે 'શેઠ! આ તીર્થમાં આવું હોય નહિ. તમે રાજી થઈને જે આપવું હોય તે આપજો અમે ખુશીથી સ્વીકારી લઈશું.' અમે કહ્યું 'એ બધું બરોબર! પણ પાછળથી કશી તકરાર ન જોઇએ.'

એમણે કશો જવાબ ન આપ્યો. છ આનામાં એક ટાંગો એ ઠરાવી લાવ્યા ને અમે એમને ઘેર ગયા. બે ત્રણ નાની ગલીઓમાંથી પસાર થયા બાદ એક નાના માળના ઘરમાં અમે દાખલ થયા. ઘર સુઘડ અને સ્વચ્છ હતું. એમની વહુ ને પિતાએ અમને આવકાર આપ્યો અને જરા વાર પછી કપડાં લઈ અમે નદીએ ઊપડયા.

મધ્યાહ્ને પણ નદીનું દૃશ્ય આકર્ષક હતું. સવારમાં, ઊગતા સૂર્યનાં ગુલાબી કિરણોથી નદીનો આખો પટ છવાઈ જતો. નદીમાંની હોડીઓની ધજાઓ ને મંદિરનાં શિખરો એ નવતેજમાં ચમકી ઊઠતાં. થોડે દૂરની ઝાડીમાંથી મીઠી સૌરભ ફેલાતી. આરતીના ઘંટારવ ને બ્રાહ્મણોના ગાયત્રીમંત્રોચ્ચારથી વાતાવરણમાં અનોખું સંગીત રેલાતું. શ્રદ્ધા અને ભક્તિનું સાત્ત્વિક વાતાવરણ, ત્યાં મનને અપૂર્વ શાન્તિ આપતું. નદીનું સમગ્ર દૃશ્ય આંખ અને હૃદયને ગમતું ને ભાવતું હતું. સાંજે પણ એ જ મનોહર કલામય દૃશ્ય આંખને જોવા અને હૃદયને અનુભવવા મળતું હતું. અમારા નસીબમાં તે બેમાંથી એક પણ દૃશ્ય જોવા અનુભવવાનું નહિ લખાયું હોય. મધ્યાહ્ને પણ કેટલાક લોકો નહાતા હતા, કેટલાક પોતે નાહી રહ્યા પછી પોતાનાં કપડાંને નવડાવતા હતા. ગુજરાતી સ્ત્રીઓમાં સામાન્ય રીતે જે શરમ ને સંકોચ આવે સ્થાને દેખાય છે તે અહીંની સ્ત્રીઓમાં, પ્રમાણમાં ઓછાં દેખાયાં.

નદીનાં નીર શીતળ હતાં. મધ્યાહ્ને એમાં નાહવું આહ્‌લાદક હતું. તેમાં યે ચંદ્રભાગામાં નાહવું એ અમારે મન એક અપૂર્વ લહાવો હતો. ચંદ્રભાગા એ મહારાષ્ટ્રની લાડકી નદી. એને ભીમા પણ કહે છે અમે નાહ્યા, ખૂબ ખૂબ નાહ્યા ને પછી ટાઢમાં ધ્રૂજતા પાછા ગોરને ઘેર ગયા.

જમવાનું તૈયાર હતું. રોટલીનો આકાર ને દાળનો સ્વાદ વિચિત્ર હતાં. વૃદ્ધ ગોરે તો આગ્રહ કરીને પીરસાવ્યું. ભાવે એવું તો ન હતું, છતાં ભૂખ મટાડવા અમે જમ્યા.

કાકાસાહેબે પંઢરી વિષે લખેલું તે યાદ હતું. એ બધું જોવા ઉત્સુક હતા, એટલે જમીને જરાક આરામ લઇ અમે પાછા એક નાના છોકરા સાથે ઊપડયા. સ્ટેશનવાળા ગોર તો કયાં ગુમ થઈ ગયા એ જ સમજાયું નહિ. નદી પર જઈ આખી હોડી કરી. સામે કાંઠે શ્રી મહાપ્રભુજીની બેઠક છે; પણ ત્યાં જવાનો અમારો વિચાર ન હતો એટલે સીધા ગોપાળપુર ઊપડયા.

નાવ ધીરેધીરે પાણી કાપતી આગળ વધતી હતી. વચ્ચે નદીમાં એક મંદિર આવ્યું. દર્શન કરી અમે આગળ વધ્યા. ગોપાળપુર બહુ સરસ હતું. ત્યાં આગળ જઇને જમવાનો મહિમા બહુ લાગ્યો. કેટલાં યે સ્ત્રી-પુરુષ-બાળકો ત્યાં હોંશથી ખાતાં હતાં. સામે સંખ્યાબંધ હોડીઓ પોતપોતાના બેસારૂઓની રાહ જોતી ઊભી હતી. રંગબેરંગી નાની-મોટી ધજાઓ ફરફરાટ કરતી હતી. દેખાવ બહુ સુંદર ને હૃદયંગમ હતો. ત્યાંથી થોડે દૂર પગે ચાલીને અમે સંત-સખુબાઈનું ઘર જોવા ગયા. એક ઘંટી ને એક સાંબેલું એમ બે ચીજ અમને બતાવવામાં આવી. જનાબાઇનું સ્મારક પણ ત્યાં જ હતું. કેટલીક સ્ત્રીઓએ તે સ્થાનનો કબજો લીધો હતો અને ગમે તે બહાને જનાર પાસેથી તે પૈસા કઢાવતી હતી. અમે તો કશું આપ્યા વગર જ પાછા ફર્યા. એ જગ્યા બહુ આકર્ષક ન લાગી. પાછા હોડીમાં અમે પંઢરપુર આવ્યા. જવાઆવવાનું એકંદર અંતર ભાગ્યે જ માઈલ હશે; છતાં એ જળ-પ્રવાસમાં બહુ મજા પડી.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ (બી. બી. કુનીબંદા)

સંત તુકારામે જ્યાં પોતાનાં કાવ્યોને પત્થર સાથે બાંધી ડૂબાડી દીધાં હતાં ને સરસ્વતીની કૃપાથી એ પાછાં તરતાં થઇ ગયાં હતાં તે કુંડમાં આજે પણ પત્થરની હોડી તરે છે! ઘણા લોકો ત્યાં ઊભા હતા, પણ કુંડ પરનો માણસ, પૈસા લીધા વગર હોડી તરતી દેખાડવાની ના પાડતો હતો! અમે જઇને છ પૈસા આપ્યા. પેલાએ હોડી પાણીમાં મૂકી, જરા વાર તરાવી, ને પછી, વગર પૈસે આ ચમત્કાર જોતા માણસો તરફ કંઈક તિરસ્કારભરી નજર ફેંકતાં પાછી કાઢી લીધી. થોડીવાર આમતેમ ફરી અમે વિઠોબાનાં દર્શને ઊપડયા.

વિઠોબા મહારાષ્ટ્રીઓના લાડકા દેવ. પાંડુરંગ નામ સાંભળતાં જે રોમાંચ મહારાષ્ટ્રીય હિંદુ અનુભવે તે ભાગ્યે જ બીજા કોઈ પ્રાન્તનો હિંદુ અનુભવે. વિઠોબાને ગુજરાતીઓ વિઠ્ઠલનાથના નામે ઓળખે છે—પંઢરપુરને ઘણા વિઠ્ઠલનાથજી જ કહે છે. મંદિરનો બાહ્ય દેખાવ આકર્ષક છતાં ગુજરાતનાં મંદિરો જેવો વૈભવવંત ન લાગ્યો. મહારાષ્ટ્રની સામાન્ય ગરીબાઈ એમાં કારણભૂત હોય એ બનવાજોગ છે. છતાં એ ગરીબાઇમાંથી જન્મેલી સાદાઈ શોભામય હતી. મંદિરના પ્રત્યેક સ્તંભ સાથે કોઈ ને કોઇ સંતનું નામ અંકિત હતું. હિંદુ ધર્મના એક સ્તંભ તે મંદિર ને તે મંદિરના કેટલાક સ્તંભો એટલે સંતો! સંતો ને ભક્તો એ ગરીબોના, આમ પ્રજાના, બધા વર્ણોના પ્રતિનિધિઓ. વિઠ્ઠલનાથ તો ગરીબોના જ દેવ! મંદિરમાં ગરીબ ભોળાં સ્ત્રીપુરુષો પાંડુરંગનાં દર્શને હર્ષઘેલાં થઈ આમતેમ ફરતાં હતાં.

અમારા 'નાના ગોરે' અમને ચેતવી દીધા હતા કે તમારે મંદિરમાં જે ધરવું હોય તેનો અર્ધો ભાગ પહેલાં ધરજો નહિ તો ધાર્યા કરતાં બમણું દેવું પડશે; કારણકે અહીં બે પૂજારી છે ને બંનેને સરખું આપવું પડે છે! અમારે તો કોઇને કંઈ જ આપવું ન હતું! અમે મંદિરમાં દાખલ થયા. અમારો 'દેખાવ' જોઇને પૂજારીજીએ જગ્યા કરી! અમે ધરાઇધરાઇને વિઠોબાનાં દર્શન કર્યાં. વિઠોબાની નાની, કાળી મૂર્તિ હૃદયંગમ–મનમોહક છે. અમારા એ 'દેખાવ'થી જ, અમને છેક મૂર્તિ પાસે જઈ, 'ચરણસ્પર્શ કરવાનો લાભ' મળ્યો! દર્શન કરી અમે બહાર નીકળવા લાગ્યા. પૂજારીજી વિસ્મયથી અમારી સામે જોઈ રહ્યા. કદાચ મનમાં એકબે 'ચોપડાવી' પણ હશે. આખરે, 'હશે, ભલેને એય ખાટે; કયાં રોજ આપવું છે?' એમ વિચારી બંનેને યથાશક્તિ આપી અમે બહાર નીકળ્યા ને બજારમાંથી કંકુ, કાળો અબીલ, સાકરદાળિયા વગેરે નહોતું લેવું તો ય નાના ગોર'ના ખાસ આગ્રહથી લઇ, ગોરને ઘેર ગયા.

સાંજની ગાડીમાં અમારે પાછા જવું હતું. ગોરે ભાતું કરી આપ્યું. થોડી વાર પછી, સ્ટેશન જવાની તૈયારી કરી અમે જરા બેઠા ત્યાં વૃદ્ધ ગોર એક ચોપડો લઈ આવ્યા. અમારાં નામઠામ લખ્યાં ને ભવિષ્યમાં જ્યારે પંઢરપુર પાછા જઇએ ત્યારે એમને જ ત્યાં ઊતરીએ એવી ખાત્રી લખાવી. અમારી પત્નીઓનાં નામ પણ ઉપરની રીતે જ લખાવ્યાં. વાત આટલેથી જ અટકે એમ નહોતી. ભવિષ્યમાં અમારે છોકરાં થાય ને તે જાત્રા કરવા પંઢરપુર આવે તો તે પણ એને જ ત્યાં ઊતરે એવી બાંહેધરી લેવા માંડી! અમે કહ્યું 'હવે બસ થયું. અમે માત્ર અમારું કહી શકીએ. અમારા સંબંધે હશી 'ગૅરંટી' આપતાં અમારાં માબાપ અચકાય છે; અમે તો કંઇક માનીએ છીએ, પણ અમારાં છોકરાંનું અમે કહી શકતા નથી. ગોર કહે આ તો એક રૂઢિ છે. કોણ આવે છે ને કોણ જાય છે?' ગોરને દક્ષિણા આપી. તેણે કશી કચકચવગર આનંદથી તે સ્વીકારી તેથી એક રૂપિયો વધારે આપ્યો. ગોર બહુ રાજી થયા. પછી થોડી વાર ગામમાં ફરી આવ્યા. ગામ બહુ સારું નથી. ત્યાંનું જાણીતું અનાથાશ્રમ જોવા જવાની તક ન મળી.

અને પાછા એ જ 'ફાસ્ટ'માં મુંબઈ પાછા આવ્યા ત્યારે થાકીને લોથ થઈ ગયા હતા.

'મકરૂલ'

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: મોકૂફ; બીજું ઈનામ: 'માલિકની રાહ જોતાં'—જયંત લાલન (મુંબાઇ); ત્રીજું ઇનામ: 'ગોવાળણી' ચંદુભાઇ ભટ્ટ (અમદાવાદ). નોંધપાત્ર: (૧) 'મમતા'—ચંદ્રકાંત શાહ (અમદાવાદ); (૨) 'સ્વાશ્રય'—નરેન્દ્ર વ્યાસ (અમદાવાદ) (૩) 'ભૂખ્યાં જિરાફ' જયંત લાલન (મુંબાઇ).

ચિત્રોની સંખ્યા જૂજ હોવા છતાં થોડાં ચિત્રો સારાં જણાયાં છે. બીજું ઈનામ જીતનાર ભાઇ જયંત લાલનના ચિત્ર "માલિકની રાહ જોતાં'નું દૃશ્ય ઘણું આકર્ષક છે. ઝાડોની ઘટામાં પડતાં સૂર્યનાં કિરણોના પ્રકાશ સામેનું વાતાવરણ કુદરતી સૌંદર્યથી ભરેલું છે. માલિકની રાહ જોતો રખેવાળ સાથેનો ઘોડો મુખ્ય વસ્તુ બનતાં છતાં એ વાતાવરણમાં યોગ્ય સ્થાન સાચવી રહે છે. ફિનિશિંગની ખામીને લીધે જ ચિત્ર પહેલી પંક્તિમાં આવી શક્યું નથી. ઘોડાના મોં આગળ ઝાડનાં પાંદડાં ઉપર પડેલું તેજ તથા ઘોડાવાળાના હાથ નીચેનું મોટું સફેદ ટપકું બૅકગ્રાઉન્ડ સાથે મેળવી દેવાની જરૂર છે. પ્રકાશ સામે લેવાતાં આવાં ચિત્રો હંમેશાં ઘણાં આકર્ષક બનતાં હોઇ પ્રદર્શનોમાં બહુ પ્રશંસા મેળવે છે. ત્રીજું ઈનામ જીતનાર ભાઇ ચંદુભાઇ ભટ્ટની 'ગોવાળણી' પોર્ટ્રેટ તરીકે ઠીક છે. માત્ર પ્રિન્ટની ટેકનીક ખામીભરેલી હોવાને લીધે તે સહેજ ઝાંખો આવ્યો છે. પાત્રનું હાસ્ય ઘણું કુદરતી જણાય છે અને લાઇટિંગ તથા તેજછાયા ચિત્રને અનુકૂળ છે.

ભાઇ ચંદ્રકાંત શાહના 'મમતા'નો વિષય સારો છે, પણ આવા વિષયમાં જોઈતી સ્વાભાવિકતા નથી જણાતી. છોકરાના હાથનો ભાગ કૅમેરાની નજીક હોવાથી wrong perspectiveને લીધે વધારે મોટું પ્રમાણ દેખાડે છે. માથાના ભાગ આગળથી પસાર થતી ક્ષિતિજરેખા બૅકગ્રાઉન્ડના બે ભાગ જુદા પાડતી ઉંચે આકાશનો ધોળો ભાગ વધારે ધ્યાન ખેંચે છે. આવી ખામી ચિત્ર પાડતી વખતે કૅમેરાનાં ઍન્ગલની ફેરફારી કરવાથી સુધારી શકાય છે. ખોબામાં બાળકને રાખી, ઉદરનિર્વાહનો બોજ ખેડતી માતાનો સુંદર ખ્યાલ ભાઈ નરેન્દ્ર વ્યાસનું ચિત્ર આપે છે; પણ ચિત્રની બૅકગ્રાઉન્ડ, ફોકસિંગ અને પ્રકાશ ખામીભરેલાં છે. બૅકગ્રાઉન્ડની ખામી 'ડિફરેન્શ્યલ ફોકસિંગ'થી દૂર થઇ શકે તેમ છે. દરેક ચિત્ર પાડતી વખતે પ્રકાશ અનુકૂળ છે કે નહિ તેના ઉપર ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. જો સમય અનુકૂળ ન હોય તો જુદાજુદા વખતે તે દૃશ્યની મુલાકાત લઇ જ્યારે પ્રકાશ ચિત્રનું ખરું સૌંદર્ય દેખાડતો લાગે તેવા સમયે જ તે લેવાવું જોઈએ. જયંત લાલનનું 'ભૂખ્યાં જિરાફ' પ્રાણીચિત્રના પોર્ટ્રેટનો સારો નમૂનો છે. સળિયામાંથી ડોકિયાં કરતાં એ પ્રાણીની ચક્ષપહોળાણ ઘાંચી સહ અને સળકારા મારતી બહાર નીકળી આવેલી જીભ એ પ્રાણીની ખરી ખાસિયત બતાવે છે. ટેકનિક અને છાયાપ્રકાશ પણ સારાં છે. ડાબી બાજુનો નીચેનો ભાગ હજી વધારે ધેરો જોઇએ. બી. બી. કુનીબંદા

સંસારનાં શહેરો

૩૮–પૉંડીચેરી

બંગાળાના ઉપસાગરથી પ્રક્ષાલિત હિંદના પૂર્વ તરફના કૉરોમંડલ કિનારા ઉપર, મદ્રાસ ઈલાકાના દક્ષિણ આર્કટ પ્રાંતની સીમાઓથી વીંટળાએલું, ૧૧૩ ચોરસ માઇલના વિસ્તારનું, એક સામાન્ય પરગણા જેવડું નાનકડું પૉંડીચેરીનું એ ફ્રેન્ચ સંસ્થાન, આજે તો, હિંદમાં સામ્રાજ્ય સ્થાપવાના ફ્રેન્ચ લોકોના કરુણાન્ત પ્રયત્નોના અવશેષ સમું રહેલું છે. ને ઇતિહાસે અવળું જ પાસું ફેરવ્યું હોત તો, જે કદાચ આજે મુંબાઈ કે કલકત્તા જેટલું મહત્ત્વ ધરાવતું હોત એ, તેના રાજનગર પૉંડીચેરીનું મહત્ત્વ તો આજે માત્ર ત્યાં વસતા હિંદના સુપુત અને સંત શ્રી અરવિંદ ઘોષને લીધે જ હિંદીઓના મનમાં રમતું રહ્યું છે.

મદ્રાસની દક્ષિણે રેલવે રસ્તે ૧૧૨ માઈલ દૂર આવેલા એ નગરનો ઇતિહાસ હિંદમાં મ્હોરી ગએલી ફ્રેન્ચ પ્રજાની મહત્ત્વાકાંક્ષા જેટલો જ ટૂંકો છે. ઇ. ૧૬૮૩ સુધી એ એક નાચીઝ ગામડું જ હતું. પણ ફ્રાંકવા માર્ટિને ભાવિ શકયતાઓ જોઈને જિન્જીના ગવર્નર પાસેથી એ સ્થાન મેળવી ત્યાં વસાહત ઊભી કરી. દસ વર્ષ બાદ ૧૬૯૩માં વાલંદાઓની નજર એ પર ખૂંચી અને તેનો કબજો લીધો; પણ ૧૬૯૭માં તો ફ્રેન્ચોએ તે પાછું મેળવી ત્યાં પાકી કિલ્લેબંદી કરી લીધી.

એ પછી અરધીક સદી સુધી શાન્ત વિકાસ સાધીને હિંદમાં ફ્રેન્ચ સત્તાનો મજબૂત અડ્ડો બનેલું પૉંડીચેરી એતી જ બીજી મહત્ત્વાકાંક્ષી અંગ્રેજ સત્તાનું લક્ષ્ય બન્યું, અને ૧૭૪૮થી ૧૮૧૬ સુધીની લગભગ પોણી સદી સુધી તે એ બે સત્તાઓની અથડામણના કેન્દ્રસમું જ બની રહ્યું. ૧૭૪૮માં ઍડમિરલ બૉસ્કાવેને તેને નિષ્ફળ ઘેરો ઘાલ્યા પછી ૧૭૬૧માં તેના વીર રક્ષક લાલી પાસેથી કર્નલ સર આયરકૂટે તે જીતી લીધું; ૧૭૬૩માં તે ફ્રેન્ચોને આપવું પડયું, પણ ૧૭૭૮માં હેકટર મનરોએ તે જીતી લઇ તેની કિલ્લેબંદીનો નાશ કર્યો. ૧૭૮૩માં તે ફરી ફ્રેન્ચોને સોંપાયું ને ફરી ૧૭૯૩માં અંગ્રેજોએ તે જીત્યું. ૧૮૦૨ની એમીએન્સની સંધિની રૂએ તે ફ્રેન્ચોને પાછું સોંપાયું અને ૧૮૦૩માં ફરી પાછું લેવાયું. અંતે ૧૮૦૬માં તે છેવટનું ફ્રેન્ચોને હાલના અવશેષ રૂપે સોંપવામાં આવ્યું. એક કરતાં વધુ વખત તેનો સંપૂર્ણ નાશ થએલો. ઈ. ૧૭૪૧થી માંડીને ૧૭૫૪ સુધીની ડુપ્લેની સુબાગીરી તેનો સુવર્ણકાળ હતો. નેપોલિયને હિંદના વિજયની પોતાની યોજનામાં પૉંડીચેરીને એક મથક બનાવવાનું નક્કી કરેલું.

પૉંડીચેરીનું સામાન્ય સૈન્ય બ્રિટિશ સરકાર સાથેના કરાર મુજબ નક્કી થએલું હોઇને, ત્યાંના ગવર્નરના બંગલાનું રક્ષણ થઇ શકે એટલું જ હોય છે. ત્યાં પહેલાં જે મોટો કિલ્લો હતો તે પણ અંગ્રેજો સાથેની સંધિ મુજબ તોડી નાખવામાં આવ્યો છે.

હિંદી ફ્રેન્ચ સામ્રાજ્યના એ પાટનગરમાં કોઇ વર્તમાનપત્ર બહાર નથી પડતું. ચૂંટણીના પ્રસંગે તત્કાળપૂરતાં બેએક પત્રો નીકળે છે ને સેંકડે પાંચ ટકા ભણેલાઓ સરકારી ઉમેદવારોના પક્ષમાં પોતાનો મત નોંધાવી આવે છે.

દેખાવમાં પૉંડીચેરી હૉલીવૂડના એકાદ ટુકડા જેવું લાગે છે. તેની રચના યોજનાપૂર્વકની છે. રંગબેરંગી મકાનો ને શેરીઓમાં ઊગતું ઘાસ એની વિશષતા છે. લા વિલા બ્લાં પહેલાં માત્ર યુરોપિયનો માટે અબાધિત રહેલી, પરંતુ હવે ત્યાં ઊતરતી કક્ષાના લોકોને પ્રવેશ મળે છે. શહેરના પૂર્વ ભાગમાં ઉત્તર-દક્ષિણ એક નાની નહેર વહે છે. એ નહેરની પૂર્વ તરફનો ભાગ વ્હાઇટ ટાઉન અને પશ્ચિમ તરફનો બ્લૅક ટાઉન કહેવાય છે. વ્હાઇટ ટાઉનમાં ઉચ્ચ વર્ગ રહે છે, બ્લૅક ટાઉનમાં મધ્યમ વર્ગના 'નેટિવો' રહે છે. કાળાગોરાનો ભેદ અહીં હજી પણ છે અને એ બંનેની પ્રતિષ્ઠા તથા હક્કોમાં ફેર છે.

અત્યાર સુધી પૉંડીચેરીની મુલાકાત લેનારાઓ ઘડિયાળો, ફાઉન્ટન પેનો, જાપાની રેશમ, હીરા, કૉકેન, જરીભરત વગેરેની પુષ્કળ દાણચોરી બ્રિટિશ હિંદમાં કરતા, પણ બ્રિટિશ સરકારે હવે તે સામે સખ્ત પગલાં લીધાં છે ને દાણચોરીની તપાસમાં પૉંડીચેરીને કિનારે મોટરબોટો ફરતી રહે છે, રેલવે પર મજબૂત વાડો બાંધી લેવામાં આવી છે અને મુસાફરોની સખ્ત તપાસણી થાય છે.

હિંદમાંનાં સમસ્ત ફ્રેન્ચ સંસ્થાનોની પૉંડીચેરી રાજધાની હોઇને તેનો ગવર્નર ત્યાં રહે છે અને પ્રીવી કાઉન્સિલ તથા જનરલ કાઉન્સિલ નામની બે સભાઓ વડે વહીવટ ચલાવે છે. ફ્રેન્ચ સેનેટ અને ચેમ્બરમાં તેને પ્રતિનિધિત્વ છે. ચોખા, ભોંયસીંગ, ગળી વગેરે અહીંની મુખ્ય પેદાશ છે. લગભગ અરધા લાખની તેની વસતિ છે.

પૉંડીચેરીમાં જે થોડાંક દર્શનીય સ્થળો છે તે બધાં વ્હાઇટ ટાઉનના ભાગમાં જ આવી જાય છે. બિબ્લિઓથેક પુસ્તકાલય, રોમન કૅથૉલિક ચર્ચ, કાચઘર, કૉલેજ, બંદરનો ડક્કો તથા પાસેની દીવાદાંડી અને સર્વથી સુંદર તો ત્યાંનો ઘૂઘવતો સમુદ્ર, ને સમુદ્ર પરનો પર્યટન પથ 'કોરસ શેબ્રોલ' ખાસ જોવા જેવાં છે.

ડક્કા પર જવાના સ્થળ પાસે જ એક મોટા ગોળ ચોકમાં ઊંચી બેઠક પર ડુપ્લે સમુદ્ર પર નજર નાખતો ઊભો છે. તેના એક હાથમાં એની રાજકીય બુદ્ધિમત્તાના પ્રતીક રૂપ કાગળનો બીડો છે, બીજો હાથ તલવારની મૂઠ પર છે, અને તેની નીચે મુકાએલી ખુરશી પર દ્રવ્યના થેલા પડયા છે. એ અતિકાય પૂતળાની ભવ્ય મુદ્રા સત્તા અને બુદ્ધિમત્તા બંને બતાવે છે. ફ્રેન્ચોની નિષ્ફળ ગએલી સામ્રાજ્યભાવના જાણે ડુપ્લેમાં મૂર્ત થએલી છે. એનું મોં સમુદ્રાભિમુખ છે એ કેટલું સૂચક છે? હિંદની ભૂમિ પરથી નજર વાળી લઇ દરિયાપાર સિધાવી ગએલી પોતાની મહત્ત્વાકાંક્ષાને એ નિહાળી રહ્યો નથી?



શિક્ષક—નટુ, તારી સામે ઉત્તર દિશા છે, તારી ડાબી બાજુએ પશ્ચિમ અને જમણી બાજુએ પૂર્વ છે તો હવે તારી પાછળ શું છે?

નટુ—સાહેબ, મારી પાછળ ડેંઘામાં એક મોટું થીગડું છે. મારી બાને પણ મેં કહ્યું હતું કે તે દેખાઈ જશે.

પહેલો—શિક્ષકને પગાર શાનો મળે છે?

બીજો—કેમ, એવું પૂછે છે?

પહેલો— વર્ગમાં મહેનત તો બધી આપણે જ કરવી પડે છે.

પંચતંત્રની વાર્તાઓ

પાંચમું તન્ત્ર · અપરીક્ષિતકારિતા

હવે આ અપરીક્ષિતકારિતા નામે પાંચમું તન્ત્ર આરંભાય છે, જેનો આ પહેલો શ્લોક છે:


કુદષ્ટ કુપરિજ્ઞાત કુશ્રુત કુપરીક્ષિત ।
ન કરો કામ તે ભાઈ નાપિતે અહિં જે કર્યું ॥૧॥

તે આમ સંભળાય છે: પાટલિપુત્ર નગરમાં મણિભદ્ર નામે શેઠ રહેતો હતો. દૈવવશાત્ તે નિર્ધન તથા અપમાનપરંપરાનું પાત્ર બન્યો, એટલે એક દિવસ રાતે વિચાર કર્યો, 'આ દરિદ્રતાને ધિક્કાર છે, એટલે હું અનશન કરીને મરું.' આમ નિશ્ચય કરીને સૂતો, ત્યાં નિશાવસાને સ્વપ્નમાં પદ્મનિધિએ ભિક્ષુરૂપે દર્શન દીધાં ને કહ્યું, 'હે શેઠ, હું તારા પૂર્વપુરુષોએ ભરેલો ભંડાર છું, એટલે આ જ રૂપે સવારે તારે ઘેર આવીશ, અને આવું એવો મને માથામાં લાકડી મારજે, જેથી હું સોનાનો બનીશ.'

સવારે જાગી સ્વપ્ન સંભારીને ચિન્તાચાકડે ચડેલો મણિભદ્ર વિચાર કરે છે: 'અહો, આ સ્વપ્ન સાચું હશે કે ખોટું કોણ જાણે. અથવા હું કેવળ ધનની ચિન્તા કરું છું, એટલે ખોટું જ હશે.' એવામાં વાળંદ ઘેર આવ્યો, અને સ્વપ્નસૂચિત ભિક્ષુ પણ એકાએક પ્રકટ થયો. એને મણિભદ્રે માથામાં ડાંગ મારી એટલે એ સોનાનો થઈને ભોંય ઉપર પડ્યો. શેઠે વાળંદને ઘરમાં તેડી જઇને કહ્યું, 'લે આ ધન અને વસ્ત્ર પણ ભદ્ર, આ વૃત્તાન્ત તારે કોઇને કહેવો નહિ.'

વાળંદે ઘેર જઈને વિચાર કર્યો: 'ધનપ્રાપ્તિનો આ ઠીક ઉપાય છે. આ બધા બાવાને માથે દંડો માર્યો એટલે એ સોનાના થાય છે. એટલે હું પણ સવારે બહુ બાવાને બોલાવી માથે લાકડી ફટકારું, એટલે મારે પુષ્કળ સોનું થાય.'

સવારે ઊઠીને વાળંદે ખેરનો મોટો દંડો સજ્જ કર્યો અને બાવાને અખાડે જઈને જમવાનું નોતરું દઈ આવ્યો. બપોરે જેવા બાવા જમવા આવ્યા એવી એને માથે વાળંદે લાકડીઓ મારી. એમાંથી કેટલાક મરી ગયા; ને કેટલાકનું માથું ફૂટ્યું એટલે રાડારાડ કરી મૂકી. એ સાંભળીને ગામનો કોટવાલ કહે, 'અરે, નગરમાં આ મોટો કોલાહલ શેનો થાય છે? એટલે જાઓ ને જુઓ.' કોટવાળનાં માણસ આવીને જુએ છે તો લોહીલોહાણ થએલા બાવાઓ પલાયન કરતા હતા. એને પૂછ્યું એટલે એણે વાળંદની યથાસ્થિત વાત કરી. રખવાળો વાળંદ તથા બચેલા બાવાઓને ધર્માધિકારી આગળ લઈ ગયા. આણે વાળંદને પૂછ્યું, 'અરે આ કાળું કામ તેં કેમ કર્યું?' વાળંદ કહે, 'શું કરું? મણિભદ્રશેઠને ઘેર મેં આવો બનાવ જોયો.' એમ કરીને એણે મણિભદ્રની વાત કરી. શેઠને બોલાવીને ધર્માધિકારી કહે, 'હે શેઠ, તેં કોઈ ભિક્ષુને માર્યો છે?' શેઠે ભિક્ષુની બધી વાત કરી. એટલે ધર્માધિકારી કહે, 'અહો, આ દુષ્ટ કુપરીક્ષિતકારી અવિચારી વાળંદને શૂળીએ ચડાવો.



કુદૃષ્ટ કુપરિજ્ઞાત કુશ્રુત કુપરીક્ષિત।
ન કરો કામ તે ભાઇ નાપિતે અહિં જે કર્યું॥

અથવા આ ઠીક કહેવાય છેઃ

અર્થતત્ત્વ ન જાણે ને ક્રોધને વશ થાય જે।
મિત્રથી ભ્રષ્ટ તે થાતો બ્રાહ્મણી નોળિયા થકી ॥૨॥

મણિભદ્ર કહે, 'એ કેમ?' ધર્માધિકારી કહેઃ

કથા ૧

એક ઠેકાણે દેવશર્મા નામે બ્રાહ્મણ રહેતો હતો. એની પત્નીને પુત્ર અવતર્યો તે જ દિને નકુલીએ નોળિયાને જન્મ આપ્યો, એને પણ બ્રાહ્મણીએ પાળીપોષીને મોટો કર્યો. પણ સ્વજાતિદોષને લીધે કદાચ પોતાના છોકરા વિરુદ્ધ આચરણ કરે એવા ડરથી એ તેનો વિશ્વાસ ન કરતી. એકવાર દીકરાને શય્યામાં સુવરાવી બેડું લઈને એણે પતિને કહ્યું, 'ઉપાધ્યાય, હું પાણી ભરવા જાઉં છું. તમે છોકરાને નોળિયાથી સાચવજો.' બ્રાહ્મણી ગયા પછી બ્રાહ્મણ પણ ઘર રેઢું મૂકીને ભિક્ષાઅર્થે નીકળી ગયો.

એવામાં કાળો નાગ દરમાંથી નીકળ્યો. નોળિયાએ એને જન્મવેરી જાણી ભાઇને બચાવવા એની હારે યુદ્ધ કરીને મારી નાખ્યો. પછી લોહીયાળે મોઢે વધામણી ખાવા જાણે માની સામો ગયો. એને જોઈને માને થયું કે આ દુરાત્માએ મારા દીકરાને માર્યો, અને કોપાયમાન થઈને એના ઉપર પાણીનો કુમ્ભ નાખ્યો. આમ નોળિયાને મારી વિલાપ કરતી એ ઘેર આવી તો છોકરો અભ્યંગ સૂતો હતો, ને પડખે કાળો સર્પ કટકેકટકા થઈને પડ્યો હતો. તે જોઈને પુત્રવધશોકથી બ્રાહ્મણી માથું કૂટવા મંડી.

(ચાલુ)

દેસાઇ વાલજી ગોવિન્દજી

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

Gridely (Cansas) U.S.A.
૫મી માર્ચ ૧૯૪૦

પરમ પ્રિય કાન્તિલાલ

તમારો પત્ર આજે મળતાં મને બહુ સુખાનુભવ થયો. તે ઘણો જ રસપ્રદ હતો. પણ તેમાંના કેટલાક શબ્દો હું સમજી શક્યો નથી. તમે લખો છો તે જરીનું બિઝનેસ શું છે? અમારા કાન્સાસ પ્રાંતમાં મુખત્વે ઘઉંનો પાક થાય છે. તે સાથે તેનાં ભરચક લીલાંછમ ઘાસનાં જંગલો (બીડ) ઢોરઢાંખર માટે ખાસ ઉપયોગી છે.

તમારી શાળાની વાતમાં મને બહુ રસ પડ્યો છે. પણ ત્યાં છોકરીઓની સંખ્યા આટલી ઓછી કેમ હોય છે? અમારી શાળામાં ૧૨૫ વિદ્યાર્થીઓમાં અરધા ઉપરાંત છોકરીઓ જ છે.

અને તમે ધંધાની બાબતમાં શાનું શિક્ષણ લો છો? હું વેપારી નામું, ટાઇપિંગ, શૉર્ટહૅન્ડ વગેરે શીખું છું. બે મહિનામાં મારો હાઈ-સ્કૂલ-કોર્સ પૂરો થશે અને જૂનમાં હું કૉમર્શિયલ બિઝનેસ કૉલેજમાં જવાનો છું. આ કૉલેજ મારા ઘરથી ૧૫૦ માઈલ છેટે શહેરમાં છે.

તમે વરસમાં કેટલા દિવસ શાળામાં જાઓ છો? અમે નવ મહિના શાળામાં ભરીએ છીએ અને ત્રણ માસની અમને રજા મળે છે. મને તમે જણાવશો કે હિંદવાસીઓ કેવા છે? અમારા પ્રદેશમાં અમે ઘણી ચીજો બનાવીએ છીએ. અહીં સર્વસાધારણ વિનોદ તો સીનેમાનાં ચિત્રો જોવાનો જ છે. વળી દરેક ઘરમાં રેડિયો તો હોય છે જ. શાળામાં એકવાર રવિવારનો વર્ગ મળે છે અને તેમાં અમે સ્તુતિ તેમજ પ્રાર્થના કરીએ છીએ. હું પોતે ક્રિશ્ચિયન ઍપૉસ્ટોલિક સંપ્રદાયના દેવળમાં જાઉં છું. ઘણીવાર રજાઓમાં અમે કાર્ડ પાર્ટી કરીએ છીએ, અને કેટલાક નાચમાં જાય છે. ઉપરાંત અમારી શાળામાં ફુટબૉલ અને બાસ્કેટબૉલની રમતો ચાલે છે અને વખતોવખત બીજી શાળાઓની સાથે હરીફાઇઓ યોજાય છે.

તમારે ત્યાં અહીં જેવી વાહનોની સગવડ ખરી કે? અહીં તો લગભગ દરેક કુટુંબ પાસે મોટર હોય છે જ. ઉપરાંત, લાંબા અંતરો માટે બસો ને ટ્રેનો પણ ઘણી; ને શ્રીમંતવર્ગના લોકો તો ઍરોપ્લેનો યે રાખે છે. મેં હજુ સુધી એક જ વાર વિમાની પ્રવાસ કર્યો છે.

અમારું નાગરિક જીવન તમારા કરતાં જુદી જાતનું હોય એમ લાગે છે. તમે સાંભળ્યું હશે કે અમેરિકનોને દરેક બાબતની ઉતાવળ બહુ હોય છે. વિવેક બતાવવામાં યે ઉતાવળા! પણ એ તો અતિશયતાની વાત થઇ. અમારા નાગરિક જનો દેશને તેમજ સરકારને બહુ વફાદાર રહે છે. અને અમે બધા લગભગ સમાનતા ભોગવીએ છીએ.

તમારા શહેરની વસતિ કેટલી છે? હિંદમાં નાતજાત બહુ છે એવું મેં સાંભળ્યું છે. હજુ પણ એવું છે ખરું?

તમારા ટિકિટ-સંગ્રહમાં તમે વપરાએલી ટિકિટો સંઘરો છો? જો તમે એવી રાખતા હો તો હું થોડી મોકલી આપીશ. હિંદી તો હું જાણતો જ નથી. હિંદી હિંદની રાષ્ટ્રભાષા છે? અહીં તો બહુ ભાગે દરેક જણ અંગ્રેજીમાં જ બોલે છે. તમે કોઇ પરદેશી પેઢીનું સરનામું મંગાવ્યું તે શા માટે? એવાં સરનામાં આપનારી કોઈ સંસ્થાનું નામ તમે માગો છો? જરા વધુ ખુલાસાથી લખો તો સમજાવી શકું.

તમે કોઈ ચિત્ર મોકલશો તો બહુ આનંદ થશે. હું ઘણી જાતનાં ચિત્રો ભેગાં કરું છું. આ સાથે મેં એકઠી કરેલી જુદીજુદી બાબતોની કાપલીઓ મોકલું છું તે પરથી અમેરિકા વિષે તમને ખ્યાલ મળશે.

કાન્તિલાલ! તમને સમજાય નહિ એવું કાંઇ મારાથી લખાયું હોય તો તમે પ્રશ્નો પૂછતાં અચકાશો નહિ હું બહુ આનંદથી જવાબો આપીશ. મારા હાથદસ્કત તમને બરોબર ઉકલ્યા તો હતા ને? હવે હું તમારા કાગળોની ઇંતેજારીથી રાહ જોઈશ,-અને તમે લખેલાં સુંદર ચિત્રોની પણ.

હૃદયપૂર્વક તમારો અમેરિકન મિત્ર
એલ્સી ફર્ન બાહ્ર

True friends are like diamonds
precious and rare;
False friends are like autumn leaves
found everywhere.

શિક્ષક-હાથી અને ચાંચડમાં શો ફેર?

વિદ્યાર્થી-ચાંચડ હાથીને વળગે છે, હાથી ચાંચડને વળગી શકતો નથી.

મુસાફર-એ મહેરબાન જરા બતાવશો, કે ઈસ્પિતાલે કેવી રીતે પહોંચવું?

મહેરબાન-હોવે; આ દોડતી ગાડીઓની વચ્ચે જઈ ઊભા રહો, અને પહેલી જ મોટર તમને ઈસ્પિતાલ ભેગા કરશે.



માધુકરી

રસાયન

ગયો ભય, ગયો વિષાદ, ગબડી પડી સાંકડી
દિવાલ; વદને ઉષા અરુણરંગ હાવે હસે,
વિમુક્ત નવ પ્રાણ અંગભરમાં અહો ઊભરે
અજેય પુરુષાર્થ ઊર્ધ્વ ગતિએ હવે ક્દમે,
અબાધિત પદો ધપે વિજયના મહા ઊંબરે,
અમે મરણનું રસાયન બનાવીને પી ગયા,
થયા અજરકાય ને અમર આત્મઓ છે બધા. —પૂજાલાલ

તપસ્વી જયકૃષ્ણ ભણસાળી


ઇ. ૧૯૨૧ની વાત છે. એ વેળા અમદાવાદ કૉંગ્રેસના અવસર પર ગુજરાતી 'નવજીવન'માં કામ કરવા માટે મુંબાઈથી એક તેજસ્વી નવયુવક આવ્યો. મુંબાઇ યુનિવર્સિટીનો એ એમ.એ.એલએલ.બી. હોવા ઉપરાંત ત્યાંની એક કૉલેજમાં અધ્યાપક પણ બની આવ્યો હતો. આવતાંવેંત તેણે પોતાના હસમુખા સ્વભાવ ને યુવકોચિત ઉત્સાહથી સહકારીઓનાં દિલ જીતી લીધાં. ધીરેધીરે તે ગાંધીજીના નિકટવર્તી કાર્યકરોમાં ભળી જઇને સાબરમતી આશ્રમના એક વિશેષ અંગ રૂપ બની ગયો. એનું નામ જયકૃષ્ણ ભણસાળી. શેષજીવન યુરોપમાં ગાળનાર આપણા પ્રસિદ્ધ રાજનીતિજ્ઞ ને વિદ્વાન પંડિત શ્યામજી કૃષ્ણવર્મા તેના મામા થાય. તેમણે તેને એમ એ થયા પછી આગળ અભ્યાસ માટે યુરોપ બોલાવેલા; પણ અસહકારના આંદોલનમાં એ વિચાર છોડી તે ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક બની ગયા. જોકે તે યુરોપ જઈ આવ્યા ખરા, પણ ત્યાંના રંગઢંગમાં એમને ચેન ન પડયું અને તરત પાછા આવતા રહેલા.

૧૯૨૨માં મહાત્માજીને તેમના 'નવજીવન'ના ત્રણ લેખો માટે છવર્ષની ઐતિહાસિક સજા થઈ ત્યારે ભણસાળીજીને પણ 'નવજીવન'ના પ્રકાશક તરીકે સાથે કારાવાસ મળેલો જેલમુક્તિ પછી થોડો સમય આશ્રમમાં ગાળ્યા બાદ તેઓ સંસારી માણસો સાથેનો સંબંધ તોડીને પોતાના આત્માના કલ્યાણ અર્થે હિમાલયને પંથે પડયા.

હિમાલયની આખી યાત્રા તેમણે પગપાળા કરી. તે દરમિયાન તેમને ઘણું કષ્ટ પડયું, ઘણું દેહદમન પણ કર્યું. એ યાત્રા દરમ્યાન તેમણે સામાન્ય આહાર છોડી કડવા લીમડાનાં પાંદડાં અને કાચો લોટ ફાકીને જીવન ટકાવી રાખ્યું, અને આ ક્રમ હિમાલય છોડયા પછી ઠેઠ સેવાગ્રામ આશ્રમમાં તે પહોંચ્યા ત્યાંસુધી, એટલેકે કેટલાંયે વર્ષો સુધી, ચાલુ જ હતો. હિમાલયની યાત્રાની દરમ્યાન તેમને સખ્ત કમળો થયો હતો, શરીર ક્ષીણ થઈ ગયું હતું, માત્ર તેમનો દૃઢ નિશ્ચય ક્ષીણ થયો નહોતો. આવી સખત માંદગી ને અશક્ત શરીર લઇને લાકડીના ટેકે સદાવ્રતમાંથી મળતા લોટ અને આડફની દાળ (જે કમળાના દરદી માટે ઝેર રૂપ ગણાય) ફાક્યાં ફાકીને જીર્ણ શરીરે હિમાલયની સખ્ત ઠંડીમાં તે યાત્રા પૂરી કર્યે જ જંપ્યા.

કેટલાંક વર્ષો સુધી તેમણે મૌન લીધેલું અને તેને માટે પોતાના બંને હોઠ ત્રાંબાના વાળાથી તેમણે શીવી લીધેલા. કેટલીક જગ્યાએ તેમને ઢોંગી માનીને પોલીસ કનડતી, અને તેમને તો મૌન હતું, હોઠ પણ શીવેલા હતા એટલે હિંદની પોલીસની મીઠી માવજતનો પણ તેમને ઠીકઠીક અનુભવ મળેલો. હિમાલયથી પાછા ફરતી વખતે તેમણે એક વખત પંદર દિવસના નિર્જળા ઉપવાસ, ઉનાળાની સખ્ત ગરમીમાં, ગાળવા જેવા રાન પ્રદેશમાંએક ઝરીબાની ઝૂંપડીમાં કરેલા. બીજી વખત પંચાવન દિવસના ઉપવાસ તેમણે કરેલા.

આમ, પગે ચાલીને પર્યટણ કરતાકરતા, શીવેલે હોઠે એક વખત તેઓ મહાત્માજી પાસે વર્ધામાં આવી પહોંચ્યા. તેમને તો ખબર



તપસ્વી જયકૃષ્ણ ભણસાળી ('વિશ્વવાણી'માંથી)

હતી કે બાપુજી એટલે દરિયો; સર્વને સમાવે. તેમણે આવીને બાપુજીને સ્વાર્પણ કર્યું. બાપુજીએ તેમના શીવેલા હોઠને ત્રાંબાના તારથી બંધનમુક્ત કર્યા, અને આશ્રમમાં રેંટિયાયજ્ઞ કરવા બેસાડી દીધા.

સેવાગ્રામ આશ્રમમાં રાતદિવસના ચોવીસ કલાકમાં ૧૫ કલાક તેમનો સૂત્રયજ્ઞ ચાલ્યા જ કરે. સવારના ૪થી માંડીને રાતના ૭ સુધી કાંતતા જાય અને નાનાંમોટાં જે આવે તેમને ભણાવતા જાય. બાળકો પોતાની મા પાસે જેમ ગેલ કરે તેટલી જ છૂટથી તેમની પાસે ગેલ કરે, કૂદે, ભણે અને આનંદ મેળવે. મોટેરાંઓ માટે પણ તેઓ તેટલા જ માયાળુ. રાતના ૭થી ૧૦ સૂએ, અને આખું જગત જ્યારે સૂએ ત્યારે તેઓ જાગે. રાતના ૧૦થી સવારના ત્રણ સુધી આશ્રમનું દળણું દળે અને આખા આશ્રમને લોટ પૂરો પાડે. ૩થી ૪ સુધી આશ્રમનું પાણી ભરે. આ એમનો નિત્યક્રમ. એમને સૂવાના ત્રણ કલાકમાંથી પણ કોઇ ભણવાનો અતિ ઉત્સાહી જાગે અને સમય પડાવે તે તેઓ હસતા-હસતા આનંદથી તેને સમય આપે, ને ઉત્સાહપૂર્વક ભણાવી સંતોષે. ભણાવવાનો સમય બાદ કરતાં ભાગ્યે જ કોઈ સાથે તેઓ બોલતા, છતાં કોઈ તેમને કાંઈ પૂછો તો તેને અત્યંત નમ્રતાથી જવાબ વાળે.

આવા તપસ્વી પુરુષ દળણું દળે અને અમે બધા ખાઇએ તે અમારામાંના કેટલાકને ડંખતું. તેથી તેમની પાસે દળવાનું મૂકી દેવડાવવા ગાંધીજીને વિનતિ થઈ. પણ ભણસાળીજી કંઇ અનાજ થોડું જ દળતા હતા? તેઓ તો શરીરની અને જગતની માયાને દળી રહ્યા હતા અને બાપુજી આ વાત જાણતા હતા. એટલે જવાબ મળ્યો કે 'એમનું દળવાનું બંધ કરીશું તો એ કાલે મરી જશે. એ ભલે દળ્યા કરે.'

ગમે તેટલી ટાઢ હોય યા તડકો હોય તોપણ તેમના વસ્ત્રમાં એક ખાદીની લંગોટી અને તેની આસપાસ કમરે એક ખાદીનો કકડો વીંટી રાખે. બાકીનું આખું બદન તેમનું હમેશાં ઉઘાડું જ હોય. હિમાલયની યાત્રા દરમિયાન તેઓ વજ્રકચ્છ એટલે લોખંડનો લંગોટ પહેરતા.

તેમની મિલ્કતમાં બે લંગોટી, બે ખાદીના કકડા, નહાવાધોવા માટે એક ટીનનો ડબો તથા ઍલ્યુમીનિયમનું ડબલું અને ઓઢવા માટે એક ફૂટેલો કામળો અને ચરખો. એક ફાટ્યાતૂટ્યા કામળા ઉપર ખુલ્લા મેદાનમાં તેઓ પડ્યા રહે, ઝાડ તળે પણ નહિ. ત્યાં જ તેમની શાળા ચલાવે. ત્યાં જ તેમનો સૂત્રયજ્ઞ ચાલ્યા કરે. ઉનાળાની સખ્ત ગરમીમાં માથે ગાદીના પાટા બાંધીને ઘણાને ફરવું પડે ત્યારે યોગીજી ખરા બપોરે તડકામાં જઇને બેસે!

તેમનો આહાર પણ તેટલો જ વિચિત્ર. પહેલાં કાચો લોટ ફાકતા અને લીમડો ચાવતા. તે છોડી દઇને આશ્રમની પંગતમાં કોચરાના કાળના કોઇએ ફેંકી દીધેલા હોય તેવા અલ્યુમીનિયમના એક ડબલા સાથે તે આવતા. પીરસનાર તેમાં બાફેલું શાક અને તે પણ મીઠું-મશાલા વગરનું (અસ્વાદ એ આશ્રમનું એક વ્રત છે. આશ્રમનું શાક એટલે ગાજર ને લૂણીની બાફેલી ભાજી) પાણી સાથેનું જેટલું પીરસે તેટલું મૌન રાખીને ખાય અને ચાલ્યા જાય. ડબલું એટલું મોટું કે તેમાં ભાગ્યે જ એક શેર શાક અને પાણી માતાં હશે. કોઇ અજાણ્યો પીરસનાર હોય તો તેટલું પણ ન પીરસે. આ ઉપરાંત આખો દિવસ કાચાં ગાજર ચાવ્યાં કરે. તે મળતાં બંધ થયાં એટલે સેપરેટ દૂધ, અને તે પણ ગાયનું, લગભગ રોજનું ૨૨ પૌંડ સુધી પીતા. આપણે એકાદ પૌંડ સેપરેટ દૂધ ખાઇએ તો ઝાડા થઈ જાય. સેપરેટ દૂધ મળતું બંધ થયું એટલે તલીનો ખોળ ખાવા લાગ્યા. અમારાથી તે સહન ન થયું એટલે અમારી લાગણી ન દુભાય તેટલા ખાતર તે બંધ કરી તેને સ્થાને તલ, ગોળ, કાચું કોળું કે તૂંબડા જેવી સખ્ત છાલની દૂધી ખાવા લાગ્યા.

૧૯૨૧–૨૨ના ભણસાળીજી એટલે એક સુંદર ને સુદૃઢ બાંધાના, ગૌર વર્ણના ખુબસુરત યુવાન. આજના ભણસાળીજી એટલે અનેક કષ્ટોની તાવણીમાં તવાઇને આફ્રિકાના સીદી જેવી કાળી બનેલી ચામડી વાળા–પણ તેટલી ચળકતી નહિ–નિર્મળ આંખ અને નિર્મોહ વૃત્તિ, વાળા નિશદિન નમ્ર વાણી બોલતા ને દેહદમનમાં હમેશ આનંદ માન-નાર, સર્વ સ્થિતિમાં સમાન સુખી, પાગલ જેવા દેખાતા ચરખાધારી વિરલ યોગી.

આત્માના ઉદ્ધારના અનેક વિકટ પંથે પળેલા એકલા અને અટુલા આ પ્રવાસીને રાજદ્વારી રમતો તથા લડતો સ. થે કંઇ જ નિસ્બત નથી. પણ તેમણે જ્યારે ચિમૂરના પ્રસંગ વિષે સાંભળ્યું ત્યારે યોગીનો આત્મા કકળી ઊઠ્યો.

તેઓ દિલ્હી દોડ્યા, ને લોકનાયક અણેને મળ્યા; પણ તેમણે તેમને પોલીસ પહેરામાં સેવાગ્રામ પહોંચાડી દીધા. ભણસાળીજીથી આ વલણ સહન ન થયું, અને તેમણે નિશ્ચય કર્યો કે 'જે રાજ્યમાં ન્યાય નીતિ નહિ તે રાજ્યમાં જીવવું શું.? જ્યાં સુધી સરકાર ચિમુરના બનાવોની તપાસ માટે નિષ્પક્ષીય કમિટી નહિ નીમે ત્યાં સુધી હું મરણાંત નિર્જળા ઉપવાસ કરીશ.

૨૧મી નવેમ્બરે તેમણે ઉપવાસ શરૂ કર્યા અને ચિમૂર ગયા. સરકારે તેમને ત્યાંથી ઉપાડીને સેવાગ્રામ લાવીને મૂક્યા. ટ્રેનથી જઇ ન શકે માટે ત્યાં પહેરો ગોઠવ્યો. આશ્રમમાં પણ તેમણે ઉપવાસ ચાલુ જ રાખ્યા. નિર્જળા ઉપવાસના નવમા દિવસે સાંજના ૭ વાગ્યે ચિમૂર જવા ભણસાળીજીએ એક લાકડીના ટેકે પગપાળા પ્રયાણ શરૂ કર્યું. અમે તો માન્યું કે બેએક માઇલ જશે ત્યાં તો તેમનો દેહ ઢળી પડશે અને તેથી તેમની જોડે એક સાથી રાખ્યા હતા. પણ અમે ખોટા ઠર્યા. તેમણે રાતદિવસ સતત ચાલીને ૩ દિવસમાં સેવા ગામથી લગભગ ૭૦થી ૮૦ માઈલ દૂર આવેલા ચિમૂરના મંદિરમાં જઇને પડાવ નાખ્યો, અને બતાવી દીધું કે આત્માના બળ આગળ સ્થૂળ દેહ નકામો છે. સરકારે તેમને પકડીને ફરીથી સેવાગ્રામ ભેગા કરી દીધા. અમારા આગ્રહને વશ થઈ આશ્રમમાં એક દિવસ ગાળી તેમણે ચિમૂર તરફ પ્રયાણ કર્યું. અરધે પહોંચ્યા અને સરકારે ફરીથી તેમને ઉપાડ્યા ને સેવાગ્રામ પહોંચાડ્યા. આ વખતે સરકારે ભણસાળીજી ઉપર સેવાગ્રામની હદ બહાર ન જવાનું બીજું બંધન મૂક્યું. તેમણે તેની અવજ્ઞા કરી વર્ધામાં ધામો નાખ્યો. આ ઉપવાસ દરમ્યાન પણ તેમણે, પોતાનાથી બેસી શકાતું હતું ત્યાં સુધી સૂત્રયજ્ઞ ચાલુ જ રાખ્યો હતો.

ઉપવાસને ૬૩મે દિવસે શરીરનું વજન ૧૪૦ રતલથી ઊતરીને ૯૭ ઉપર આવ્યું હતું, પણ મુખની આકૃતિ, આંખની જ્યોતિ, મનની ચેતના અને હૃદયની અનુભૂતિમાં લેશમાત્ર ફરક પડ્યો ન હતો. મુખની આભા દિન પર દિન વધતી જ જતી હતી. વાતચીતમાં એ જ જાગરૂકતા, હાસ્યવિનોદમાં એ જ સ્વાભાવિકતા અને ચિમૂરના સંબંધમાં એ જ ગંભીરતા કાયમ હતી. અંતે ડૉ. ખરે અને શ્રી મુનશીના પ્રયત્નોથી સરકારે વલણ ફેરવ્યું અને તેમણે ઉપવાસ છોડ્યા એ હકીકત તો જાણીતી છે.

('પ્રવાસી,' 'પ્રબુદ્ધ જૈન' તથા હિંદી 'વિક્રમ' અને 'વિશ્વવાણી' માંના લેખોમાંથી તારવીને)

વ્રતચારી

સ્વ. શ્રી ગુરુસદય દત્તે યોજેલી 'વ્રતચારી' (અથવા વ્રતચારા) પ્રવૃત્તિથી આજે બંગાળામાં કોઇ ભાગ્યે જ અજાણ્યું હશે; પરન્તુ દેશના બીજા પ્રાન્તોમાં આ પ્રવૃત્તિ હજી ખાસ જાણીતી થઇ નથી.

એ વ્રતચારી પ્રવૃત્તિ સમસ્ત દેશમાં દાખલ કરવા લાયક છે.

એ પ્રવૃત્તિ યોજનાર શ્રી ગુરુસદય દત્ત આઇ. સી. એસ. ઑફિસર હતા. તેમણે આખી જિંદગી બંગાળામાંજ નોકરી કરી હતી. સરકારી ઑફિસર હોવા છતાં શ્રી દત્ત પ્રખર દેશભક્ત હતા, એટલું જ નહિ પણ જીવન પર્યંત તેમણે સાચી દેશસેવા કરી હતી. બીજા સિવિલિયનો જેવું એશઆરામી જીવન એ ગાળતા ન હતા. એમની રહેણીકરણી બહુ સાદી હતી અને સરકારી ઑફિસરો જેવો તોર કે અભિમાનનો અંશ માત્ર તેમનામાં નહોતો. પોતાની ઑફિસના કામ ઉપરાન્તનો બધો સમય દેશસેવા કરવામાં તે ગાળતા હતા તેમજ પોતાનું બધું ધન પણ (તેમને સંતાન હોવા છતાં) પરમાર્થેજ વાપરતા હતા.

પોતાના દેશનાં નિસ્તેજ અને નિર્માલ્ય યુવકયુવતીઓને જોઇ શ્રી દત્તનું લોહી તપી જતું અને એ નિસ્તેજતા તથા નિર્માલ્યતા દૂર કરવા માટે તેમણે લગભગ દસ વર્ષ પહેલાં વ્રતચારી પ્રવૃત્તિનો આરંભ કર્યો. શ્રી દત્તને પોતાની નોકરીને અંગે બંગાળાના જુદાજુદા જિલ્લાઓમાં ફરવું પડતું હતું અને ત્યાં પોતાની આસપાસ જ્યાં જુઓ ત્યાં આનંદવિહોણાં જીવન તેમની નજરે પડતાં. શ્રી. દત્તને આ આનંદનો અભાવ બહુ ખૂંચતો. પોતાના દેશની ઉછરતી પ્રજાના જીવનમાં આનંદ રેડવા માટે તેમણે વ્રતચારી પ્રવૃત્તિની સ્થાપના કરી.

વ્રતચારી યોજનાનો હેતુ મનુષ્યના મનને અને શરીરને સમાન રીતે કેળવીને તેનું જીવન શિસ્તમય અને આનંદમય બનાવવાનો છે. વ્રતચારી શિક્ષણનું ધ્યેય મનુષ્યના આત્મા અને શરીરને સરખાં તેજસ્વી બનાવવાનું છે. 'વ્રતચારી' એટલે આદર્શ વ્રત ગ્રહણ કરનાર. સાચા વ્રતચારીએ સમસ્ત જીવનને એક મહાન વ્રત સમાન ગણવાનું હોય છે. એ મહાન વ્રતના પાંચ નાના ભાગ કરવામાં આવ્યા છે: જ્ઞાન, મહેનતમજૂરી, સત્ય, સંપ અને આનંદ. સાચો વ્રતચારી આ પાંચ વ્રત નિરંતર પાળવાની પ્રતિજ્ઞા લે છે. વ્રતચારીનું અંતિમ ધ્યેય આદર્શ શહેરી બનવાનું હોય છે. પોતાનું શરીર કસરત અને રમતોથી કસીને સુદૃઢ બનાવવાનું, પોતાની બુદ્ધિને શિક્ષણથી તીવ્ર બનાવવાની અને પોતાના આત્માની ઉન્નતિ કરવાની વ્રતચારીની ફરજ ગણાય છે. એ યોજનામાં બાળકો, યુવકયુવતીઓ અને સ્ત્રીપુરુષો જોડાઇ શકે છે, ને ન્યાતજાતનો કે ધર્મનો ભેદભાવ એ યોજનાને માન્ય નથી.

કેટલીક રીતે વ્રતચારી પ્રવૃતિ 'બૉય સ્કાઉટ' અને 'ગર્લ ગાઇડ્ઝ'ની પ્રવૃત્તિને મળતી આવે છે. એ બે પ્રવૃત્તિ પશ્ચિમમાંથી આવેલી હોઈ કેટલીક રીતે આપણા દેશને અનુકૂળ થતી નથી. દાખલા તરીકે ઉનાળાની સાંજે કૅમ્પફાયર સળગાવીને તેની આજુબાજુ સ્કાઉટ્સ અને ગાઇડ્ઝ બેસે તે આપણા ગરમ દેશમાં અત્યંત બેહૂદું લાગે છે. વ્રતચારી પ્રવૃત્તિ આ દેશમાં જ યોજાઈ છે એટલે તે બધી રીતે દેશને અનુકૂળ પડે એવી છે અને તેમાં પશ્ચિમનું આંધળું અનુકરણ નથી.

વ્રતચારીનાં વ્રતને જીવનમાં આચારમાં મૂકવા માટે બીજાં સોળ 'પણ' (પ્રતિજ્ઞા) અને સત્તર 'મના' (એટલે અમુક વસ્તુ કરવાની મનાઇ) લેવાનાં હોય છે. એ સોળ 'પણ'માં સહુથી મહત્ત્વની ત્રણ છે: (૧) કોઈ પણ જાતનું પ્રામાણિક કામ કરવામાં નાનમ નથી; (૨) તંદુરસ્ત અને સ્વચ્છ રહેવું; (૩) હમેશાં પ્રફુલ્લ ચહેરો રાખવો અને આનંદી સ્વભાવ રાખવો. નાનાં બાળકો વ્રતચારી થાય છે તેમને 'છો-બાસ' (છો=છોટાં-નાનાં અને બાસ=વ્રતચારી) કહેવામાં આવે છે. છો-બાસને ગ્રહણ કરવાનાં જુદાં બાર વ્રત હોય છે.

આ યોજના પોતાનાં મુખ્ય પાંચ વ્રતો અનુયાયીઓ પાસે કેવી રીતે ગ્રહણ કરાવે છે તે જોઇએ. પહેલું વ્રત જ્ઞાન મેળવવાનું છે. મોટે ભાગે શાળાઓ અને કૉલેજોમાં ભણતાં યુવકયુવતીઓ તથા છોકરાંઓ વ્રતચારી યોજનામાં જોડાય છે, એટલે જ્ઞાન તો મેળવતાં જ હોય છે. બીજું વ્રત મહેનતમજૂરીનું છે. ઉનાળાની રજામાં અને દુર્ગાપૂજાની રજામાં વ્રતચારીઓને, ગામડાં સાફ કરવા તથા ત્યાં રચનાત્મક કામ કરવા માટે, ત્યાંનાં તળાવોમાં એક જાતના નુકસાનકારક વેલાઓ થાય છે કાઢવા માટે, ગામડાંમાં રસ્તા બનાવવા માટે અને શહેરો પાસે શાક અને ફળની વાડીઓ બનાવવા માટે લઇ જવામાં આવે છે. ત્રીજું વ્રત સંપનું છે. ભેગા મળીને કામ કરવાથી, રમતો રમવાથી, ભેગાં નૃત્ય કરવાથી અને ભેગાં મળીને ઉજાણીઓ કરવાથી આપોઆપ સંપ આવી જાય છે. ચોથું વ્રત સત્યનું છે. આ વ્રત શીખવવું સૌથી અઘરૂં છે. વ્રતચારીઓના ઉપરીઓ સત્યનું પાલન કરે તો જ સત્યની કિંમત તેમના અનુયાયીઓ શીખી શકે. છેલ્લું વ્રત આનંદનું છે. આ વ્રતનું પાલન સંપૂર્ણરીતે વ્રતચારીઓ કરે છે તે મેં નજરે જોયું છે. વ્રતચારીઓ માટે રમતગમતની પુષ્કળ યોજના હોય છે. તેઓ ખર્ચાળ વિદેશી રમતો રમતા નથી, પણ આપણા જ દેશની જૂની રમતો—જેમાં આનંદ ને કસરત ખૂબ મળે એવી રમતો રમે છે. વળી વ્રતચારીઓને લોકગીતો તેમજ લોકનૃત્યો શીખવવામાં આવે છે. લોકગીતો એવાં સહેલાં હોય છે કે સંગીતનું ખાસ જ્ઞાન ન હોય તો પણ બધા ગાઇ શકે; અને લોકનૃત્યોમાં તો કલા અને કસરતનો સુંદર સુયોગ હોય છે. જેણેજેણે આવાં વ્રતચારીઓનાં લોકનૃત્યો જોયાં છે તેમણે તેની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. રમતગમત અને ગીતનૃત્યથી વ્રતચારીનાં જીવન આનંદમય બને છે એ નિઃસંશય છે. અને આવો આનંદ ક્ષણિક નહિ રહેતાં તેની અસર જીવનના બીજા



['રેખા'ના સૌજન્યથી] **આત્મઘાતક** [ચિત્રકાર: 'ચકોર']

(હિંદની વ્યાજબી માગણીઓને સંતોષી તેનો સહકાર અને શુભનિષ્ઠા મેળવવાની તકોની અવગણના એ બ્રિટનને માટે પોતાના જ પગ પર કુહાડો મારવા જેવું આત્મઘાતક પગલું છે.



ઉપરઃ પ્રદર્શનના મુખ્ય પ્રયોજકોઃ વડોદરાના દીવાન સર વી. ટી. કૃષ્ણમાચારી, શ્રી. જ્યોતીન્દ્ર મહેતા, ક્યૂરેટર શ્રી. હેવકર અને કલાકારો. નીચેઃ શ્રી રવિશંકર રાવળ નામ૦ મહારાજા પ્રતાપસિંહરાવને પ્રદર્શન બતાવે છે.

વિભાગમાં પણ જણાય છે. વ્રતચારીઓ એમ માને છે કે જે માણસનું જીવન આનંદમય અને શિસ્તમય નથી તે માણસનું જીવ્યું વૃથા છે. તાલબદ્ધ સંગીત સાથે કસરત અથવા નૃત્ય કરવાથી જીવન શિસ્તમય અને આનંદમય બને છે એમ વ્રતચારીઓ માને છે, તેથી તેમની પ્રવૃત્તિઓમાં સંગીત અને નૃત્યને ખૂબ મહત્ત્વ અપાય છે.

વ્રતચારી થતી વખતે નીચે પ્રમાણે પ્રતિજ્ઞાઓ લેવાની હોય છેઃ [આ પ્રતિજ્ઞાઓ બંગાળના વ્રતચારી માટે છે; હરેક પ્રાંત પોતાને માટે એ પ્રમાણે પ્રતિજ્ઞા ઘડી શકે] (૧) હું બંગાળને ચાહું છું, ભારતને ચાહું છું અને જગત આખું મને ગમે છે. હું બંગાળની સેવા કરીશ, ભારતની સેવા કરીશ અને આખા જગતની સેવા કરીશ (૨) વ્રતચારીનાં પાંચ વ્રત હું ગ્રહણ કરીશ. 'વ્રતચારી' શબ્દમાં રહેલા ચારે અક્ષરનો અર્થ છે. 'વ્ર' એટલે વ્રત (વ્રત); 'ત' એટલે તરુણતા; યુવાવસ્થાને જીવન્ત બનાવવી. 'ચા' એટલે ચાઈ (ઈચ્છવું); એટલે કે એનો અર્થ એમ થાય છે કે સશક્ત શરીર અને ઉદાર મનની ઈચ્છા રાખવી. 'રી' એટલે રીતિમત એટલેકે નિયમાનુસાર. વ્રતચારીએ પોતાનાં વ્રત નિયમસર પાળવાનાં એટલે તેનું બધું ક્રમ રીતિમત હોવું જોઈએ. વળી વ્રતચારીએ ભૂખ લાગ્યા સિવાય ખાવું નહિ, ખચડી ભાષા (અરધી બંગાળી ને અરધી અંગ્રેજી) બોલવી નહિ, કોઈ જાતનો બગાડ કરવો નહિ. એ એમની 'મના'ઓમાંની કેટલીક છે.

બે વર્ષ ઉપર પોતાની પ્રવૃત્તિઓ અધૂરી મૂકીને શ્રી દત્ત ૫૫ વર્ષની ઉંમરે સ્વર્ગસ્થ થયા. તેમના મરણ પછી પણ વ્રતચારી પ્રવૃત્તિ ટકી રહેશે એમ આશા છે.

(જ્યોતિર્ધર) —સૌદામિની મહેતા

આધુનિક ગુજરાતી ચિત્રકલાના સત્કારનો એક આરંભ

ગઈ તા. ૮મી જાન્યુઆરીએ વડોદરા રાજ્ય તરફથી ગુજરાત કલાસંઘના કલાકારોનાં ચિત્રોનું પ્રદર્શન સ્ટેટ મ્યૂઝિયમ અને ચિત્રાલયના મકાનમાં શ્રીમંત પ્રતાપસિંહરાવ ગાયકવાડે ખુલ્લું મૂક્યું હતું અને તે સમયે તેમણે આ નવીન કલાને રાજ્ય તરફથી આશ્રય તથા ઉત્તેજન મળે એવી શુભેચ્છા દર્શાવી ગુજરાતની ચિત્રકળાના ઇતિહાસમાં એક નવો પ્રસ્તાવ કર્યો હતો. આ પ્રસંગની પાછળ વડોદરાના દીવાન સાહેબ સર વી. ટી. કૃષ્ણમાચારી, વિદ્યાધિકારી શ્રી જ્યોતીન્દ્ર મહેતા અને ચિત્રાલયના ક્યૂરેટર શ્રી હેવકરનો ભારે ઉત્સાહ હતો. તે ઉપરાંત પ્રો. મંજુલાલ મજમુદારે ૧૧મા સૈકાથી લઈ ૧૮મી સદી સુધીની ગુજરાતી ચિત્રકળાની અસલ પ્રતો ગોઠવી આજની ચિત્રકળા સાથે તેનો ક્રમબદ્ધ ઇતિહાસ રજૂ કર્યો હતો તે એ પ્રદર્શનનું વિશેષ આકર્ષણ હતું. પ્રદર્શન ૧૯મી સુધી ખુલ્લું રાખવામાં આવ્યું તે દરમિયાન વડોદરાની પ્રજાએ ટોળાંબંધ હાજરી આપી અતિશય રસ બતાવ્યો હતો. ગુજરાતના કલાકારો માટે એ પ્રસંગ ગૌરવ લેવા જેવો બન્યો છે ને તેમના કેંદ્રરૂપ અમદાવાદ પણ ધન્યવાદપાત્ર બન્યું છે.

પ્રદર્શનને અંગે ક્યૂરેટર તરફથી એક સચિત્ર કૅટલૉગ પ્રસિદ્ધ થયું હતું. તેની પ્રસ્તાવનામાં વિદ્વત્તાપૂર્ણ વિવેચનથી પશ્ચિમ હિંદની ચિત્રકળાની તવારીખ વર્ણવી હતી, જે એ પ્રસંગનું ખાસ સ્મરણ બનશે.

નવીન ચિત્રકળા વિષે તેમાં લખ્યું છે કે સૈકાઓની ચિત્રકળાનો વારસો પામ્યા છતાં આ યુગના આરંભમાં રાજા રવિવર્માએ પશ્ચિમની કળાની અસરથી પ્રેરાઈને જ ચિત્રો પ્રચાર્યાં. તેની છાયામાં આવ્યા સિવાય કોઈ પણ ચિત્રકાર રહ્યો નહોતો. કળાસર્જનના દરેક પ્રયત્નમાં યુરોપના કલામંદિરોની ટુકડા ભીખ ઉપર હિંદનો કલાકાર નિર્વાહ કરવા મથામણ કરતો, પણ રાષ્ટ્ર, સમાજ અને લોકજીવનમાંથી પ્રેરણા લઈ સ્વતંત્રપણે પોતાનાં કલાસર્જન કરતાં તે અચકાતો અને યુરોપી સિદ્ધાંતવાળા ટીકાકારોથી ડરતો. પરંતુ બંગાળમાં શ્રી ઈ. બી. હૅવેલ અને શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરે એ સાંકળો તોડી નાખી રાષ્ટ્રીય સ્વરૂપની કળાનું મંડાણ બાંધ્યું. ત્યાર પછી કળામાં અજન્તા, રાજસ્થાની, મુઘલ અને લોકરૂઢિની કળાનો વિચાર તથા પ્રચાર વધ્યાં ને પશ્ચિમના ટીકાકારોએ પણ પૂર્વની તેમજ પ્રાકૃતિક કળાઓની મીમાંસા કરવાની રૂઢિ બદલી. એથી કળામાં મૌલિક ચિંતન અને દૃષ્ટિ કેટલાં છે તે જ કસોટીનું સાધન બન્યાં.

ગુજરાતમાં શ્રી રવિશંકર રાવળે આજથી પચીસ વર્ષ પહેલાં એ દિશામાં સૌ પહેલો અખતરો આરંભ્યો. તેમનું પોતાનું કલાશિક્ષણ યુરોપીય પદ્ધતિ પર થયું હોવા છતાં એતદ્દેશીય પરંપરા અને લોકજીવન તથા સાહિત્યમાંથી પ્રેરણા લઈ ઘણા આત્મભોગે અને સતત પ્રયત્ને એમણે થોડા જુવાનોમાં એક નવી દૃષ્ટિ ઊભી કરી. કળાના અભ્યાસ માટે મોટી ઇમારતો કે યુરોપી પૂતળાં વગેરે સામગ્રી હોવાં જોઈએ એવો ખ્યાલ તદ્દન દૂર થયો છે. કળા માટે ઉત્સાહભર્યાં, કલ્પનાશીલ, સાધનહીન એ તરુણોએ શ્રી રાવળની પાસે એક જ આશ્રમમાં દીક્ષા લઈ નવીનવી કલાકૃતિઓ ઉપજાવી ગુજરાતની કળાનો ઇતિહાસ આરંભ્યો છે. પોતાના જીવનવ્યવસાયમાંથી બચત સમય અને ધનનો ભોગ આપી, 'કુમાર' નામનું સંસ્કારપૂર્ણ માસિક ચલાવી તેમણે ઓગણીસ વર્ષથી ગુજરાતની જનતામાં કળાના અંકુરો વિકસાવ્યા છે અને હજારોને કળાનો આનંદ માણતાં શીખવ્યું છે. સર્વ શ્રી કનુ દેસાઈ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, છગનલાલ જાદવ અને બીજા અનેક સહકારીઓથી 'ગુજરાત કલાસંઘ' એક શિષ્ટ કલાપીઠ બની શકે એમ છે.

(પ્રજાબંધુ)

આ માસ ઇતિહાસમાં

જાન્યુઆરી

અંગ્રેજી ભાષાના સર્વવ્યાપીત્વને લીધે પૃથ્વીના સમસ્ત પશ્ચિમ ગોળાર્ધ પર-અને આજે લગભગ આખા જગત પર પ્રચલિત બની ગએલી પશ્ચિમી વર્ષગણનાના પહેલા માસ જાન્યુઆરીનું મૂળ લાટિન નામ જાન્યુઆરીઅસ. રોમન પૌરાણિકદેવતા જૅનસના નામ પરથી તે પડેલું છે. આપણા બ્રહ્માની પેઠે સર્વ ઉત્પત્તિના આદિ સૃષ્ટા અને સર્વ જન્મના અધિદેવ તરીકે રોમન પુરાણોમાં તેની ગણના થાય છે. ગણેશની પેઠે દ્વાર પર પણ તેની પ્રતિષ્ઠા થતી ને સર્વ સ્થાનોના રક્ષક દ્વારપાલ દેવ તે ગણાતા. તેને બે મુખ કલ્પવામાં આવ્યાં છે, જેમાંનું એક ભૂતકાળમાં ને બીજું ભવિષ્યમાં દૃષ્ટિ કરે છે. તેના નામ પરથી પડેલો વર્ષની શરૂઆતનો માસ જાન્યુઆરી પણ ગત વર્ષના ભૂતકાળ ને નૂતન વર્ષના ભાવિ પ્રતિ દૃષ્ટિપાત કરતો હોય છે.

ઇ.સ. પૂર્વે ૭૧૩માં ન્યૂમાએ રોમન વર્ષગણનામાં ફેરફાર કરીને શરૂઆતમાં જાન્યુઆરી ને ફેબ્રુઆરી એ બે માસ ઉમેર્યા ત્યારથી તે અસ્તિત્વમાં આવ્યો. તે પહેલાં વર્ષનો આરંભ માર્ચથી થતો. ઇંગ્લંડમાં તો ૧૭૫૨ સુધી વર્ષની શરૂઆત માર્ચની ૨૫મીથી થતી. તે વર્ષથી ખાસ કાયદો કરીને ત્યાં વર્ષની શરૂઆત જાન્યુઆરીથી ઠરાવવામાં આવી.

તા. ૧ આફ્રિકાના નાઇજીરિયાનું 'નાઇજર-પ્રોટેક્ટરેટ' રાજબંધારણ ઘડાયું, ૧૯૦૦.

તા. ૩ સસ્તું સાહિત્ય આમજનતામાં પ્રચારવાનો ગુજરાતમાં પહેલો ને પ્રશસ્ય પ્રયત્ન કરનાર ભિક્ષુ અખંડાનંદનું મૃત્યુ, ૧૯૪૨.

તા. ૬ પ્રભુપ્રેરિત તારણહાર તરીકે ફ્રાન્સમાં સમાદર પામેલી ઑર્લીઅન્સની વીરકુમારી જોન ઑવ આર્કનો જન્મ, ૧૪૧૨.

તા. ૧૩ લાલીની સરદારી નીચે ફ્રેન્ચોએ મદ્રાસમાં જ્યૉર્જટાઉનનો કબજો લઇ શહેરને ઘેરો ઘાલ્યો, ૧૭૫૮. પણ ત્યાર બાદ અંગ્રેજ નૌકાકાફલાએ આવી ઘેરો ઉઠાવ્યો અને ફ્રેન્ચોને હરાવ્યા.

તા. ૧૬ કચ્છના મહારાવ ખેંગારજીનું અવસાન, ૧૯૪૨.

તા. ૧૯ ઈસ્ટ ઇંડિયા કંપનીએ એડન જીતી લીધું, ૧૮૩૯.

તા. ૨૩ કુમારજગતને રોચક નીવડેલી પરાક્રમકથાઓ અને રંગદર્શી નવલોના અંગ્રેજ લેખક ચાર્લ્સ કિંગ્સ્લીનું અવસાન, ૧૮૭૫.

તા. ૨૮ મુંબાઈમાં વ્યોમેશચન્દ્ર બૅનરજીના પ્રમુખપદે કૉંગ્રેસ—હિંદી રાષ્ટ્રીય મહાસભા—ની પહેલી બેઠક ભરાઈ, ૧૮૮૫.



આ મહીનાની વ્યક્તિવિશેષ
પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ

અમેરિકન પ્રજાસત્તાકના ઇતિહાસમાં ઉપરાઉપર ત્રણ વાર તેના એકધારા પ્રમુખ તરીકે ચૂંટાવાનું બહુમાન પામનાર, ફ્રાંક્લિન ડેલાનો રૂઝવેલ્ટ અમેરિકાનો આજનો યુગપુરુષ છે. એવી અનન્ય લોકપ્રિયતા વરનારની કાબેલિયત પણ એટલી જ છે; અને આજે તો એ જગતનો પણ યુગપુરુષ છે. અગાઉ થઈ ગએલા અમેરિકાના એવા જ લોકપ્રિય પ્રમુખ થીઓડોર રૂઝવેલ્ટનો એ છઠ્ઠો પિત્રાઇ થાય.

ઈ. ૧૮૮૨ના જાન્યુઆરીની ૩૦મી તારીખે હાઇડપાર્ક મુકામે તેનો જન્મ થયો. ૧૯૦૪માં હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી ગ્રૅજ્યુએટ (એ.બી.) થઈ કોલંબિયામાંથી ૧૯૦૭માં તે એલએલ.બી. થયો અને એ જ વર્ષમાં ન્યૂયોર્કમાં વકીલાત શરૂ કરી. તેમાં એ ઠીક દોલત કમાયો.

પણ એને તો જુદી જ કમાણી કરવી હતી; એટલે ૧૯૧૦માં એ જાહેરજીવનમાં અને રાજકારણમાં પડ્યો, અને ૧૯૧૦થી ૧૩ સુધી ન્યૂયૉર્કની સેનેટના સભ્ય તરીકે ચુંટાઇ ત્યાં કામ કર્યું. ૧૯૧૩માં એ પદનું રાજીનામું આપી નૌકાખાતાના ઉપમંત્રી તરીકે નીમાયો જ્યાં તેણે ૧૯૨૦ સુધી યશસ્વી કામગીરી બજાવી. ગયા મહાયુદ્ધ વખતે યુરોપના સમુદ્રોમાં લડતા અમેરિકન કાફલાના નિરીક્ષક તરીકેની એની સફળ કારકીર્દિની રાજકીય વર્તુળોમાં સારી કદર થઈ અને યુદ્ધ તથા નૌકાદળને વિખેરી નાખવાનું કામ પતી ગયા પછી તરત ૧૯૨૦માં અમેરિકાના ડેમોક્રેટિક (લોકવાદી) પક્ષના ઉપ-પ્રમુખ તરીકે તેની વરણી કરી લેવામાં આવી.

જીવનની સીડીનાં ઉપરાઉપરી પગથિયાં ચડ્યે જતા ફ્રાંક્લિનની પ્રવૃત્તિઓમાં આ વખતે (૧૯૨૧માં) લકવાની ક્રૂર બીમારીએ અચાનક વિક્ષેપ નાખ્યો. એની સાથ પોતાની હમેશાની ઝિંદાદિલીથી વિજય મેળવી એ ઊભો તો થયો, પણ જિંદગીભરનો તે અપંગ બની ગયો. આજે તેના શરીરનાં નીચેનાં અંગોને બનાવટી ટેકો આપી એ ચાલતાં રાખે છે.

સાજા થઇને એણે ફરી પાછી પોતાની મજલ ચાલુ કરી. ૧૯૨૮માં એ ન્યૂયૉર્કનો ગવર્નર ચૂંટાયો, જે દરમ્યાન તેને જાહેર બળવાઓ સામે અગાઉના કોઇ પણ ગવર્નર કરતાં ઘણું વધારે ઝૂઝવું પડેલું અને તેની ખૂબ આકરી કસોટીઓ પણ તેમાં થઈ. પણ ફ્રાંકલિન એવો યુદ્ધકુશળ છે કે એ બધામાંથી પાર ઊતરી ઉત્તરોત્તર સફળતા મેળવતો જ ગયો અને અંતે તે પ્રત્યેક અમેરીકનને મન ઊંચામાં ઊંચું ને ગૌરવભર્યું ગણાતું પદ પામ્યો. તેના જ શબ્દો છે કે વિજયપદ પર પહોંચવાને પગ કરતાં હૃદયબળ અને મનોબળ જ ખાસ જરૂરનાં છે.

૧૯૩૯ના ઑગસ્ટની ૧૮મીએ એ કૅનેડા ગયો ત્યારે ઑન્ટારિયોની ક્વિન્સ યુનિવર્સિટીએ તેને ડૉક્ટર ઑવ લૉઝની પદવી આપી.

ઊંચો, દેખાવડો, પહોળાં જડબાં ને ભૂરી આંખોવાળો અમેરિકાનો એ પ્રથમ પુરુષ વ્યાયામનો એટલો જ દરિયાઈ જીવનનો શોખીન છે. પક્ષાઘાતની ત્રાસજનક બીમારી સામે ઝૂઝીને ઊભો થયા છતાં હજી ય રોજ એકબે કલાકની એની કસરત તો ખરી જ. ને તેના પગ આબાદ હોત તો એ પક્કો વહાણવટી બન્યો હોત. તોપણ હજી યે એ જ્યારે નવરો પડે ત્યારે પોતાની પ્રિય હોડીમાં દરિયાઇ સફરે ઉપડે છે. એના ખાનગી પુસ્તકસંગ્રહમાં પણ દરિયાઇ સાહિત્ય જ ભરેલું છે.

એક રાજાએ પોતાના કોઈ અમલદાર વિષે જરા ઘસાતો અભિપ્રાય ઉચ્ચાર્યો ત્યારે પેલાના ઉપરી અમલદારે વાંધો લેતાં જણાવ્યું કે 'નામદાર, પણ એ દસ દસ લડાઇઓમાં મારી સાથે હતો.'

'તેમાં શું થયું ?' રાજાએ કહ્યું: આ ખચ્ચર પણ દસ લડાઇમાં જઈ આવ્યું છે. પણ લડાઈ વિષેનું તેનું જ્ઞાન તો હતું એટલું જ છે.'

અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ?
કાળ તણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ?

ફરીદપુરના ન્યાયાધીશે એક નામી લુટારાને સજા કરી, તેથી ઉશ્કેરાઇ લુટારાએ કહ્યું કે જેલમાંથી છૂટી આનું વેર લઇશ. અને એણે છૂટ્યા બાદ, ખરેખર, ન્યાન્યાધીશને બંગલો સળગાવી મૂકયો, જેમાં તમામ સ્થાવર-જંગમ મિલ્કત સાફ થઇ ગઇ અને ન્યાયાધીશ માત્ર પોતાના નાના પુત્ર સાથે પહેર્યે લુગડે બચી શકયા. લુટારો તરત પકડાયો, પણ આ વખતે પશ્ચાત્તાપથી ગળગળા થઇ તેણે પ્રાર્થના કરી કે મને કોઇ નોકરી અપાવો તો આ ધંધો મૂકી દઇશ. 'વારૂ; તો તું કાલથી જ મારે ત્યાં નોકર, ને આ છોકરાને નિશાળે લઈ જવા-લાવવાનું તારૂં કામ.' એ ન્યાયાધીશ તે જગદીશચન્દ્ર બોઝના પિતા ભગવાનચન્દ્ર; છોકરો તે જગદીશચન્દ્ર પોતે.

અનેકાર્થી શબ્દ: **પાયો**=ટેબલ, ખુરશી કે ખાટલાનો પગ; જે મૂળ ચણતર પર ઈમારત ઊભી કરવામાં આવે તે; ધોકનું: સુખડી બનાવવા માટે કરેલો ઘીગોળનો પાક; જે બાજુ પર ત્રિકોણ ઊભો રહે છે તે બાજુ; ચોથો ભાગ; આધાર અથવા મૂળ.

કહેવતોના અર્થ: 'હડફામાંની પાળી'. વધુપડતી અગમચેતી રાખનારા કે કલ્પિત દુ:ખે દુ:ખી થનારા માટે વપરાતી આ કહેવત વિષે એવી વાત છે કે ખાટલા નીચે પૈસાનો હડફો રાખી સૂઈ રહેલા વાણિયાને અચાનક યાદ આવ્યું કે ઘરાકની ભીડ થવાથી પોતે કલમ ઘડતાં પાળી(છરી)હડફામાં ઊભી મૂકી દીધેલી તે એમ ને એમ એમાં રહી ગઈ છે. હવે અકસ્માત ધરતીકંપ થાય, ને ખાટલો તૂટે, ને પોતે હડફા પર પડે, ને તેથી હડફાનું પાટિયું તૂટે તો છરી પોતાના બરડામાં પેસી જાય તો પોતે મરી જાય! એવું જોખમ ખેડવું સારૂં નહિ.એમ વિચારી તરત ઊઠી,હડફો ઉઘાડી છરીને સીધી મૂકીને પછી એ નીરાંતે સૂતો.

ગણિતગમ્મત: કોઈપણ રકમ ધારો.તેને પાંચવડે ગુણો.જે આવે તેમાં તમારી ધારેલી રકમનો એક-અંકી સરવાળો ઉમેરો.હવે જે આવે તેમાંથી ધારેલી રકમ બાદ કરો.અને પછી આવેલી રકમમાંથી તમારી ધારેલી રકમનો એક-અંકી સરવાળો બાદ કરો. પછી જે રકમ આવે તેમાંથી ફરી પાછી ધારેલી સંખ્યા બાદ કરો. જે રકમ આવે તેને બે વડે ભાંગો. અને આવેલી રકમમાંથી તમારી ધારેલી રકમને અર્ધી કરી બાદ કરો. જે રકમ આવશે તે તમારી ધારેલી રકમ!(કા.મ.જો.)





વાયોલેટા નામક આ જર્મન સ્ત્રી, દેખાય છે તેવી અર્ધાંગિની જ છે. તેને હાથ કે પગ કશું નથી. છતાં તે પ્રસન્નચિત્ત રહે છે ને કહે છે કે જે વસ્તુ ઇશ્વરે આપી નથી તેનો શોચશો?

'યુકેલિપ્ટસ ગ્લૅાબ્યુલસ' નામનું એક ઝાડ ઑસ્ટ્રેલિયામાં થાય છે, જેનું લાકડું સૂકું હોય તો યે પાણીમાં ડૂબી જાય છે.

ઈસ્કંદરિયા (ઍલેકઝાન્ડ્રિયા)ની એક શ્રીમંત મુસ્લિમ વિધવાને બિલાડીઓનો એટલો બધો શોખ હતો કેઇ.૧૮૧૩માં મરતી વેળા તેણે પોતાની મિલ્કતમાંથી દર વરસે બાવન બિલાડીઓને મક્કાની હજ કરાવવાનું વસીહતનામું કર્યું. અને એ મુજબ આજ ૧૩૦ વરસથી દર વરસે બાવન બિલાડીઓને મક્કાની હજે લઈ જવામાં આવે છે. (રિપ્લે)

હજામતના બ્રશના વાળ લાંબે ગાળે ઘસાઇને ટૂંકા થઈ જાય, અને બ્રશ હજામત માટે નકામું લાગે, તો પણ તે નાખી ન દેતા. કૅનવાસનાં સફેદ બુટ ઉપર ચૅાક (બ્લૅંકો) લગાવવા માટે સરસ કામ આપશે.





બારણું ઉઘાડ્યા પછી તે આપમેળે બંધ થઇ જાય એવી યોજના માટે આ બાજુએ બતાવ્યાં તેવાં જે મિજાગરાં વપરાય છે, તેની યુક્તિ તેના કાપમાં છે, જે સામાન્ય મિજાગરાં જેમ સીધો ન હોતાં પેચની ઢબે ત્રાંસો છે. એને લીધે બારણું ઉઘડે ત્યારે જમીનથી તે સહેજ અદ્ધર થાય છે, અને તેને છોડી દેતાં પોતાના જ વજનથી બારણું એ ત્રાંસા પેચને લીધે પાછું આપમેળે નીચે ઊતરી પોતાની મૂળ સ્થિતિએ આવી જાય છે. આવાં મિજાગરાંનાં બારણાં આપમેળે બંધ થવા ઉપરાંત તેનો બીજો લાભ એ છે કે તેને લીધે બારણાં ઉઘાડતી વેળા અદ્ધર ઉંચકાઈ જતાં હોવાથી જમીન પરની જાજમ કે સાદડીને ઘસારો લાગતો નથી.

ચીનમાં માનપાનની જગ્યા ડાબી બાજુએ ગણાય છે. આપણી પેઠે માથેથી ટોપી ઉતારવી એ તોછડું લેખાય છે; શોકને માટે સફેદ રંગ માન્ય છે; ઘર ને શેરીમાર્ગ મોટે ભાગે દખણાદા મુખનાં હોય છે,-એટલે સુધી કે ધ્રુવકાંટાની સોય પણ દક્ષિણ-દર્શિની જ હોય છે! પ્રાણદાયી પૂર્વ દિશાની પડોશી દિશા તરીકે દક્ષિણ દિશા ત્યાં પવિત્ર ગણાય છે.

સાઇકલ કે ફૂટબૅાલની ટ્યૂબમાં પડેલું છિદ્ર (puncture–પંકચર) શોધવાની તકલિફમાંથી બચવા માટે પહેલેથી તેમાં થોડો ફ્રેઈસ પાઉડર ભરી રાખવો. તેથી તે છિદ્રમાંથી પવન સાથે પાઉડર નીકળવા માંડશે, અને છિદ્ર તરત દેખાઈ આવશે. અને વળી ભેજવાળી ઋતુમાં એ પાઉડર ટ્યૂબને અંદરથી ચોંટીને સડી જતી પણ અટકાવશે.


હરિજનોના પ્રશ્ન ઉપર ગાંધીજીએ કરેલા ઉપવાસ પછી ઠક્કર બાપા ઉપર તેમણે લખેલા એક પત્રમાંનો આ ભાગ (તેમના હસ્તાક્ષરમાં), તેમના હમણાં જ પૂરા થએલ તાજેતરના ઉપવાસના આ પ્રસંગે સમયોચિત લાગશે.



ટપાલની ટિકિટો પર મયદાની અને મર્દાની રમતગમતો

(શ્રી હરિલાલ ઍંકર–વઢવાણ કૅમ્પ–ના સંગ્રહમાંથી)

પહેલી હાર ડાબી બાજુથી: (૧) અને (૨) ૧૯૨૦માં બેલ્જિયમમાં ભરાએલી ઑલિમ્પિક ગેઈમ્સના સ્મરણની બે ટિકિટો પર અનુક્રમે 'ડિસ્કસ થ્રોઅર' અને 'રનર'–દોડનારો; (૩) અને (૪) ૧૯૨૪ની ફ્રાન્સની ઑલિમ્પિક વખતે કાઢેલી બે ટિકિટો ૩ ઉપર, વિજયકલગી ધારનાર પુરુષના ઉદ્બોધક હાથ નીચે પારીસની વિખ્યાત આર્ક-દ-ટ્રાયંફ (વિજયકમાન) અને ઑલિમ્પિકનું સ્ટૅડિયમ; ૪ ઉપર, હાથમાં જ્યોતિ ધારણ કરતા યુવકની પાછળ પારીસનું જાણીતું નૉત્રદામ દેવળ; (૫) અને (૬) યુનાઇટેડ સ્ટેટ્સ અમેરિકાની ૧૯૩૨ની ઑલિમ્પિયાડ વેળા કાઢેલી ટિકિટો પર અનુક્રમે 'સ્પ્રિન્ટર' (ટૂંકી દોડનો દોડનારો) અને 'ડિસ્કસ થ્રોઅર'; બીજી હાર–(૧-૨) ૧૯૩૮માં દક્ષિણ અમેરિકાના ઈક્વાડોર પ્રાંતની ઑલિમ્પિક રમતો વખતે નીકળેલી ટિકિટો પર અનુક્રમે 'દોડ' અને 'બૉક્સિંગ' (૩-૫) ફિલિપ્પાઇન ટાપુઓની ૧૯૩૪ના ચૅમ્પિયન-શિપ રમતોના સ્મરણની ટિકિટ ઉપર ટેનિસ રમનારો અને બેઇઝ બૉલ રમનારા; (૪) ઇટાલીના અખિલ જગત ફુટબૉલ ચૅમ્પિયનશિપ સંમેલનના સ્મરણની ટિકિટ પર ફુટબૉલ ઝડપવા જતા યુવાનનું આલેખન; (૬) સાલ્વાડોરની ટિકિટ પર અમેરિકન ઇન્ડિયન. ત્રીજી હાર–(૧) યુનાઇટેડ સ્ટેટસે બેઈઝબૉલની રમતના શતવર્ષી નિમિત્તે કાઢેલી ટિકિટ પર એ રમત; (૨) ફ્રાન્સે અખિલ જગત ફુટબૉલ કપ હરીફાઈ વખતે ૧૯૩૮માં કાઢેલી ટિકિટ ઉપર ગોલ બચાવવા મથતા ખેલાડીઓ; (૩) મિકવેલોન–સેન્ટપીઅરીની ટિકિટ પર કુતરાઓની બરફગાડી; (૪) ફ્રાન્સે માં–બ્લાં સ્કિઇંગ સપ્તાહ વખતે કાઢેલી ૧૯૩૭ની ટિકિટ પર કૂદતો સ્કિઇંગ કરનારો.





ફોટોગ્રાફી હરીફાઇ

ડાબી બાજુથી અનુક્રમે (૧) 'માલિકની રાહ જોતાં' – જયંત આર. લાલન (મુંબાઇ), બીજું ઈનામ; (૨) 'ગોવાલણી'-ચંદુભાઇ ભટ્ટ (અમદાવાદ), ત્રીજું ઇનામ: (૩) 'સ્વાશ્રય'– નરેન્દ્ર મ. વ્યાસ (અમદાવાદ), નોંધપાત્ર.



ઉમા-મહેશ (શિલ્પી : શ્રીધર મહાપત્ર) અગ્નિશિખા-રૂપિણી જટા-કલાપની અને આમળા લેતી સર્પની વિવર્તિની લીલાની વચ્ચે પુરુષ-પ્રકૃતિની એલડીશાં ઉમા-મહેશનું સ્નેહ-સ્નિગ્ધ સાયુજ્ય